# જાગૃતિ સંદેશ

શુભ લાભ

કિંમત : રૂ. ૫.૦૦

પરસ્પર પરિચય અને પ્રેમથી પાંગરતો પરિવાર

વર્ષ ૧૩ – સળંગ અંક : ૧૫૫ – નવેમ્બર – ૨૦૧૨

## નૂતન વર્ષાભિનંદન – વિ.સં. ૨૦૬૯

### વર્તમાન તંત્રીનો ૧૦૧મો અંક : મા સરસ્વતીની કૃપા

### જ્ઞાન પંચમીના અવસરે પ્રગટે દીવડા જ્ઞાનના

### લાભ પાંચમના અવસરે મુહૂર્તના વિનિમય : જ્ઞાન પામશું-જ્ઞાન બાંટશુ




કુટુંબની તંદુરસ્તી માટે, એક માત્ર વિશ્વાસ રાઈસીલા ઉપર
A product from an ISO 9001:2008 & HACCP Certified Company
RICELA
Physically Refined Rice Bran Oil
'રાઈસીલા' એક માત્ર એવું ખાદ્ય તેલ છે જેના રીફાઈનીંગમાં કોસ્ટીક અને એસીડ નો ઉપયોગ થતો નથી.
- ફીઝીકલી રીફાઈન કરવાથી પૌષ્ટીક તત્વ વધુ જળવાઈ રહે છે.
'રાઈસીલા'માં રહેલું અનોખું ગુણકારી તત્ત્વ ઓરીઝનોલ (Oryzanol) થી ભરપુર છે જે કોલેસ્ટ્રોલને સમતુલિત કરવામાં મદદ કરે છે.
- ગુણકારી/HDL ને વધારે છે અને નુકસાનકારક/LDL- VLDL ને અત્યંત ઘટાડે છે.
'રાઈસીલા' માં બધા પ્રકારની ફેટ સમતુલિત માત્રામાં હોવાને કારણે આ તેલનો ઉપયોગ લાંબો સમય કરી શકાય છે.
- દેશ વિદેશના આહાર સલાહકાર સંસ્થાઓ દ્વારા પ્રમાણીત થયેલ છે.
Available at Malls & Selected Retail Outlets.
Contains unique nutraceuticals
Oryzanol & Tocotrienols (Vit-E)
having scientifically
proven health benefits
Physically Refined
Rice Bran Oil
Dr. A. R. Sharma, Chairman of the Company receiving First National Award for R & D efforts in developing a unique Physical Refining Process.
with ORYZANOL Guarantee
3 Times NATIONAL AWARD Winner
Trans-fat FREE
with Natural VITAMIN E
RICELA
a balanced oil for the balanced diet
ADVT
ricela Health Foods Ltd.
For details call us at 1800-180-2411 (Toll Free) • www.ricela.com
Mumbai Tel.: 022 2500 8776 Cell.: 9820404943 • E mail : jatin.ricela@gmail.com

**જૈન જાગૃતિ સેન્ટર સેન્ટ્રલ બોર્ડ**

**જાગૃતિ સંદેશ**

૨૦૧, માથારૂ આર્કેડ, સુભાષ રોડ, વિલેપાર્લા (પૂર્વ), મુંબઈ-૫૭. ફોનઃ ૬૬૯૭૩૦૩૮/૬૫૭૨૬૬૩૬
www.jainjagruti.com
E-mail : admin@jainjagruti.com
editor@jainjagruti.com

માનદ્ તંત્રી : **શ્રી રમેશ એમ. સંઘવી**
સહતંત્રી : **શ્રી અશોક એ. શાહ**



**કૅબિનેટ કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| ફાઉન્ડર ચૅરમૅન | : શ્રી ચીમનલાલ એસ. ગોસલિયા |
| વાઈસ ચૅરમૅન | : શ્રી સંજય બી. શાહ |
| | શ્રી દીનેશ એલ. નાણાવટી |
| સેક્રેટરી જનરલ | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| સેક્રેટરી | : શ્રી કિશોર એસ. શેઠ |
| | શ્રી જયંતીલાલ કે. છાડવા |
| | શ્રી ઉદય ડી. સંઘવી |
| | શ્રી દ્વિજેષ પી. શાહ |
| ડેવલપમેંટ સેક્રેટરી | : શ્રી અનિલ જી. દોશી |
| ખજાનચી | : શ્રી રાજેષ સી. ગાંધી |
| | શ્રી રાજેષ આર. ભણશાલી |
| તંત્રી | : શ્રી રમેશ એમ. સંઘવી |

**જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ-કમિટી**

| | |
|---|---|
| ચૅરમૅન | : શ્રી કિશોર એન. શાહ |
| તા.ભૂ.પૂ.ચૅરમૅન | : શ્રી કિરણ એચ. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી ચંદ્રવદન આર. શાહ |
| વાઈસ ચૅરમૅન | : શ્રી રમેશ જે. મોરબિયા |
| સેક્રેટરી | : શ્રી જિતેન્દ્ર એસ. કોઠારી |
| સેક્રેટરી | : શ્રી સંજય બી. શાહ |
| જો. સેક્રેટરી | : શ્રી પ્રફુલ્લ વી. કામદાર |
| ખજાનચી | : શ્રી હસમુખ કે. દેઢિયા |
| સહખજાનચી | : શ્રી અનિલ જી. દોશી |

**: ટ્રસ્ટીઓ :**

| | |
|---|---|
| શ્રી દીપચંદ એસ. ગાર્ડી | શ્રી કમલેશ સી. શાહ |
| શ્રી પ્રવીણ જી. શાહ | શ્રી હર્ષદ જે. ગાંધી |
| શ્રી કિશોર એસ. શેઠ | શ્રી નીતિન એમ. સંઘવી |
| શ્રી જયંતી કે. છાડવા | શ્રી શૈલેશ ડી. શાહ |
| શ્રી રસિક એન. કોઠારી | શ્રી રાજેશ સી. ગાંધી |
| શ્રી રાજેશ આર. ભણસાલી | શ્રી પ્રવીણ એ. શાહ |

શ્રી રમેશ એમ. સંઘવી

- પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચારો લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં.
- કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.


**છૂટક મૂલ્ય રૂા.૫/-** **વાર્ષિક લવાજમ રૂા.૫૦/-**

## Message From The CHAIRMAN.....



**પ્રિય સ્નેહાળ સભ્યો,**

જય જિનેન્દ્ર,

સાલ મુબારક, નૂતન વર્ષાભિનંદન, Happy New Year!

નવા વર્ષ વિ. સં. ૨૦૬૯ માટે શું શુભેચ્છા પાઠવું! ૨૦૬૯નું વર્ષ ખૂબ જ આશા લઈને આવ્યું છે! જેજેસીના ૬૪૦૦૦ સભ્યો, 'જાગૃતિ સંદેશ'ના ૧૫૦૦૦૦ વાચકો દિવાળી ઊજવી રહ્યા છે તેનો આનંદ છે. તમામ સભ્ય મિત્રોને નવું વર્ષ નિરામય, સુખમય, ખુશમય અને તમામ પ્રકારે મંગલમય બને તેવી શુભકામના પાઠવું છું.

ઝડપથી સરકતા જતા સમયની સાથે ચાલવા જેજેસીનાં કદમ પણ તેજ થવા માંડ્યાં છે. 'જાગૃતિ સંદેશ'ના માધ્યમ દ્વારા તમે આ તેજ અનુભવો છો. જીવનને પ્રસન્ન બનાવવા માટેનાં અનેક પરિબળોમાં આંતરિક બદલાવનું મહત્ત્વ મોટું છે. આપણી નજર સામાન્યપણે બીજાઓના માપદંડ પર જ હોય તો આપણી ભીતરનો ભંડાર જોયા વગર અને પછી તેનો ઉપયોગ કર્યા વિના જ પડયો રહે છે. અંદરનું પોતીકું જ્ઞાન ધરબાઈને અંદર જ પડયું રહે છે. આંતરિક શક્તિ બહાર નથી આવતી.

બાકી જો સમજાય તો આંતરિક શક્તિ એ માનવજાતને કુદરતે આપેલું Miracle છે અને આ શક્તિ જમીનમાં સંગ્રહાયેલા પાણી જેવી છે. પાણી મેળવવા જમીન ખોદવી પડે, માટી ઉલેચવી પડે. તે જ રીતે આ જ્ઞાનને પામવા ચિંતનરૂપી તિકમનો ઉપયોગ કરી પૂર્વગ્રહ, અંધશ્રદ્ધારૂપી કચરો-માટી-પથ્થર હટાવવા પડે, પછી જ સંચયિત થયેલા અમૃત જેવા પાણીનો સ્પર્શ થાય! આ પથ્થરો-માટીને ખોદી કાઢયા પછી તેને દૂર ફેંકવા માટે પાવડા-ઘમેલાની જરૂર પડે અને એ કામ કરે છે વાંચન. દિવસમાં જો વેપારધંધાની દોટમાં, કીર્તિ મેળવવાનાં ફાંફાં મારવામાં, મનોરંજન માણવામાં કે ફાજલ બાબતોમાં સતત રચ્યાપચ્યા રહેવામાંથી થોડો સમય જો તંદુરસ્ત વાંચન વાંચવાનો સંકલ્પ કરીએ તો આંતરિક શક્તિ ખીલી ઊઠશે. 'જાગૃતિ સંદેશ' તમામ સભ્યોને આ સામગ્રી પૂરી પાડે છે - વિવિધ વાંચન સામગ્રી પૂરી પાડીને! 'જાગૃતિ સંદેશ'નો આ અંક આપના હાથમાં આવશે ત્યારે તંત્રી તરીકેની કારકિર્દીનો ૧૦૧મો અંક બહાર પડવાનો અનેરો-અકલ્પ્ય આનંદ આપણા શ્રી રમેશ સંઘવીને હશે! ચાલો આપણે તેના સહભાગી બનીએ, પણ આ સાથે મારે એક વાત તો કહેવાની જ છે.

આપણે એક સુંદર મજાનું સુશોભિત ઘર જોઈએ છીએ ત્યારે

તેનો યશ આપણે તેના Interior Decoratorને આપીએ છીએ. આ આપણી Common માનસિકતા છે. ત્યારે આપણે ભૂલી જઈએ છીએ કે આ મકાન જે જગ્યાએ ઊભું છે તે જગ્યા વર્ષો પહેલાં અસમતોલ, પથરાળ, ખેડયા વિનાની હશે. તેને કોઈએ પરિશ્રમ કરીને, બુદ્ધિ વાપરીને, ખોદકામ કરીને, માટી પૂરીને સમતોલ બનાવી હશે. આ બધું જબ્બરજસ્ત સંયુક્ત પુરુષાર્થનું પરિણામ છે. તેનાથી ઈમારત બની હશે. રમેશ સંઘવીનો ભલે આ ૧૦૧મો અંક છે, પણ 'જાગૃતિ સંદેશ'નો આ ૧૫૫મો અંક છે ત્યારે તેના પૂર્વ તંત્રીઓ કે જેમણે અનેક મુશ્કેલી સામે લડીને, વિટંબણા વેઠીને, રેતીમાં નાવ ચલાવીને 'જાગૃતિ સંદેશ'ને ઘડયું છે તેવા શ્રી પ્રદ્યુત શાહ, શ્રી રમણીક દેસાઈ, શ્રી કિરણ શાહ (હાલના I P Chairman - Trust) શ્રી ગુણવંત બરવાળિયા અને શ્રી જયેન્દ્ર શાહનો ઉલ્લેખ ન કરું તો આપણા જેજેસીની સંસ્કૃતિને શોભે નહીં. હું આ તબક્કે દરેક પૂર્વ તંત્રીઓની કદર કરી આદર આપું છું.

આપણી આશરે ૧૦૦૦૦ વર્ષ જૂની સંસ્કૃતિમાં ગાયનું ખૂબ જ અદકેરું સ્થાન છે. કહેવાય છે કે માનવઉત્ક્રાંતિના પૂર્વાર્ધમાં માણસની કામના વધતી ચાલી. જરૂરિયાત વણથંભી રહી ત્યારે તે ભગવાન પાસે એક પછી એક વસ્તુ માગતો જ રહ્યો ત્યારે ભગવાને ગાયનું સર્જન કરી માનવને ભેટ આપી. ગાય એવું સર્જન હતું કે તે માણસની બધી તૃષ્ણા તૃપ્ત કરતી. દૂધ-દહીં-ઘી અને તેમાંથી સંપત્તિનું સર્જન થતું ચાલ્યું ત્યારે માણસે તેનું નામ પાડયું કામધેનુ અને તેને પવિત્ર માનું સ્થાન આપ્યું, ગૌમાતા તરીકે આદર કર્યો. સમાજમાં જેની પાસે ગાય વધારે તે ધનવાન લેખાતો. રાજાઓ બ્રાહ્મણોને ભેટમાં ગાય આપતા. બાપ દીકરીને કરિયાવરમાં ગાય આપે. ગાયની પૂજા થવા લાગી. સંસ્કૃતિ જેમ જેમ વિકસતી ગઈ તેમ તેમ ગાયનું માહાત્મ્ય વધતું ચાલ્યું, જે હજી સુધી અકબંધ છે.

આપણે જૈનો તો જીવદયાને સૌથી વધારે મહત્ત્વ આપતા. એકેન્દ્રીય જીવની હત્યા ન થઈ જાય તેની તકેદારી રાખીએ તો ગાયમાતાની તો શું વાત કરવી! હિન્દુસ્તાનમાં આવેલી યવન સંસ્કૃતિ નિર્લજ્જ થઈ ગાયની હત્યા ક્ષુલ્લક કારણોસર કરવા લાગી ત્યારે ભારતભરમાં તે માટે હાહાકાર થઈ ગયો છે. ગૌહત્યાના નિષેધ માટે ઠેરઠેર માગણી ઊઠી છે ત્યારે આપણી નિર્લજ્જ સરકાર કાન બંધ રાખીને બેઠી છે!

તા. ૫-૧-૨૦૧૨ ને સોમવારે ૧૫,૦૦૦ જેટલા અહિંસાપ્રેમી નાગરિકોએ ગૌવંશ વધ પ્રતિબંધ બિલને કાયદાનું સ્વરૂપ મળે અને દેવનાર કતલખાનામાંથી થતી માંસની નિકાસ પર પ્રતિબંધ મુકાય તેવી માગણી સાથે મુંબઈના ઓપેરા હાઉસથી મહારેલી કાઢેલી. મુખ્ય પ્રધાને આ બાબત ઘટતું કરવાનો પ્રયાસ કરવાની ખાતરી આપી.

વિધાનસભા અને વિધાનપરિષદમાં લગભગ બધા જ ચુસ્ત હિંદુ છે જે ગૌહત્યાના વિરોધીઓ હોવા છતાં, ૧૯૯૫ ગૌવધ પ્રતિબંધ બિલ પાસ થયું છતાં હજી સુધી ૧૭ વર્ષ પછી પણ તેને કાયદાનું સ્વરૂપ અપાયું નથી. સમજાતું નથી કે આ કંઈ પ્રકારની રાજનીતિ છે? હિન્દુસ્તાનમાં હિંદુ સંસ્કૃતિનો આટલો અનાદર કેમ? કયા સ્વાર્થી પરિબળો આમાં કામ કરે છે? ચીફ મિનિસ્ટરની ખાતરી પણ પોકળતા દર્શાવે છે. મહારાષ્ટ્ર સિવાય અન્ય ૧૨ રાજ્યોમાં ગોવંશ વધ પ્રતિબંધનો તો કાયદો કેટલાય સમયથી આવી ગયો છે તો મહારાષ્ટ્રની અહિંસક પ્રજાની ધાર્મિક ભાવનાની આટલી અવહેલના શા માટે? શું લોકોના Ultimate આક્રોશની રાહ જોવાય છે? જૈન જાગૃતિ સેન્ટર જેવી અહિંસક જૈનોની મહાસંસ્થાના ચૅરમૅન તરીકે હું ચીફ મિનિસ્ટરને વિનંતી કરું છું કે તાત્કાલિક ધોરણે આ પ્રશ્નનો નિવેડો લાવી બધા જૈન-હિન્દુઓની શુભેચ્છા પ્રાપ્ત કરે.

તાજેતરમાં રાષ્ટ્રીય લેવલ પર વડા પ્રધાને ફરી વાર ગંજીપો ચીપ્યો. પ્રધાનમંડળમાં એક પણ ગુજરાતીનો સમાવેશ નથી. શું ગુજરાતમાંથી કોઈ Talent વડા પ્રધાનને દેખાયો નહીં? વરસોથી આ ક્રમ ચાલુ જ છે. બધાં જ પ્રદેશ/રાજ્યને પ્રધાનમંડળમાં પ્રતિનિધિત્વ મળે છે. ગુજરાતને કેમ નહીં? આ પહેલાં રેલવેના રાજ્ય પ્રધાન તરીકે દિનેશ ત્રિવેદી મહાશય હતા. તો દીદી તરીકે ઓળખાતાં દાદીએ જીદ પકડીને તેમને ડ્રોપ કર્યા. તહોમત એ હતું કે એમણે રેલવેનાં ભાડાંમાં વધારો ઝીંકી પ્રજાવિરુદ્ધ કાર્ય કર્યું, પણ ત્યાર બાદ એ જ પદ પર આવનાર બાબુમોશાયે તો એથી પણ વધુ ભાવવધારો ઝીંકી પ્રજામાં તોબા પોકારાવી દીધી એનું શું? બાકી નફા-નુકસાનની ત્રિરાશી ગુજરાતીને આવડે તેટલી કોને

આવડે? આવી અવહેલના આપણે ગુજરાતીઓ ક્યાં સુધી સહન કરીશું? આ બધાને કહી દેવાની જરૂર છે કે ગુજરાતીઓ નમાલા નથી. તેમનું ત્રીજું નેત્ર ખૂલે ને ભૃકુટી ખેંચાય તો ભલભલા Empire જમીનદોસ્ત થઈ જાય છે એટલું તો એક સૂકલકડી મહાત્માએ સાબિત કરી દીધું છે. મારે તો એટલું જ કહેવાનું કે અમને બહુ છેડો નહીં. તમે ગમે તેટલું કરો, ધંધા તો અમારી પાસે જ રહેવાના છે અને ભ્રષ્ટાચાર તમારી પાસે! ભ્રષ્ટાચારનાં એક પછી એક ચૅપ્ટર ખૂલતાં જાય છે. સરકારની નીતિ જ એ રહી છે કે ભ્રષ્ટાચારને ખતમ કરો અને ભ્રષ્ટાચારીની માવજત કરો. હે મહાત્મા ગાંધીજી, આ દેશને બચાવી લો.

જેજેસીના ફલક પર આવીએ તો મારે કહેવાનું છે કે ૪થી નવેમ્બરે આપણે જેજેસીના સભ્યોના લાભાર્થે એક નવો અખતરો કર્યો. સામાન્ય રીતે આપણા જૈનોમાં ૯૦% જૈનો બિઝનેસમૅન-ધંધાર્થી છે. જેઓ નાના-મોટા ધંધામાં Involve છે, પણ તેઓ ઘરેડમય રૂઢિગત રીતથી ધંધો કરે છે. આજે બિઝનેસને નવું રૂપ અપાઈ રહ્યું છે. બિઝનેસમાં નવાં નવાં પરિમાણો ઉમેરાતાં જાય છે. જૂની વારસાગત રીતોને અલવિદા અપાઈ રહી છે. નવી દૃષ્ટિ જો નહીં અપનાવીએ તો આપણા ધંધા ધીમેધીમે ઘસાતા જશે. નવી પેઢી ધંધાને બદલે નોકરી પસંદ કરવા લાગી છે ત્યારે આપણા સમાજને એક નવી દૃષ્ટિની જરૂર છે. સેંકડો કંપનીના હજારો ઑફિસરોને નવી સાયન્ટિફિક મેથડથી Training આપનાર સુપ્રખ્યાત મૅનેજમેન્ટ ગુરુ શ્રી જગદીશ જોષીના ચોટદાર-વેધક વ્યાખ્યાનનું આયોજન કરી જેજેસીએ નવી દિશામાં પગરણ માંડયાં છે. મર્યાદાને હિસાબે આ કાર્યક્રમ ફક્ત મુંબઈ પૂરતો મર્યાદિત રાખેલો હતો. વિખ્યાત ષણમુખાનંદ હૉલ ભરચક હતો અને બધા જ સભ્યોએ મંત્રમુગ્ધ બની જગદીશ જોષીને સાંભળ્યા, માણ્યા અને આવા Academic કાર્યક્રમ વધારે વાર રાખવાની માગણી કરી સંતોષ વ્યક્ત કર્યો ત્યારે અમને-સેન્ટ્રલ બોર્ડને ખૂબ જ આનંદ થાય તે સ્વાભાવિક છે. શ્રી જગદીશ જોષીના પ્રવચનનો સાર 'જાગૃતિ સંદેશ'માં કદાચ અન્યત્ર છપાશે.

જેજેસી-અંકલેશ્વર દ્વારા આયોજિત યુવક-યુવતી પરિચય મિલન સમારોહ અત્યંત સફળતાને વર્યો. યુવતી માટે આમાં ભાગ લેવા માટે નિઃશુલ્ક એન્ટ્રી હતી તે આ કાર્યક્રમનું જમા પાસું છે. અદ્‌ભુત વ્યવસ્થા માટે હું અંકલેશ્વર ટીમને અને તેના પ્રમુખ શ્રી વિનોદ ધોકાને ધન્યવાદ આપું છું. આ પરિચય મેળાનો રિપોર્ટ પણ અન્યત્ર છપાયેલ છે આવા યુવામેળાનું આયોજન કરવું તે સમાજનું આપણા પરનું ઋણ ચૂકવવાનો પ્રયત્ન કહેવાય.

દર વર્ષની જેમ ડિસેમ્બર મહિનામાં સમાજનું બીજું એક ઋણ ચૂકવવાનો અવસર મળે છે. દરેક ડિસેમ્બર મહિનામાં સેન્ટ્રલ બોર્ડ જેજેસી માટે સમૂહલગ્નનું આયોજન કરે છે. આ વર્ષે દરેક વર્ષની જેમ ૨૧ યુગલ લગ્નગ્રંથિથી જોડાશે. ૨૧ દીકરીઓને સાસરે વળાવવાનો આ અવસર જેજેસીના આંગણે આવ્યો છે. મુંબઈનાં દરેક સેન્ટર આમાં સહભાગી હોય છે. આ જ પ્રમાણે વડોદરા ખાતે જેજસી-સયાજીનગરી દ્વારા તા. ૨૫-૧૧-૨૦૧૨ના રોજ ૧૦ યુગલો ઉપરાંત તા. ૯-૧૨-૨૦૧૨ના રોજ જેજેસી-સુરેન્દ્રનગર ખાતે આયોજિત સમૂહલગ્નમાં ૯ યુગલ લગ્નગ્રંથિથી જોડાશે.

*લિ. રમેશ મોરબિયા*
*ચૅરમૅનઃ જે.જે.સી. - સેન્ટ્રલ બોર્ડ*

---

## જીવનની સમી સાંજે

ખુશ્બુમાં ખીલેલાં ફૂલ હતાં,
ઊર્મિમાં ડૂબેલા જામ હતા
શું આંસુનો ભૂતકાળ હતો,
શું આંસુનાં પણ નામ હતાં?
થોડાક ખુલાસા કરવા'તા,
થોડીક શિકાયત કરવી'તી
ઓ મોત જરા રોકાઈ જતે,
બે-ચાર મને પણ કામ હતાં
જીવનની સમી સાંજે મારે,
જખ્મોની યાદી જોવી'તી
બહુ ઓછાં પાનાં જોઈ શક્યો,
બહુ અંગત અંગત નામ હતાં
જે પેલા ખૂણે બેઠા છે એ,
સૈફ છે મિત્રો જાણો છો?
એ કેવા ચંચલ જીવ હતા,
ને કેવા રમતા રામ હતા!

# કેફિયત : તંત્રીની..

આમ તો 'જાગૃતિ સંદેશ'નો આ ૧૫૫મો સળંગ અંક છે, પરંતુ મારા તંત્રીપદ હેઠળનો આ સતત ૧૦૧મો અંક આપ સર્વેને સાદર કરતા આનંદ અને ઉત્તેજના અનુભવું છું.

આમ તો હું Engineering Faculty (1968)નો વિદ્યાર્થી છું, પણ વર્ષ ૨૦૦૪ના મે મહિનામાં હાથણીએ કળશ ઢોળ્યો ને અનાયાસે તંત્રી બની ગયો. કબૂલ કરવું જ રહ્યું કે હું સિદ્ધહસ્ત લેખક નથી, પણ તંત્રી બનવા લેખક કે કવિ હોવું જરૂરી નથી. તંત્રીનું કામ તંત્ર સુપેરુ ચલાવવું એમ કદાચ થાય. આપણામાં શતક એક ગર્વપૂર્ણ સ્મૃતિચિહ્ન (Milestone) લેખાય છે, એક અનેરી સિદ્ધિ ગણાય છે. એટલે આ ૧૦૧મો અંક પ્રકાશિત કરતા હું સંતોષની લાગણી અનુભવુ છું. આમ તો હું Engineering Facultyનો વિદ્યાર્થી છું, પણ બચપણથી જ વાંચનમાં રસ હોવાથી સાહિત્ય સાથે નાતો જોડી રાખેલો. મારા વતન લીંબડીમાં અમે અભિમાનપૂર્વક કહી શકીએ કે ગલીએગલીએ, દરેક નુક્કડ ઉપર નાની-મોટી લાઈબ્રેરી અમારા જમાનામાં હતી. તેથી અનાયાસે સાહિત્ય વાંચન તરફ ઢળી પડતા.

વાર્તાઓમાં આવતું કે કોઈ રાજા ઉત્તરાધિકારીની વ્યવસ્થા ન કરી શક્યા હોય તો એક હાથણી સૂંઢ ઉપર કળશ લઈને નીકળતી અને જેના ઉપર કળશ ઢોળે તે રાજા બની જતો. વર્ષ ૨૦૦૪ની કાઉન્સિલ મિટિંગમાં કાંઈક આવું થયું ને 'મેં તો તંત્રી બન ગયા...!'

આમ જોઈએ તો કોઈ પણ ન્યૂઝપેપર કે સામયિકના તંત્રી બનવા સિદ્ધિહસ્ત લેખક કે કવિ હોવું જરૂરી નથી. તે સામયિકનું તંત્ર સુપેરુ ચલાવવાની આવડત જરૂરી છે. મૅગેઝિન વ્યવસ્થિત ચલાવવા માટે આંખ અને કાન ખુલ્લાં રાખી જરૂરી કામની માહિતિ સંપાદિત કરવાની કુશળતા કેળવવી, તે માટે ઉચિત System બનાવવી, આવેલી માહિતીનું પૃથક્કરણ કરી જરૂરી-બિનજરૂરી અલગ કરી સંસ્થાની કમિટી દ્વારા નિર્દેષિત પૉલિસી અને ફિલોસોફીમાં ઢાળવી, યોગ્ય શબ્દોમાં બેસાડવી, સરકારી નિયમોમાંથી પસાર કરી ફૂલપ્રૂફ કરી Forward કરવા ઉપરાંત અન્ય પ્રાસંગિક લેખો પસંદ કરવા, માનદ્ સભ્યોને રસ પડે તેવી શૈલીમાં Mould કરવા, એ લેખો શુષ્ક ઉપદેશાત્મક ન બની જાય તેની તકેદારી રાખવી, થોડા થોડા લખાણ પછી Humour મિક્સ કરવું જેથી રસ જળવાઈ રહે. સાથે સાથે સર્વ પ્રકારના સભ્યો માટે સર્વસાધારણ માહિતી પીરસવી વગેરે વગેરે ચકોરાઈથી કાર્ય કરવાનું તંત્રીને શિરે હોય અને જો તે સમય કાઢી નિષ્ઠાપૂર્વક કાર્ય થાય તો જ તંત્રી તરીકે ફક્ત સફળતા જ નહીં, પણ સભ્યો-વાચકો તરફથી પ્રેમ પ્રાપ્ત થાય.

મેં જ્યારે પદ સ્વીકાર્યું ત્યારે મને એક વિચાર આવ્યો કે વાચકોને રસ પડે તેવી સામગ્રી કોઈ પણ લાઈબ્રેરીમાં જઈ હાથવેંતમાં પ્રાપ્ત થઈ શકે, કામ સહેલું થઈ જાય, પણ આપણી આવડી મોટી સંસ્થા, તેમાં મોટા ભાગના સભ્યો બહુધા સ્કોલર, કોઈ ખ્યાતનામ વકીલ, કોઈ સફળ ડૉક્ટર, કોઈ C.A., કોઈ સારા વિચારક, કોઈ વક્તા, કોઈ લેખક તો કોઈ કવિ-શાયર. આપણી પાસે આવડી મોટી મૂડી હોય તો શું કામ બહાર ફાંફાં મારવા? અને મેં મનમાં એક નિર્ણય લીધો. જાગૃતિ સંદેશ માટે સંસ્થામાંથી જ લેખકો- સર્જકો ડેવલપ કરીશ. વિચારકો હોય પણ લખવાની પ્રૅક્ટિસ ન હોય તો પ્રયત્ન કરીને તેમની પાસે લખાવીશ. ડૉક્ટરો પાસે Medical વિશે, તંદુરસ્તી વિશે, રોગો-ઉપચાર વિશે લખાવીશ, વકીલ પાસે કાયદા વિષયક લખાવીશ C.A. પાસે ટૅક્સેન વિશેની માહિતી મેળવીશ, પણ હવેથી જાગૃતિ સંદેશ સામગ્રી બાબત સ્વનિર્ભર જ કરીશ. પ્રયત્નો કર્યા અને આજે લગભગ ૯૦%-૯૫% વાંચન સામગ્રી આપણા જ પરિવારના સભ્યો પાસેથી આવે છે જે વંચાય છે અને વખણાય છે.

હું તો એક નિવૃત્ત બાગબાન બનીને રહ્યો જે જુદાજુદા બગીચામાં જઈ સારાં સારાં રંગીન અને સુગંધિત ફૂલો ચૂંટી લાવી તેનો આકર્ષક ગજરો બનાવે છે અને આપને ભેટ ધરે છે.

તો મિત્રો, 'જાગૃતિ સંદેશ'ની સફળતા એ મારી એકલાની સફળતા નથી. જેજેસી પરિવારના દરેક સભ્યોના સાથ-સહકાર અને પ્રેમ થકી આ શક્ય બન્યું છે. સામયિકના તંત્રી તરીકે કામ કરવું એ તલવારની ધાર ઉપર ચાલવા જેવું દુષ્કર કાર્ય છે. કોઈ ખુશ થાય તો કોઈ નારાજ, કોઈને ગમે કોઈને ન ગમે, કોઈ સહમત થાય કોઈ ન પણ થાય, બધા વચ્ચે, વિચારભેદ (Noncontrovarcy) વિના પસાર થવું થોડુંક દોહ્યલું છે, પણ મારી સમાધાનકારી રસમથી મને આજે યશ મળી રહ્યો છે તો તે માટે સેન્ટ્રલ બોર્ડના મારા સર્વ સિનિયર પદાધિકારીઓ, પૂર્વ ચૅરમૅન જેમની સાથે મેં કામ કર્યું છે તેવા શ્રી કિરણ શાહ, શ્રી જિતેન્દ્ર કોઠારી અને હાલના ચૅરમૅન શ્રી રમેશ મોરબિયાનો મુખ્ય ફાળો રહ્યો છે. અન્ય સાથીદારો કે જેમણે મને કાયમને માટે પ્રોત્સાહન આપી મારી ક્ષતિઓને નજરઅંદાજ કરી છે તેવા સર્વશ્રી સંજય શાહ, પ્રફુલ્લ કામદાર, કિશોર શેઠ, જયંતી છાડવા, અનિલ દોશી, રાજેશ ગાંધી, રાજેશ ભણશાલી, દૂરથી પ્રોત્સાહન આપતા શ્રી દિનેશ નાણાવટી, દ્વિજેષ શાહ, જરૂર પડે મારો કાન પકડનાર શ્રી કિશોર નંદલાલ શાહ તથા ચંદ્રવદન શાહ તથા પૂર્વ વાઈસ ચૅરમૅન

શ્રી પ્રફુલ્લ શાહનો આભાર માનું છું. સેન્ટ્રલ બોર્ડની ઑફિસના Ready Recknor તરીકે પ્રસિદ્ધ સચીન પવાર તથા અન્ય સ્ટાફનો આભાર માનું છું.

વ્યક્તિને સફળતા પ્રાપ્ત કરવા માટે, ઊર્ધ્વગતિ માટે નિસરણીનો સહારો જોઈએ. આ નિસરણી મને તેમના પ્રતિનિધિ તરીકે સેન્ટ્રલ બોર્ડમાં મોકલનાર જૈન જાગૃતિ સેન્ટર-ગોલ્ડન ગારોડિયાએ પૂરી પાડી. એ માટે સર્વશ્રી બિપીન સંઘવી, પ્રદીપ દોશી, રાહુલ દેસાઈ તથા સંપૂર્ણ ટીમનો હું આભારી છું.

મોંઘાં ડિઝાઈનર કપડાં અને ઘરેણાં ઉપલબ્ધ હોય, પણ જો તે લઘરવઘર રીતે પહેરેલ હોય, ફિટિંગ બરાબર ન હોય તો કાંઈ મતલબ? મારા સંપાદન થયા પછી બધાં લખાણો, આર્ટિકલો જો વાંચનારને અપીલ થાય તે રીતે રજૂ થયાં ન હોય, Layout આકર્ષક બન્યો ન હોય તો તેની Value ઝીરો થઈ જાય. 'જાગૃતિ સંદેશ'ના આવા ટેલેન્ટેડ અને મહત્ત્વપૂર્ણ કાર્ય માટે આ ફેકલ્ટીના અનુભવી એવા સહતંત્રી શ્રી અશોક શાહનો મને સાથ ન હોત તો...? હું શ્રી અશોક શાહનો આભાર માનવાની તક ઝડપી લઉં છું.

જો મૅગેઝિનનું પ્રિન્ટિંગ આકર્ષક ન હોય, વેઠ કાઢીને જેમ તેમ પૂરું કર્યું હોય તો દળીદળીને ઢાંકણીમાં! નીતિનભાઈએ અત્યાર સુધીના બધા જ અંક સમયસર પ્રિન્ટ કરી પોસ્ટ કર્યા છે, ક્યારેય પેનલ્ટી ભરી નથી. શ્રી નીતિનભાઈનો આભાર ન માનું તેવું બને જ નહીં!

કોઈ પણ મૅટર આપું એટલે કલાકમાં ફટાફટ DTP થઈને ટેબલ પર આવી જાય તે માટે જવાબદાર સ્ટાફ નીતા, મેઘના તથા નેહાનો પણ આભાર માનું છું.

મોહક પ્રિન્ટિંગ માટે શ્રી ભીસેની કુનેહ ખૂબ જ મદદરૂપ બની રહી છે. સૌથી સોહામણો આભાર તો 'જાગૃતિ સંદેશ'ના ૧ લાખ જેટલા વાચક સભ્ય મિત્રોનો માનું છું જેઓએ 'જાગૃતિ સંદેશ' વાંચ્યા બાદ અલ્પજીવી સોહામણા જલતરંગ જેવા લખાણના શબ્દો નહીં પણ હૃદયમાંથી ઉદ્ભવતાં વિવેચનો મને મોકલી આપ્યાં છે, જેનાથી ચોતરફી ગુણવત્તા સુધારવાનું મને માર્ગદર્શન મળ્યું છે.

'જાગૃતિ સંદેશ'ના મારા પૂર્વ તંત્રીઓ કે જેમણે કેડી કંડારી છે તેવા સર્વશ્રી પ્રદ્યુત શાહ, રમણીક દેસાઈ, કિરણ શાહ, ગુણવંત બરવાળિયા અને જયેન્દ્ર શાહને કેમ ભૂલી શકું? કેડી ઉપર ચાલતાચાલતા જ હાઈવે મળી જાય છે. ગમે તેવા ચૅલેન્જિંગ કાર્યમાં જો કાર્ય પ્રત્યે રસ અને નિષ્ઠા ભળે, તે માટે પરિશ્રમ કરીએ અને એમાં જો સદ્‌મિત્રોની શુભેચ્છા ભળે તો કાર્ય સહેલું થઈ જાય છે. કોઈએ ઠીક જ કહ્યું છે કે જે કામના વિચાર માત્રથી જ મંગલ ભાવો પ્રગટ થાય તે કાર્ય ચોક્કસ સંતોષદાયી સિદ્ધ થાય...

હું નિખાલસપણે કબૂલ કરું છું કે મારી છેલ્લાં આઠ વર્ષની 'જાગૃતિ સંદેશ'ના તંત્રી તરીકેની કારકિર્દી દરમિયાન જેજેસી પરિવારનાં લગભગ બધાં જ સેન્ટરો સાથે સંપર્કમાં રહી, તેમના કાર્યક્રમો વિશે લેખિતમાં કે ટેલિફોનિક રિપોર્ટ મેળવી, કે કાર્યક્રમોથી બીજા સેન્ટર્સ દાખલા લે પ્રેરણા લે તે રીતે રજૂ કરવા પ્રયત્ન કર્યા છે. મારો ઉદ્દેશ્ય ફક્ત એટલો જ રહ્યો કે પરિવારના બધા જ મણકા એકબીજાથી માહિતગાર રહે અને સંપર્કમાં રહે. સાતત્ય જળવાઈ રહે. જેજેસીના ઉદ્દેશ્ય સિદ્ધ કરવા થતા કાર્યને શક્તિનો સંચાર થતો રહે. ઉપનિષદ એમ કહે છે કે દરેક લાકડામાં કે કોલસામાં અગ્નિ છે, પણ એ અગ્નિ પ્રગટાવ્યા વિના શક્તિ આવતી નથી. 'જાગૃતિ સંદેશ'નું કાર્ય અગ્નિ પ્રગટાવવાનું રહ્યું છે. બસ આગ લગની ચાહીયે (કિરણ શાહ). બધાં જ સેન્ટરો પરિઘથી કેન્દ્ર તરફ જતી રેખા સમાન બની રહે જે કેન્દ્ર પર પહોંચીને બધી મળી જાય અને નહીં કે માઈલો સુધી સમાંતર રેખાઓ સમા.

પરિવારનાં મુંબઈ-વડોદરા-અમદાવાદ જેવાં મહાનગરનાં સેંટરો જેવા ભવ્ય કાર્યક્રમ કરી શકે તેવા ભવ્ય, ભાતીગળ કાર્યક્રમો નાનાં સેન્ટરો ન જ કરી શકે તે સમજાય તેવી વાત છે, પણ અહીં ભૌતિકતા કરતા ભાવની વાત છે. મેં નિષ્પક્ષ રહી બધાના કાર્યક્રમને એકસરખું જ મહત્ત્વ આપી શબ્દોથી શણગારવા કોશિશ કરી છે જેથી કોઈને લઘુતા મહેસૂસ થાય નહીં. મારા માટે બધાં જ સેન્ટરો એકસરખાં જ મહત્ત્વનાં રહ્યાં છે. કોઈ રિપોર્ટમાં વ્યક્તિગત વાહવાહ આવે તો તેનો યશ ટીમ વર્કને જ આપવા કોશિશ કરી છે જેથી ક્યાંય Complex પેદા ન થાય.

મહેનત, ધગશ અને શ્રદ્ધા હોય તો જ ધાર્યું પરિણામ મળી શકે છે. સરળતાથી કાંઈ જ મળતું નથી. મંજિલના રસ્તા ઉપર ફૂલની સાથે કાંટા પણ હોય છે. ગુલાબના ફૂલ ચૂંટતી વખતે કાંટાના ડંખ ખમવાની તૈયારી રાખવી પડે.

બાકી તો કેફિયત આપું તો જીવનનો સાતમો દશકો પાર કરવાની તૈયારીમાં છું ત્યારે મને સોંપેલા કાર્યથી આનંદ અને સંતોષ બન્ને મળે છે. થાક પછી જ સૂવાની સાચી મજા આવે છે, સાચી ઊંઘ આવે છે. બાકી શું કહું? અજ્ઞાનીઓ માટે ઘડપણ પાનખર સમાન છે અને જ્ઞાનીઓ માટે લણણીની મોસમ. જીવન દરમિયાન ઉગાડેલા જ્ઞાન અને માહિતીના વાવેતરને લણવાનો મોકો ઘડપણમાં મળે તો એથી ઉત્તમ શું?

ચાલો મારી સાથે – મંજિલ સુધી ચાલ્યા કરીશું. ધ્યેય અમારું એક છે, કાંટાઓ મળે તો કહીશું તું ફૂલોની સેજ છે.

અસ્તુ...

*રમેશ સંઘવી*

# મનોરંજનની અટારીએથી

| જે.જે.સી. | તારીખ | કાર્યક્રમ | |
|---|---|---|---|
| • અમૃતનગર | : ૧૦-૧૦-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ✉ |
| • એલીસ બ્રિજ | : ૦૯-૧૦-૧૨ | નાટક : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |
| • બોરીવલી | : ૦૩-૧૦-૧૨ | રંગારંગ : 'હુતુતુતુ' | ★ |
| • બીચ સાઈડ | : ૦૯-૧૦-૧૨ | હાસ્ય કાર્યક્રમ : 'હસો નહિ તો મારા સમ' | ★ |
| | ૧૫-૧૦-૧૨ | રાસગરબાની રમઝટ | ✉ |
| | ૧૬-૧૦-૧૨થી | નવરાત્રિ ઉત્સવ | ✉ |
| | ૨૩-૧૦-૧૨ સુધી | | ✉ |
| • ભાંડુપ-વિક્રોલી | : ૨૫-૧૦-૧૨ | રંગારંગ : 'મ્યુઝિકલ ઈવનિંગ ધમાકા' | ★ |
| | ૧૪-૧૦-૧૨ | દાંડિયારાસ : 'ફાલ્ગુની પાઠક' | ✉ |
| | ૧૬-૧૦-૧૨ | રાસગરબા : 'પ્રીતિ-પિન્કી' | ✉ |
| • ચેમ્બુર | : ૦૧-૧૦-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ✉ |
| | ૧૪-૧૦-૧૨ | દાંડિયારાસ : 'ફાલ્ગુની પાઠક' | ✉ |
| • સેન્ટ્રલ મુંબઈ | : ૦૨-૧૦-૧૨ | દાંડિયારાસ-ગરબા | ▲ |
| | ૦૨-૧૧-૧૨ | નાટક : — | ✉ |
| • ચેન્નાઈ | : ૨૭-૧૦-૧૨ | Game Show : 'Bollywood Bingo' | ★ |
| • દાદર | : ૨૩-૧૦-૧૨ | બોસ્કો રાસગરબા | ✉ |
| | ૨૭-૧૦-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ✉ |
| • ગોલ્ડન ગારોડિયા | : ૦૭-૧૦-૧૨ | યાત્રા : 'માનસમંદિર, શાહપુર, ધર્મચક્ર, ગોટી તાકેડ' | ★ |
| | ૧૨-૧૦-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| | ૧૪-૧૦-૧૨ | દાંડિયા રાસ : 'ફાલ્ગુની પાઠક' | ▲ |
| | ૧૬-૧૦-૧૨ | રાસગરબા : 'પ્રીતિ-પિન્કી' | ✉ |
| • જુહુ | : ૩૦-૦૯-૧૨ | મૂવી : 'ઓ માય ગૉડ' | ▲ |
| | ૧૩-૧૦-૧૨ | મૂવી : 'ઇંગ્લિશ વિંગ્લિશ અથવા ઐયા' | ✉ |
| | ૧૫-૧૦-૧૨ | રાસગરબાની રમઝટ | ✉ |
| | ૧૬-૧૦-૧૨ | રાસગરબા : 'ફાલ્ગુની પાઠક – નવરાત્રિ ઉત્સવ' | ✉ |
| • જુહુ બીચ (૨૫) | : ૧૦-૧૦-૧૨ | હાસ્ય કાર્યક્રમ : 'હસો નહિ તો મારા સમ' | ★ |
| • જૂનાગઢ | : ૩૦-૦૯-૧૨ | મૂવી : 'કમાલ, ધમાલ, માલામાલ' | ✉ |

| | | | | |
|---|---|---|---|---|
| • કાંદિવલી | : | ૦૪-૧૦-૧૨ | રંગારંગ : 'સ્પિરિટ ઑફ સૂફી ગીત' | ★ |
| • મલાડ | : | ૩૦-૧૦-૧૨ | નાટક : 'બૈરી મારી બ્લડ પ્રેસર' | ★ |
| • મુંબઈ | : | ૨૬-૧૦-૧૨ | રંગારંગ : '૬૦ પાર્શ્વગાયકોની સ્મૃતિના સથવારે' | ✉ |
| | | ૩૦-૧૦-૧૨ | નાટક : 'મિચ્છા મિ દુક્કડમ્' | ✉ |
| • નવી મુંબઈ | : | ૧૧-૧૦-૧૨ | નાટક : 'મારી શું ભૂલ ?' | ✉ |
| • નોર્થ ઈસ્ટ | : | ૦૩-૧૦-૧૨ | નાટક : 'કિસ્મત કનેક્શન' | ✉ |
| | | ૧૪-૧૦-૧૨ | દાંડિયારાસ : 'ફાલ્ગુની પાઠક' | ✉ |
| | | ૧૬-૧૦-૧૨ | રાસગરબા : 'પ્રીતિ-પિન્કી' | ✉ |
| • રાજાવાડી | : | ૦૨-૧૦-૧૨ | નાટક : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |
| | | ૧૪-૧૦-૧૨ | દાંડિયારાસ : 'ફાલ્ગુની પાઠક' | ✉ |
| | | ૧૬-૧૦-૧૨ | રાસગરબા : 'પ્રીતિ-પિન્કી' | ✉ |
| | | ૨૯-૧૦-૧૨ | રંગારંગ : 'કવ્વાલી અને ગઝલની જુગલબંધી-સૂફી ગીત' | ✉ |
| • સી સાઈડ | : | ૦૬-૧૦-૧૨ | નાટક : 'કિસ્મત કનેક્શન' | ★ |
| | | ૧૫-૧૦-૧૨ | રાસગરબાની રમઝટ | ✉ |
| | | ૧૬-૧૦-૧૨ | નવરાત્રિ ઉત્સવ | ✉ |
| • સાયન-માટુંગા | : | ૧૬-૧૦-૧૨ | નાટક : 'ક કાનજીનો 'ક' | ✉ |
| • શિવાજી પાર્ક | : | ૦૮-૧૦-૧૨ | 'સપ્તરંગી સંગીતસંધ્યા' | ✉ |
| | | ૨૪-૧૦-૧૨ | દશેરા ઉત્સવ – અને મૂવી : 'પાપા તુમ કહા હો' | — |
| | | ૨૭-૧૦-૧૨ | શરદોત્સવ : 'એક શામ મસ્તાની' | ★ |
| • તાડદેવ | : | ૧૩-૧૦-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ✉ |
| | | ૨૦-૧૦-૧૨ | દાંડિયારાસ | ▲ |
| | | ૨૪-૧૦-૧૨ | 'દશેરાનું ગેટ-ટુ-ગેધર' | ▲ |
| • વડોદરા-કલાનગરી | : | ૧૫-૧૦-૧૨ | સમૂહ ગરબા મહોત્સવ | ✉ |
| • વડોદરા-લેડીઝ વિંગ | : | ૩૦-૦૯-૧૨ | 'બિઝનેસ ટુ બિઝનેસ પ્રદર્શનસહ વેચાણ' | ✉ |
| • વાપી | : | ૦૬-૧૦-૧૨ | નાટક : 'અરે વહુ હવે થયું બહુ' | ✉ |
| • વિલે પાર્લે | : | ૦૭-૧૦-૧૨ | નાટક : 'ચલતી કા નામ ગાડી' | ★ |
| | | ૧૧-૧૦-૧૨ | મૂવી : 'ઇંગ્લિશ વિંગ્લિશ' | ✉ |
| | | ૧૮-૧૦-૧૨ | નાટક : 'ગુજ્જુભાઈની ગોલમાલ' | ✉ |

સંજ્ઞા : કાર્યક્રમ – જમણ સાથે ★ જમણ વિના (ડ્રાય) ✉ સ્નેક્સ ▲

## પ્રવાસ-પિકનિક-ધર્મયાત્રા સંપન્ન

| જે.જે.સી. | પ્રવાસસ્થળ | દિનાંક |
|---|---|---|
| ભાભર | ચારૂપ - મેત્રાણા - તારંગાજી<br>વડાલી - ઈડર - પાવાપુરી (૬૦ સભ્યો) | તા ૩૦-૯-૨૦૧૨ |
| તાડદેવ | ભીનમાલ યાત્રા પ્રવાસ | તા. ૩૦-૯-૨૦૧૨ |

## આગામી પ્રવાસ-પર્યટન-પિકનિક-ધર્મયાત્રા

| જે.જે.સી. | પ્રવાસ સ્થળ | રોકાણ | ચાર્જિસ |
|---|---|---|---|
| બોરીવલી | ૧૫-૧૬-૧૭ ફેબ્રુઆરી ૨૦૧૩ | પાલિતાણા | |
| જુહુ બીચ<br>બીચ સાઈડ<br>સી સાઈડ | ૨૩-૧-૨૦૧૩થી<br>૨૮-૧-૨૦૧૩ સુધી | Leonia Holistic Resorts (Hyderabad) | |
| રાજાવાડી | ૧૬-૧૧-૨૦૧૨થી ૨૩-૧૧-૨૦૧૨ | શ્રી સમેત શિખરજી યાત્રા | |
| મલાડ | ૧૯-૧૨-૨૦૧૨થી ૩૦-૧૨-૨૦૧૨ | વૈષ્ણોદેવી તીર્થયાત્રા | |
| લે. વિં. સેં. મુંબઈ | ૦૪-૦૧-૨૦૧૨થી ૦૯-૦૧-૨૦૧૨ | દુબઈ પ્રવાસ | |

## જેજેસીની આજકાલ

### જેજેસી - અંકલેશ્વર

વિશાળ સુશોભિત હૉલ, બાજુમાં ભવ્ય સમિયાણો, ઉપરાંત એક Annex Hall – ત્રણે હાઉસ ફૂલ! સુંદર પરિધાન કરેલા (Well Dressed), આત્મવિશ્વાસથી છલકાતાં ૨૨૫ યુવતી અને ૩૮૫ યુવકો અને જેજેસીના કાર્યમાં વિશ્વાસ ધરાવતા ૮૦૦ જેટલા વડીલો, ૨૫ x ૧૦નું વિશાળ સ્ટેજ અને સ્ટેજ ઉપર બિરાજમાન સમાજના મહાનુભાવો, Modulated Voiceમાં બોલતા Loud Speakers, વ્યવસ્થા જાળવવા આમથી તેમ જતા કાર્યકર્તાઓ, આંખના ઈશારે વ્યવસ્થા માટે સૂચનો આપતા આપણા શ્રી વિનોદ ધોકા! શું છે આ બધું? સંપૂર્ણ રસાયણી નગરી એક્ટિવિટીમય થઈ ગઈ છે.

આ છે જૈન જાગૃતિ સેન્ટરનો મહામૂલો પ્રસંગ. જેજેસી-અંકલેશ્વર દ્વારા આયોજિત ચતુર્થ યુવક-યુવતી પરિચય મેળો. સંતાનોને ભણવા માટે પૈસા જોઈએ છે – OK, વ્યવસ્થા થઈ જશે. તેમને ધંધો કરવા મૂડી જોઈએ છે – કાંઈ વાંધો નહીં, ચપટી વગાડતા થઈ જશે. સંતાનોનાં લગ્ન ધામધૂમથી કરી કોડ પૂરા કરવા છે – કશો વાંધો નહીં, પણ સગપણ કરવું છે, યોગ્ય પાત્ર શોધવું છે. ખલાસ! ભલભલાના ટાંટિયા ઢીલા થઈ જાય ત્યારે તેમની આશાસ્પદ નજર પડે છે એક દિશા પર, જ્યાં જૈન જાગૃતિ સેન્ટર દિપાયમાન છે. આજના જેટયુગમાં યોગ્ય પાત્રની પસંદગીથી પરિણય તરફ આગળ વધવા એક જ પ્લૅટફૉર્મ છે, એક સીડી છે, એક જ આશા છે – જૈન જાગૃતિ સેન્ટર. અત્યાર સુધીમાં કેટલાં યુવક-યુવતીના પરિચય કરાવી દીધા? અમને હવે તો આંકડા પણ યાદ નથી રહેતા.

સેન્ટ્રલ બોર્ડથી પધારેલા ચૅરમૅન શ્રી રમેશ મોરબિયા, શ્રી દિનેશ નાણાવટી, શ્રી પ્રફુલ્લ કામદાર, શ્રી રાજેશ ગાંધી, શ્રી દ્વિજેષ શાહ તથા અન્ય મહાનુભાવોમાં શ્રી પુખરાજજી સૂર્યા તથા સેન્ટરના વડીલ શ્રી અનોખીલાલજી ધોકાએ હાજર રહી આશીર્વચન આપ્યાં. ગુજરાતનાં ગામેગામથી આવેલાં યુવક-યુવતી એ સૂચવે છે કે જૈનધર્મીઓમાં હવે પ્રાદેશિક વાડા તો તૂટી રહ્યા છે જે તંદુરસ્તીની નિશાની છે. આ પ્રસંગનો દિવસ હતો તા. ૧૪-૧૦-૨૦૧૨ ને રવિવાર.

અને હવે જેજેસી-અંકલેશ્વરે નવી દિશા તરફ પગ

માંડ્યા. યુવામેળાના બીજા જ દિવસે એટલે કે સોમવાર, તા. ૧૫-૧૦-૨૦૧૨ના રોજ એક નવીનતમ સમાજઉપયોગી કાર્યક્રમ અન્વયે 'ટીચર ટ્રેનિંગ કાર્યક્રમ'નું આયોજન કર્યું. સ્વામી વિવેકાનંદ સ્કૂલમાં ભાવનગરથી શ્રી છાયાબહેન ખાસ પધાર્યાં હતાં અને ખૂબ જ સારા પ્રદર્શન દ્વારા ટીચર અને પેરેન્ટ્સને માર્ગદર્શન આપ્યું.

સાંપ્રત સમયમાં આ બાબત પુનર્વિચારણા માગી લે છે. શિક્ષકો જ્યારે સેવાભાવી મટી કૉમર્શિયલ થતા જાય છે અને પેરેન્ટ્સ સંતાનોના સારા ભવિષ્યના ઓઠા હેઠળ પોતે ન પામેલા અધૂરા ઓરતા પૂરા કરવા પોતાનાં જ સંતાનો ઉપર Mercyless બની નવા પ્રકારના જુલમ આદરી બાળકોને તેમની જિંદગીભર યાદ રહે તેવા બચપનનો ભોગ લેવા અજાણતા જ હાથા બની રહ્યા છે ત્યારે શિક્ષણની સંપૂર્ણ પ્રથા પર વિચારવાનો સમય આવી ગયો છે. રાજકારણીઓએ જ્યારથી એજ્યુકેશનને ઈન્ડસ્ટ્રીનું સ્વરૂપ આપ્યું છે ત્યારથી સમાજના ભવિષ્યની ઘોર ખોદાઈ રહી છે. શ્રી વિનોદ ધોકા જેવા વિચારવંત આગેવાનોએ આ બાબત ખૂબ જ ખેદ વ્યક્ત કર્યો. સ્કૂલનાં પ્રિન્સિપાલ મૅડમ મીનાશ્રીએ પણ આવા સમાજલક્ષી કાર્યક્રમથી પ્રભાવિત થઈ ઉચિત આભાર માન્યો. જય હો...

*(સમાચાર પર આધારિત આર્મેશકુમાર જૈન)*

★★★

ડૉ. શ્રીનિવાસ રામાનુજની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે 'National Mathematics Year' ઘોષિત થયેલ છે. સ્થાનિક લેવલે વિવેકાનંદ સ્કૂલમાં Exploring Maths Competetionનું આયોજન તા. ૨૭-૯-૨૦૧૨ના રોજ કરવામાં આવેલ.

(1) Maths Quiz (2) Maths Art (3) Title Design (4) Origami (5) Korigami (6) Mazza (7) Loop the Loop (8) Su Doku (9) Power Point Presentation (10) Maths Wizard (11) Maths Chart (12) Maths Working Methods.

હાલમાં પ્રવર્તતા Maths Maniaમાં પુષ્કળ બાળકો રસ લઈ રહ્યાં છે (ઉપર જણાવેલ વિવિધ Competetionનાં નામ એટલાં માટે આપ્યાં છે કે Current પ્રવાહથી બાળકો વાકેફ થાય).

આવા Academic કાર્યક્રમમાં સૌજન્ય પૂર્તિ કરી અંકલેશ્વર સેન્ટરે સામાજિક, ધાર્મિક, મનોરંજન કાર્યક્રમો ઉપરાંત આવા કાર્યક્રમોને પ્રોત્સાહન આપી જેજેસી-અંકલેશ્વર જેજેસીને ગૌરવિત કરે છે. ધન્યવાદ...

## જેજેસી - ભાવનગર

સેન્ટરના જન્મદિન (ચાર્ટર દિન) નિમિત્તે સેન્ટર તરફથી રક્તદાન શિબિરનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું.




*રક્તદાન કરી રહેલા સેન્ટરના ઉપપ્રમુખ શ્રી ચંદ્રેશ શાહ સાથે શૈલેશ શેઠ, અજય શેઠ, ચેતન શાહ, આશિષ શાહ*

## જેજેસી - જામનગર

સેન્ટર તરફથી રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ સારા માર્ક્સે ઉત્તીર્ણ થનાર તેજસ્વી તારલાઓનું સરસ્વતી સન્માન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત દરેક સભ્યોએ તેજસ્વી તારલાઓને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતા.

## જેજેસી - મહેસાણા

મુંબઈ-અમદાવાદ-વડોદરા જેવા મહાનગરમાં ઓડિટોરિયમની સવલતને લઈને જેજેસી પરિવારના સભ્યોને વખતોવખત સાથે મળી આનંદ કરવાની અને તે રીતે Fellowship દઢ કરવાની તક મળે છે, પણ નાનાં સેન્ટરોમાં આવી સગવડની ઊણપ હોય છે, પણ આપ વાંચતા હશો કે નાનાં/મિડિયમ સેન્ટરો આવા કાર્યક્રમની અવેજીમાં વારેવારે Get-to-getharનો કાર્યક્રમ રાખી અવનવી રમતો રમી સાથે ભોજન લઈ અપૂર્વ આનંદ માણે છે.

જેજેસી-મહેસાણા, જૂનાગઢ, ભાવનગર, સુરેન્દ્રનગર, ભૂજ, ગાંધીધામ, અંજાર જેવા કેટલાય સેન્ટરના સમાચારોથી ફલિત થાય છે કે અમારી પાસે જે કાંઈ છે તેનાથી અમને સંતોષ છે અને પારિવારિક ભરપૂર આનંદ લઈએ છીએ.

તા. ૭-૧૦-૨૦૧૨ના રોજ સેન્ટર આયોજિત ગેટ-ટુ-

ગેધર કાર્યક્રમ જેમાં સભ્ય શ્રીમતી સરોજ શાહે સભ્યો અને બાળકોને અવનવી ઇન્ટેલિજન્ટ રમતો રમાડી ખુશ કર્યા. પૂર્વપ્રમુખ શ્રી કમલેશ શાહે પર્યુષણ દરમિયાન મહામૃત્યુંજય માસખમણની આરાધના કરેલ જે સેન્ટર માટે ઉત્સાહપ્રેરક છે.

## જેજેસી - પાટણ

રવિવાર, તા. ૨-૯-૨૦૧૨ના રોજ ધાર્મિક સૂત્ર ઉપર ૮ વર્ષથી ૧૮ વર્ષનાં બાળક-બાળકી ૧૫૦થી વધારે બાળકોએ ભાગ લીધેલ, જેમાં હિંદુ બાળકોએ પણ ભાગ લીધેલ. તે સમયે સાધારણ વર્ગનાં બાળકોને સ્કૂલ યુનિફૉર્મનું વિતરણ કરેલ. તપસ્વીનું બહુમાન અને ધાર્મિક હાઉઝીનો પ્રોગ્રામ તા. ૨૩-૯-૨૦૧૨ના રોજ ઊજવેલ.

ઉપરાંત પર્યુષણ દરમિયાન આકરી તપસ્યા કરનાર સભ્ય મિત્રોનું બહુમાન કરવામાં આવેલ.

## જેજેસી - હિંમતનગર



રવિવાર, તા. ૨૬-૮-૨૦૧૨ના રોજ સેન્ટર દ્વારા શહેરના સમસ્ત જૈન સમાજનાં તેજસ્વી બાળકોનું સરસ્વતી સન્માન કરી ધોરણ ૧થી ૧૦ના પ્રથમ આવેલા વિદ્યાર્થીઓને એવૉર્ડથી નવાજવામાં આવ્યાં. આ પ્રસંગે સેન્ટરની બહેનોએ એક સુંદર ધાર્મિક નાટક 'ખીચડી' કરેલ. સૌએ સાથે જમીને ગૅટ-ટુ-ગૅધરનો આનંદ માણ્યો.

ઉપરાંત દરેક તપસ્વીઓનું બહુમાન પણ કરવામાં આવ્યું.

## જેજેસી - જામનગર (મેઇન)

એક ગૅટ-ટુ-ગેધર જેવા કાર્યક્રમમાં તપસ્વીનું બહુમાન, તેજસ્વી વિદ્યાર્થીઓનું સરસ્વતી સન્માન, અવનવી ગૅમ રમી ભોજન માણ્યું અને આનંદિત થઈ સૌ છૂટા પડ્યા.

## જેજેસી - માંડવી

બુધવાર, તા. ૮-૮-૨૦૧૨ના રોજ એક કાર્યક્રમ દરમિયાન તેજસ્વી તારલાઓનું બહુમાન કરવામાં આવ્યું. ઉપરાંત ઊભરતા બાળકલાકાર મનસ્વીનું સન્માન કરવામાં આવ્યું.

## રમતગમત ક્ષેત્રે જેજેસી

જેજેસી-ભુજના શ્રી હેન્સ નરેન્દ્ર શાહ કચ્છ યુનિવર્સિટીમાં ટેબલ ટેનિસ ક્ષેત્રે પ્રથમ આવી ચૅમ્પિયનશિપ હાંસલ કરેલ છે અને હવે તે નૅશનલ લેવલે ઈન્ટર યુનિવર્સિટી ટુર્નામેન્ટ તરફ પ્રયાણ કરે છે. Best of Luck હેન્સ!

## જેજેસી - કોલકાતા

જૈન જાગૃતિ સેન્ટરની એક આગવી દુનિયા! આ દુનિયાના દૂર પૂર્વમાં જેજેસી પરિવારનું ૧૦૦મું સેન્ટર એટલે જેજસી-કોલકાતા એ દાવો કરી શકે કે દરેક દિવસે જેજેસી પરિવારમાં સૌથી પહેલા સૂર્યોદય જેજેસી-કોલકાતામાં થાય છે! દૂર પૂર્વમાં સોનાર બંગલામાં જેજેસીનો દીપ પ્રજ્વલિત રાખ્યો છે. ૧૨-૧૧-૨૦૧૨ના રોજ ૧૦ વર્ષ પૂરાં કરી નવા દશકામાં પ્રવેશે છે ત્યારે એ સેન્ટરની કાર્યસિદ્ધિ આપણે વાગોળીએ.

પરિવારનાં ઘણાં સેન્ટર કાયમી પ્રોજેક્ટ કરી રહ્યાં છે. કોઈ ફિઝિયોથેરેપી સેન્ટર તો કોઈ કાયમી દવાખાના, કોઈ ખીચડીઘર તો કોઈ વેવિશાળ સંબંધી પરિચયમેળા વગેરે વગેરે. આ સેન્ટર વિશિષ્ટ કહી શકાય તે રીતે 'શ્રવણ' બની 'વડીલવંદના'નો કાર્યક્રમ દર વર્ષે કરે છે જે અન્વયે કારોબારી કમિટી અશક્ત સિનિયર સિટિઝન્સને અલગ અલગ સ્થળે તીર્થયાત્રા કરાવે છે. આ વિશે બહુ જ વિસ્તૃતમાં લેખ 'જાગૃતિ સંદેશ'માં આવી ગયો છે. ગરવી ગુજરાતની સંસ્કૃતિનો બંગાળ સુધી પ્રસાર-પ્રચાર કરીને કોલાકાતાની આગવી સંસ્કૃતિ સાથે Breeding કરી એક નવી જ તવારીખ રચી છે. રશિયા-ચીનથી ઇમ્પોર્ટ કરેલી 'સામ્યવાદ' શૈલી વચ્ચે પણ 'વાણિયાબુદ્ધિ' અને સખત પરિશ્રમ કરી 'મૂડીવાદ'ના ટાપુ બનાવનાર જૈન શ્રાવકોને એકતાંતણે બાંધી સદાકાળ ગુજરાતની સ્થાપના કરેલ છે. પર્યુષણ, નવરાત્રિ, ગરબા, દાંડિયા, મહાવીરજયંતી, તપસ્યા વગેરે જીવંત રાખેલ છે.

કાયમ મુખારવિંદ પર સ્મિત ફરકાવી 'કોલકાતા

પધારજો'નું ઇંજન આપનાર આપણા પારિવારિક સભ્ય જ્યારે ૧૦ વર્ષ પૂરાં કરી ૧૧મા વર્ષમાં પ્રવેશે ત્યારે ચાલો આપણા ૬૪,૦૦૦ સભ્યો તેમને શુભેચ્છા પાઠવીએ.

દશાબ્દી વર્ષમાં જેજેસી-કોલકાતાએ આયોજેલ વડીલવંદનાનો ઉલ્લેખ ભૂલથી રહી ગયો હતો. ચાલો, મોકો મળ્યો છે તો મમળાવી લઈએ.

તા. ૨૨-૧૨-૨૦૧૧થી ૩૧-૧૨-૨૦૧૨ દરમિયાન વયોવૃદ્ધ વડીલોને લઈને આયોજેલ યાત્રાપ્રવાસમાં શ્રી નાગેશ્વર, ઇન્દોર, માંડવગઢ, ઉજ્જૈન, રતલામ, કુંદનપુર, ભોપલ વગેરે આવરી લેવામાં આવ્યાં હતાં.

## જેજેસી – મોરબી

રવિવાર, તા. ૨૯-૯-૨૦૧૨ના કાર્યક્રમમાં સેન્ટર તરફથી સરસ્વતી સન્માન તથા તપસ્વીના બહુમાનનો શાનદાર કાર્યક્રમ રાખવામાં આવ્યો. સ્કૂલ તથા કૉલેજના સારા માર્ક્સે ઉત્તીર્ણ થયેલાં બાળકોનું સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. કરણ મિતેશ દોશીએ ધોરણ ૧૨મામાં સાયન્સ ફેકલ્ટીમાં પ્રથમ આવી મોરબીમાં જેજેસીનું નામ ઉજ્જવળ કર્યું. તેવી જ રીતે મોટી સંખ્યામાં જેજેસીના સભ્યોએ તપસ્યા કરેલ. તેમાંથી શ્રી અતુલ મહેતાએ અઠ્ઠાઈની રજતજયંતી કરી બહુમાન મેળવ્યું તેમ જ બાળકોની રંગપૂરણી સ્પર્ધાનું પણ આયોજન કર્યું.

## જેજેસી – એલીસ બ્રિજ

સેન્ટર દ્વારા તપસ્વીના બહુમાનનો કાર્યક્રમ રવિવાર, તા. ૩૦-૯-૨૦૧૨ના રોજ ભોજન સાથે રાખવામાં આવ્યો જેમાં Big Screen પર સેન્ટ્રલ બોર્ડની એજ્યુકેશન સંબંધિત C. D. દર્શાવેલ. ઉપરાંત શ્રી રમેશ મોરબિયા, શ્રી દીનેશ નાણાવટી તથા શ્રી પ્રફુલ્લ કામદારે વક્તવ્ય આપેલ. શ્રી ચેતન દલાલ અને શ્રી વિજય મહેતાના પ્રયત્નોથી ત્યારે જ સેન્ટર તરફથી રૂપિયા પાંચ લાખ એજ્યુકેશન ફંડમાં એકત્ર થઈ ગયા.

## જેજેસી – ઉપલેટા

શ્રી નીરવ શાહના પ્રમુખપદે આ સેન્ટર હાલમાં ઘણા કાર્યક્રમો અને સામાજિક-પ્રોજેક્ટ કરી રહ્યું છે.

હાલમાં તા. ૨૩-૯-૨૦૧૨ના રોજ ઉપલેટા શહેર અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારની જનતાના લાભાર્થે સેન્ટર દ્વારા એક નિ:શુલ્ક મેડિકલ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કૅમ્પમાં માત્ર ખભાના રોગોનું નિદાન કરી સારવાર કરવામાં આવી. Shoulder Joint Specialist ડૉ. ધવલ સગાલા (અમદાવાદ) તથા સ્થાનિક ફિઝિયોથેરાપિસ્ટ ડૉ. પ્રતીક રાછડિયા, ડૉ. આકાશ ચોખલિયા, ડૉ. હાર્દિક તથા ઉપપ્રમુખ ડૉ. ધવલ મહેતાએ માનદ્ સેવા આપી. જરૂરી ઑપરેશન તથા ઓર્થોસ્કોપી રાહત દરે કરી આપવામાં આવ્યા. કુલ ૧૨૦ દર્દીઓએ લાભ લીધો.

ચાલો, આપણે ખભાના સાંધામાં થતા રોગો અને તકલીફો તથા ઉપચારો વિશે થોડું જાણીએ.

૧) Frozen Shoulder (સાંધો ચોંટી જવો)
૨) Rolator Cuff Tear (ખભાના સ્નાયુ ફાટી જવા)
૩) Instability (ખભો વારંવાર ખસી જવો)
૪) Subacromial Impingment Syndrome (ખભાના સ્નાયુ માટેની જગ્યા સાંકડી થતાં સ્નાયુને થતી ઈજા.
૫) Calcific Tendinities ખભાના સાંધામાં કૅલ્શિયમની ઊણપથી સાંધાનો ઘસારો.
૬) Slap : ખેલાડીઓના ખભાના સાંધામાં થતી મિજાગરાની ઈજા (સચીન તેંડુલકરની જગજાહેર તકલીફ)
૭) Aoromio - Claviculat Joint Arthritess

ઉપરની તકલીફોની સારવાર દૂરબીન (Arthoscopic Shoulder Surgery) વડે શક્ય છે. Arthoscopyના ફાયદા :

૧) નાના કાપામાંથી ઑપરેશન કરવાથી રૂઝ ઝડપથી આવે છે.
૨) ચેપની શકયતા નહિવત્ છે.
૩) દર્દીને એક કે બે દિવસમાં હૉસ્પિટલમાંથી રજા મળી શકે છે.
૪) લોહી ઓછું વહેવાથી લોહી ચડાવવાની જરૂર પડતી નથી.
૫) ઘણી વખત સાંધાના ભાગમાં સૂક્ષ્મ નુકસાન પણ જોઈ શકાય છે.
૬) ઑપરેશન પછી પ્લાસ્ટરની જરૂર પડતી નથી.

આથી શરૂઆતની સ્થિતિમાં (Primary Stage) ઓર્થોસ્કોપી કરવાથી સાંધાને વધુ નુકસાન થતું અટકાવી શકાય છે.

બાકી જેને ખભાનો દુખાવો થતો હોય તેને 'કેમ છો?' એમ પણ પૂછી તો જુઓ! ભગવાન આવી શિક્ષા કોઈને ન આપે!

## શુભ આગમન

આમ તો જેજેસી-લેડીઝ વિંગ-અમદાવાદ છેલ્લા થોડા સમયથી કાર્યરત થઈ ગયું છે. જેના કાર્યક્રમના રિપોર્ટ 'જાગૃતિ સંદેશ'માં પણ આવી ગયા છે, પણ અમુક કારણોસર ચાર્ટર એનાયત કરવાની ઘડી આવતી ન હતી. છેવટે એ ઘડી આવી પહોંચી. તા. ૩૦-૮-૨૦૧૨ ને રવિવારના રોજ બપોરે ૩.૦૦ કલાકે જૈન જાગૃતિ સેન્ટર-લેડીઝ વિંગ અમદાવાદ આપણા પરિવારમાં ૧૪૮મા સેન્ટર તરીકે સમાઈ ગયું. વરાયેલાં પ્રમુખ શ્રીમતી નયના મહેતાને ચાર્ટર ચૅરમૅન શ્રી રમેશ મોરબિયાએ ચાર્ટર એનાયત કર્યું. વાઈસ ચૅરમૅન શ્રી દીનેશ નાણાવટીએ ચાર્ટર વાંચન કર્યું. સેક્રેટરી જનરલ શ્રી પ્રફુલ્લ કામદારે શપથવિધિ કરાવી.

આ પ્રસંગે ગુજરાતનાં ACP શ્રીમતી ઉષા રાડાએ ખાસ ઉપસ્થિત રહી Self Defence and Security of Women એ વિષય પર બહુ જ ઉપયોગી, સચોટ વ્યાખ્યાન આપ્યું, જે સાંભળી બહેનો ખુશ થઈ ગયાં.

આ પ્રસંગે દરેક સભ્ય બહેનોને તેમના પતિદેવ સાથે હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવેલ.

શ્રીમતી નયના મહેતાએ આ સેન્ટરના સ્પોન્સર જેજેસી-એલીસ બ્રિજનો આભાર માન્યો.

અન્ય કમિટી સભ્યો :

૧) શ્રીમતી રીટા કૌશિક શાહ – વાઈસ પ્રેસિડન્ટ
૨) શ્રીમતી દીના ચેતન દલાલ – સેક્રેટરી
૩) શ્રીમતી રૂપા હિરેન વકીલ – સેક્રેટરી
૪) શ્રીમતી દીના દિનેશ શાહ – જો. સેક્રેટરી

... અને સાબરમતીના તટે જેજેસી પરિવારનું સુંદર પુષ્પ ખીલી ઊઠ્યું. જય હો...

---


# ૧૮મો સમૂહલગ્નોત્સવ

**જૈન જાગૃતિ સૅન્ટર-સૅન્ટ્રલ બૉર્ડ તથા**

**જૈન જાગૃતિ સૅન્ટર-સૅન્ટ્રલ બૉર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત**

**જૈન સમાજના દરેક ફિરકાઓને આવરી લેતો**

## ૧૮મો સમૂહલગ્નોત્સવ

**દિનાંક : રવિવાર, તા. ૧૬-૧૨-૨૦૧૨**

**સ્થળ :** જે.વી.પી.ડી. ગ્રાઉન્ડ, પી.વી.આર અને ચંદન ટોકીઝની પાસે, જુહુ

**આધારસ્તંભ** : **જૈન જાગૃતિ સેન્ટર-નોર્થ ઈસ્ટ**
**શ્રી કીર્તિકુમાર વનેચંદ દોશી તથા શ્રી વિનુભાઈ વનેચંદ દોશી (હાલ સિંગાપોર)**

**પ્રેરક દાતા** : શ્રીમતી અમૃતબહેન મોનજીભાઈ શાહ (કોટડી-મહાદેવપુરીનિવાસી હાલ જુહુ)

**ભોજનના દાતા** : અ.સૌ. જ્યોતિબહેન ભૂપેન્દ્રભાઈ મહેતા (વલ્લભીપુરનિવાસી હાલ જુહુ)

**સજાવટના દાતા** : શ્રીમતી વર્ષાબહેન અનિલભાઈ શેઠ (લિંબડીનિવાસી હાલ જુહુ)

**જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ તથા ચૅરિટેબલ ટ્રસ્ટ દ્વારા પ્રેરિત**

**જેજેસી-સુરેન્દ્રનગર દ્વારા આયોજિત**

## ૧૯મો સમૂહલગ્નોત્સવ

**દિનાંક : રવિવાર, તા. ૯-૧૨-૨૦૧૨**

**'જાગૃતિ સંદેશ'ના માનનીય તંત્રી શ્રી રમેશભાઈ સંઘવીના તંત્રીપદ હેઠળ આ ૧૦૧મો અંક પ્રસિદ્ધ થઈ રહ્યો છે ત્યારે આ પ્રસંગે શ્રી રમેશભાઈને આવકારતા વિવિધ સેન્ટરો અને હોદ્દેદારો તરફથી આવેલ શુભેચ્છા સંદેશાઓ આપની સમક્ષ પ્રસ્તુત છે...**

**■ અશોક એ. શાહ-સહતંત્રી**

'જાગૃતિ સંદેશ' એટલે જૈન જાગૃતિ સેન્ટરનું મુખપત્ર આજે તેના ૬૫,૦૦૦ સભ્યો સુધી પહોંચી જવા સફળ થયું છે. તેમાં આવતી જ્ઞાનવર્ધક માહિતીને લઈને તે સભ્યપ્રિય થયું છે. એમ કહી શકીએ કે તેનો Appealing Impact મહત્ત્વપૂર્ણ છે.

કોઈ પણ ન્યૂઝપેપર કે મૅગેઝિન સાતત્યપૂર્ણ રીતે પ્રકાશિત કરવા માટે તેમાં આવતી Matter ઉપરાંત કરોડરજ્જુ સમાન જાહેરખબરનું પણ મહત્ત્વ વિશેષ છે.

આપણા જાગૃતિ સંદેશને Profit Pulling Instrument બનાવવું નથી પણ કમ સે કમ સ્વનિર્ભર (Self Dependant) તો બનાવવું જ જોઈએ, તો જ તેનું સાતત્ય જળવાઈ રહે.

'જાગૃતિ સંદેશ' તેની ૧૬,૫૦૦ નકલ દ્વારા જેજેસીના ૬૫,૦૦૦ સભ્યો સુધી દર મહિને પહોંચે છે અને તે ૧,૨૫,૦૦૦ જેટલો બહોળો વાચક વર્ગ ધરાવે છે. જે બધા જબ્બર Purchasing Power ધરાવતાં જૈન કુટુંબો છે.

રમેશ સંઘવીએ જ્યારે જાગૃતિ સંદેશનું સુકાન સંભાળ્યું ત્યારે સ્વનિર્ભરતા બાબત તકલીફ હતી, કારણ આપણે આપણા પરિવારના કુટુંબ દીઠ વાર્ષિક લવાજમના ફક્ત રૂા. ૪૦/- લેતા જે આજે રૂા. ૫૦/- છે જે અપૂરતા કહેવાય. તંત્રીએ પોતાની સૂઝબૂઝથી છેલ્લાં આઠ વર્ષમાં સારી મહેનત કરી સેન્ટ્રલ બોર્ડના પદાધિકારીઓ અને અન્ય સેન્ટરોના સાથ-સહકારથી જાહેરખબરો લઈ આવી જાગૃતિ સંદેશને સર્વાંગ સુંદર બનાવ્યું છે અને આજે જાહેરખબર દેવા પાર્ટીઓ સામેથી સંપર્ક કરી રહી છે. હું તંત્રી શ્રી રમેશ સંઘવીને આ બાબત ધન્યવાદ આપુ છું.

*— રમેશ મોરબિયા-ચૅરમૅન*
*જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ*

★★★★★

શ્રી રમેશભાઈ સંઘવી,

હું જૈન જાગૃતિ સેન્ટર સાથે તેના ચૅરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે છેલ્લાં ૨૫ વર્ષથી સંકળાયેલો છું, પણ ચાર વર્ષથી ચૅરિટેબલ ટ્રસ્ટના ચૅરમૅન તરીકે તેના Day to Day કાર્ય સાથે સંલગ્ન થઈ ગયો છું. જાગૃતિ સંદેશ મને મળે છે, હું વાંચું છું અને જેજેસી પરિવારના દરેક સેન્ટર સાથે ભાવાત્મક સંબંધથી બંધાઈ જાઉં છું.

ઘરેબેઠા બધાં જ સેન્ટરો વિશે વિસ્તૃતમાં માહિતી મળે છે, બીજી જીવનમાં ઉપયોગી માહિતી મળે છે, ધાર્મિક-સામાજિક-વ્યાવહારિક, મનોરંજક, સાંપ્રત સમસ્યાઓ વગેરેના બધા જ રંગ માણવા મળે છે.

દર ગુરુવારની મિટિંગમાં રમેશ મળે છે ત્યારે તેને Observe કરું છું. શાંતચિત્તે, નિરભ્ર ભાવે, નિસ્પૃહી બની, તટસ્થ રહી, સંયુક્ત કાર્ય સહજ વિચારભેદથી દૂર રહી આંખ-કાનનો જ ઉપયોગ કરી બીજા કાર્યકર્તાનાં વિચારો-મંતવ્યોને ગ્રહણ કરી લે છે અને પછી 'જાગૃતિ સંદેશ'માં ઠાલવે છે. મને ઘણી વાર થાય છે 'આ માણસ થાકતો નહીં હોય! કંટાળતો નહીં હોય?'

સાઢુભાઈના નાતે મારે ઘણી વાર એનો કાન પકડવો પડે તો હસતા હસતા પરિસ્થિતિ સુલટાવી નાખે છે. મને ગર્વ છે કે એ જેજેસિયન છે અને લીંબડિયન – મારા ગામનો છે. હું તેને આરોગ્યમય-તંદુરસ્તીમય જિંદગીની શુભેચ્છા પાઠવું છું.

*— કિશોર શાહ-ચૅરમૅન*
*જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ*

★★★★★

રમેશભાઈ સંઘવી,

તમારી કારકિર્દીના સમય દરમિયાન 'જાગૃતિ સંદેશ'નો ૧૦૧મો અંક પ્રકાશિત કરવા માટે હાર્દિક અભિનંદન. જોતજોતામાં સમય કેટલી ઝડપથી જાય છે તેનો ખ્યાલ પણ ના આવે. આજથી ૨૭ વર્ષ પહેલાં જેજેસી-સેન્ટ્રલ બોર્ડનું મુખપત્ર 'જાગૃતિ સંદેશ'ની શરૂઆત કરવામાં આવી. મને ખરેખર આનંદ થાય છે કે ફક્ત શરૂઆતના થોડાક અંકને બાદ કરતા 'જાગૃતિ સંદેશ'ની પ્રગતિનો હું સાક્ષી રહ્યો છું જેનો મને આનંદ છે. શરૂઆત ૪ પાનાંના અંકથી કરવામાં આવી હતી અને સર્ક્યુલેશન પણ ૮૦૦થી ૧૦૦૦ કૉપીનું હતું. જેમ જેમ જેજેસી-સેન્ટ્રલ બોર્ડનાં સેન્ટર અને સભ્યસંખ્યા

વધતી ગઈ તેમતેમ 'જાગૃતિ સંદેશ' પણ આગળ વધતું ગયું. આજે 'જાગૃતિ સંદેશ' ૩૬થી ૪૪ પાનાંની વચ્ચે પ્રકાશિત થઈ રહ્યું છે અને ૧૬,૦૦૦ કૉપીનું સર્ક્યુલેશન છે તે માટે આપને અભિનંદન અને જેજેસી-સેન્ટ્રલ બોર્ડના બધા પદાધિકારીઓને આપને સુંદર બજેટ અને સાથ-સહકાર આપવા માટે અભિનંદન... જોકે દરેક સેન્ટર પણ Subscriptionની અમાઉન્ટ અને 'જાગૃતિ સંદેશ'માં જાહેરાતનો સપોર્ટ કરી આ યશગાથાના ભાગીદાર બને છે.

રમેશભાઈ, મને ખ્યાલ છે કે 'જાગૃતિ સંદેશ' દર મહિને પ્રકાશિત કરવું એટલે લોઢાના ચણા ચાવવા જેવી વાત છે. દરેકેદરેક વિગતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કરી પ્રકાશિત કરવાનું હોય છે. તેમ છતાં દરેકને ખુશ રાખવું શક્ય નથી. દરેકની અપેક્ષા એમ હોય છે કે અમારી મેટર 'જાગૃતિ સંદેશ'માં આવવી જ જોઈએ, પરંતુ તમે કોઈ પણ ભેદભાવ વગર જેજેસી-સેન્ટ્રલ બોર્ડનાં નીતિનિયમમાં રહીને બધાને ન્યાય આપો છો તે માટે આપને ખાસ અભિનંદન. આ એક સત્ય હકીકત છે. આ કાર્યમાં જશ મળવાના Chance બહુ જ ઓછા હોય છે, પરંતુ સતત ૮ વર્ષના સમયકાળ દરમિયાન તમે દરેકને ન્યાય આપીને સાથે રાખીને એક અદ્ભુત કાર્ય કરી બતાવેલ છે અને એ માટે તમે ખૂબ જ પ્રશંસા અને લોકપ્રિયતા મેળવી છે. આ સુંદર કાર્ય કરવામાં હું સમજુ છું કે તમોએ તન-મન-ધનથી સેવા કરી છે અને એટલે જ આવું પરિણામ આવેલ છે.

જેમણે એમના પોતાના ભોગે આ કાર્ય કરવામાં સતત તમોને પ્રેરણા, સાથ અને સરકાર આપેલ છે અને હું તો એમ કહીશ કદાચ બધાથી વધારે સહન પણ એમને જ કરવું પડ્યું હોય તો નવાઈ નહીં. તમારા દરેક કુટુંબીજનોને આ પ્રસંગે ખાસ અભિનંદન.

'જાગૃતિ સંદેશ'ના માધ્યમ દ્વારા જૈન જાગૃતિનાં ૧૫૧ સેન્ટર અને ૬૪,૦૦૦ સભ્યોને એકતાંતણે બાંધી રાખવા માટે જેજેસી-સેન્ટ્રલ બોર્ડના આ કાર્યને આગળ વધારવા માટે જાગૃતિ સંદેશના માધ્યમથી જે કાર્ય થઈ રહ્યું છે તે માટેના યશના ભાગીદાર તમે જ છો. છેલ્લે એટલું જ કહીશ કે 'જાગૃતિ સંદેશ'નો તમારો ૧૦૧મો અંક પ્રકાશિત કરવા માટે તમને હાર્દિક અભિનંદન...

***— જિતુભાઈ કોઠારી-આઈ. પી. ચૅરમૅન***
***જેજેસી-સેન્ટ્રલ બોર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટ***

★★★★★

પ્રિય મિત્રો,

જાગૃતિ સંદેશનો આ અંક જ્યારે તમારા હાથમાં આવશે એ અંક તંત્રી શ્રી રમેશ સંઘવીનો તંત્રી તરીકે ૧૦૧મો અંક હશે, છે. આઠ વર્ષ કરતાં વધારે સમયથી શ્રી રમેશભાઈ આ કાર્ય કરી રહ્યા છે અને તેમના કઠોર પરિશ્રમથી તેમણે સંસ્થાના મુખપત્ર 'જાગૃતિ સંદેશ'ને એક નવી જ ઊંચાઈ પર પહોંચાડ્યું છે. આ સમય દરમિયાન એમણે જે.જે.સી.ને ઉઘાડી આંખે, ઉઘાડા કાને અને ઉઘાડા હૃદયે નીરખ્યું છે અને જે.જે.સી.ના તમામ સભ્યો સાથે દિલફેંક સાથ-સહકાર સાથે સાચુકલી દોસ્તી નિભાવી છે. રમેશભાઈ જાણે છે કે 'જાગૃતિ સંદેશ' દર મહિને સંસ્થાના સભ્યોને મુખેમુખ મળવાનું સાધન છે અને રમેશભાઈ એ પણ જાણે છે કે માણસની જેમ દરેક મૅગેઝિનને પણ પોતાનું વ્યક્તિત્વ હોય છે. તેમની મહેનતને લીધે જાગૃતિ સંદેશ હવે કેવળ સંસ્થાનું મુખપત્ર નથી રહ્યું, પણ જીવન જીવવાની કળા તરફ સમાજને લઈ જતું ઉપયોગી મૅગેઝિન છે. આજના કપરા સમયમાં જીવનનો રાહબર બની જીવનના ખરા રસ્તે વાચકને, જૈન જાગૃતિના ધ્યેયને ધ્યાનમાં રાખી દોરવાનો પ્રયત્ન કરે છે. ભક્તિ, શ્રદ્ધા અને માનવતા મહોરે એવા સરસ લેખો અને માર્ગદર્શનથી જાગૃતિ સંદેશ સમૃદ્ધ છે. સમાજજીવનમાં ઉત્પન્ન થતી સમસ્યાઓનાં કારણો અને તેમાંથી બચવાના ઉપાયોના અભિગમ સાથે જીવનવિકાસમાં ઉપયોગી સાહિત્ય જાગૃતિ સંદેશ દ્વારા મળે છે, કારણકે રમેશભાઈ માને છે કે આપણી શ્વાસયાત્રા સાથે આપણી વિકાસયાત્રા પણ ચાલવી જોઈએ. રમેશભાઈ જાગૃતિ સંદેશમાં સંસ્થાની પ્રવૃત્તિનો પણ તેમની કોઠાસૂઝથી સમાવેશ કરે છે જે સભ્યોને સંસ્થાનાં કાર્યોનો પરિચય કરાવે છે.

રમેશભાઈ એમ દૃઢપણે માને છે કે આપણે બધા જ કોઈ વ્યક્તિના નહિ, કોઈ એક સંસ્થાના નહિ, કોઈ એક વ્યવસ્થાના નહિ, પણ સત્યના શિષ્યો છીએ. રમેશભાઈને એમના કામને, એમના ફોટાને કે એમનું નામ ચમકાવવામાં રસ નથી. (જાગૃતિ સંદેશનો કોઈ પણ અંક આ વાત પુરવાર કરે છે.) રમેશભાઈ એમ પણ માને છે કે પ્રેમ કે ફરજથી કરવામાં આવેલા કાર્ય માટે આભારની ઔપચારિકતાની જરૂર નથી. આભારનો શિષ્ટાચાર સંબંધોની મીઠાશ, તેની આત્મીયતા દૂર કરે છે અને ઔપચારિક સંબંધ વ્યક્ત કરે છે. આવા આપણા લાડીલા તંત્રી રમેશભાઈને કોઈ પૂછે કે તમે જીવનમાં શું કર્યું? તો તેમનો જવાબ હશે

મારા મનગમતા જાગૃતિ સંદેશ અને જે.જે.સી.ના કામ કરવામાં આનંદ મેળવ્યો!! રમેશભાઈને જે.જે.સી.નાં તમામ સેન્ટર અને સભ્યો વતી અભિનંદન!!

રમેશભાઈને બધી રીતે તકલીફ!!!

આ જાગૃતિ સંદેશનું સંપાદન કરવું એ કંઈ મનોરંજનની બાબત નથી. બહોત મુશ્કિલ હૈ ભાઈ, બહોત મુશ્કિલ હૈ... (હું પણ આ પ્રક્રિયામાંથી પસાર થયો છું એટલે મને ખબર છે!!!)

સંપાદનને અંગ્રેજીમાં ''એન્થોલૉજી'' કહે છે. એન્થોનો અર્થ છે '' ફ્લો'' અને ''લૉજી'' નો અર્થ છે એકત્રિત કરવું.

જો રમેશભાઈ જૈન જાગૃતિ સેન્ટરનાં બધાં સેન્ટરોના રિપોર્ટ સંપાદિત કરતાં કરતાં કોઈ સેન્ટરના રિપોર્ટ લાંબા છાપે કે કોઈ સેન્ટરના પ્રોજેક્ટના ફોટા સારા આવવાથી છાપે તોપણ લોકો કહેશે, રમેશભાઈ ભેદભાવ રાખે છે. રમેશભાઈ ટુચકા છાપે તો વાચકો કહેશે કે તે મૂરખ છે અને ટુચકા ન છાપે તો કહેશે તે વધુપડતા ગંભીર છે. બહારથી આવતી કૃતિઓ છાપે તો કહેશે કે તેમને પ્રતિભા પારખતા નથી આવડતું. સંસ્થામાં જ સારા લેખકો છે અને સંસ્થાના સભ્યોની કૃતિ છાપે તો કહેશે કે કચરો છપાય છે. કોઈની કૃતિ મઠારે તો કહેશે કે જરૂર કરતાં વધારે ભૂલ કાઢો છો અને કૃતિ મઠારે નહીં તો કહેશે કે તમે સંપાદન કરો છો કે ઊંઘો છો. બીજા સામયિકમાંથી લઈને કૃતિ છાપે તો કહે કે તમે આળસુ છો અને જાતે લખવામાંથી બચવા માગો છો અને જાતે લખે તો રમેશભાઈ પર આરોપ લાગે, તમને માત્ર તમારું જ લખાણ પસંદ છે, પણ હું છાતી ઠોકીને કહું છું કે 'જાગૃતિ સંદેશ' એ એક સુંદર મુખપત્ર છે. 'જાગૃતિ સંદેશ' એટલે જવાબદારી, જાણકારી અને જાગૃતિનો ત્રિવેણીસંગમ. 'જાગૃતિ સંદેશ'નું ધ્યેય છે કે સભ્યોને ચિંતન અને મનન કરાવી સંસ્થાના રચનાત્મક વિકાસમાં મદદ કરવી, જે રમેશભાઈ તમે ખૂબ જ સારી રીતે કરી રહ્યા છો.... લગે રહો રમેશભાઈ!!!

— *કિરણ શાહ*

★★★★★

પ્રિય શ્રી રમેશભાઈ,

સાઠ હજાર જેટલા વાચક સભ્યોના હાથમાં દર મહિને સંસ્કારસભર સાહિત્યથી મઢેલ રસથાળ ધરવો અને કેટલાંય સેન્ટરોને આવરી લઈ તેના સમાચારનો વિનિયોગ-સેતુ સર્જવો એ પરિશ્રમયુક્ત કાર્ય હોવા ઉપરાંત સમયની સાંકળે બંધાયેલ જવાબદારી પણ છે. આવી જવાબદારીને નિભાવતા નિભાવતા અને નિયમાવલીની નેક દસ્તુર જાળવી જાગૃતિ સંદેશનો 'એકસોમો' અંક રજૂ-પ્રકટ કરવા જઈ રહ્યા છો એ જાગૃતિ સંદેશના સર્વ સભ્યો માટે આનંદની વાત છે. મારા માટે એક મિત્રની યાદગાર ગૌરવગાથા છે.

કોઈ પણ તંત્રી કે સંપાદકને માટે તેનું 'પત્ર' તેના પ્યારા સંતાન જેવું હોય છે. સંતાનનાં ઉછેર, સારવાર, સંભાળ અને વિકાસ માટે માતા-પિતા જેટલું ધ્યાન આપે છે તેટલું જ ધ્યાન તંત્રી/સંપાદક તેના 'પત્ર'ની સારવાર, સંભાળ અને વિકાસ માટે રાખે છે. માટે આગામી ૧૦૧મો અંક પ્રગટ થાય તે તમારા અંતરનાદને હિલોળે ચડાવે, મન અને હૃદયને હર્ષથી ભરી દે તે સ્વાભાવિક છે. તમારા આ આનંદને અમારા સહુમાં વહેંચી અમને સહભાગી બનાવી આનંદને અનેરો બનાવશો. આવા પ્રસંગ કોઈક જ સરસ્વતી સપુતના પ્રારબ્ધમાં અંકિત થયેલા હોય છે. આ તમારા ભગીરથ કાર્યમાં તપને ઈશ્વરનો સાથ રહે!

તમારા તંત્રીકાળ દરમિયાન જાગૃતિ સંદેશનો સારો વિકાસ થયો છે. સુચારુ વાંચન, વિવિધતા અને સમાચારોની પૂર્તિ સારી થઈ રહી છે. સારાને શ્રેષ્ઠ બનાવવા હંમેશાં અવકાશ હોય જ છે અને રહેવો જોઈએ જેથી ઉત્તરોત્તર પ્રગતિના નિશાન સાધી શકાય.

સતત વહી જતી ક્ષણને
કભી નિરાંત નથી હોતી

ગતિથી ત્રાસેલી અવિશ્રાંત ક્ષણને જ્યારે વિશ્રાંતિ લેવાનું મન થાય ત્યારે કોઈ સંવેદનશીલ અને મસ્ત તંત્રીની કલમે લખાતી કથામાં એવું વર્ણન આવે જ્યારે જેમાં શહીદ થયેલા સૈનિકની વિધવાના ગાલ પર અટકી ગયેલા અશ્રુબિંદુનો ઉલ્લેખ હોય, એવા અશ્રુબિંદુમાં એનો મુકામ હોય છે.

મીડિયા એક સમર્થ માધ્યમ છે. બેધારી તલવાર છે. એક ધાર દૂષણ અને દુષ્ટતાને દાબી શકે તો બીજી ધાર શિષ્ટતા અને સદાચારનો નાશ કરી શકે. તંત્રી અને સંપાદકો પર ઘણી મોટી જવાબદારી છે. કોઈ સનસનાટી માટે નહીં, પરંતુ સાર અને સંસ્કારપૂર્તિ માટે મીડિયાનો ઉપયોગ થાય તે આવશ્યક છે. તેના પર બાજદૃષ્ટિ રાખી જાગૃત રહેવું જરૂરી છે. તમે આ જવાબદારી સારી રીતે નિભાવો છો.

ભાવિમાં પણ સજાગ રહી વિકાસને પંથે વહેતા રહેશો એવી શુભકામના સાથે અભિનંદન અને આશીર્વાદ.

— *ચીમનલાલ ગોસલિયા*

★★★★★

## જાગૃતિ સંદેશ : વિવિધલક્ષી માહિતી, સાહિત્ય અને કલાનો ત્રિવેણીસંગમ

ધાર્મિક અને સામાજિક સંસ્થાનાં મુખપત્રોનું પત્રકારત્વ ક્ષેત્રમાં એક આગવું સ્થાન છે. આવાં પત્રો માત્ર સંદેશવાહકની નહિ, પણ લોકશિક્ષકની ભૂમિકા પણ નિભાવે છે.

૧૯૯૬થી ૨૦૦૨ – આ સમયગાળા દરમિયાન 'જાગૃતિ સંદેશ' ના માનદ્ તંત્રી તરીકે સેવા આપવાનું સૌભાગ્ય મળ્યું હતું તે મારા જીવનની ગૌરવવંતી ઘટના ગણાય.

શ્રી રમેશભાઈ સંઘવીએ 'જાગૃતિ સંદેશ'ના તંત્રી તરીકે ધુરા સંભાળી ત્યારથી આજ સુધી તેમની સંપાદનયાત્રાની પ્રગતિ આપણે સતત જોઈ શક્યા છીએ.

'જાગૃતિ સંદેશ' પોસ્ટમાં આવે ત્યારે સૌપ્રથમ આપણે આ મુખપત્રના મુખપૃષ્ઠ નિહાળીએ છીએ. પ્રત્યેક મહિને મુખપૃષ્ઠની વિવિધતા આપણું મન હરી લે છે. તે મહિનાની અગત્યની ઘટના, તવારીખ કે તે અંકના લેખના સંદર્ભ સાથેનાં ચિત્રો, ફોટા કે રેખાંકન સાથેનું મુખપૃષ્ઠ ખરેખર અર્થપૂર્ણ હોય છે. મુખપૃષ્ઠનું આ અર્થસભર કલાસૌંદર્ય તંત્રીની સર્જનશક્તિની આપણને પ્રતીતિ કરાવી જાય છે.

જૈન ધર્મના લોકોતર તહેવારો કે ભારતીય સંસ્કૃતિ અને લોકજીવન સાથે સંકળાયેલા તહેવારોના સંદર્ભે 'જાગૃતિ સંદેશ'માં એ જ વિષયના સુંદર લેખોનું સંપાદન કરવામાં આવે છે. પર્યુષણ અંક દીપાવલી જેવા તહેવારો કે સ્વાતંત્ર્ય દિવસ અને પ્રજાસત્તાક દિવસ જેવાં રાષ્ટ્રીય પર્વોને પણ આ પત્ર યોગ્ય સ્થાન આપે છે, વળી શિક્ષકદિન કે બાલદિનને પણ વીસરતું નથી.

માનવજીવનનાં કેટલાંક કર્તવ્યોને ઉજાગર કરવા આંતરરાષ્ટ્રીય ક્ષેત્ર મધર્સ ડે, ફાધર્સ ડે, વીમૅન ડે વગેરે મનાવવામાં આવે છે. આવાં આંતરરાષ્ટ્રીય પર્વોને સંદર્ભે પણ સુંદર લેખ આપવામાં આવે છે.

'જાગૃતિ સંદેશ'નું મુખ્ય ધ્યેય ૧૪૬ સેંટરો, સેન્ટ્રલ બોર્ડ અને ચૅરિબટેબલ ટ્રસ્ટની પ્રવૃત્તિની વિગતો સભ્યો, શુભેચ્છકો અને દાનવીરો સુધી પહોંચાડવાનું છે. આવી વિવિધલક્ષી વાચનસામગ્રી આપવા છતાં તંત્રી પોતાના ધ્યેયની સંપ્રાપ્તિ માટે સતત જાગૃત છે અને સેંટરોની વિશિષ્ટ પ્રવૃત્તિને પોતાના પત્રમાં સતત પ્રાધાન્ય આપતા રહે છે.

સંસ્થાના ઉચ્ચ શિક્ષણ અભિયાનની સફળતામાં 'જાગૃતિ સંદેશ'નો નોંધપાત્ર ફાળો ગણાય.

આજ-કાલ સગાઈનો પ્રશ્ન જ્યારે સમસ્યા બની ગયો છે ત્યારે વેવિશાળની સમસ્યાને હલ કરવા માટે લગ્નઈચ્છુક યુવક-યુવતીની યાદી, સગાઈ અંગેના પરિચય, મિલન મેળાવડાની જાણકારી સતત 'જાગૃતિ સંદેશ' આપતું રહે છે.

વિવિધ સેંટરના સભ્યો જેણે ધર્મ-સમાજ કે રાષ્ટ્રના ક્ષેત્રે સુંદર કાર્ય કર્યું છે તેની નોંધ લઈ આ પત્ર આવી પ્રતિભાઓને બિરદાવે છે તો સભ્યોનાં સંતાનોની શૈક્ષણિક કારકિર્દીની તેજસ્વિતાને અભિનંદન આપવાનું પણ 'જાગૃતિ સંદેશ' ચૂકતું નથી.

ધર્મ, અધ્યાત્મ, સદાચાર, સંસ્કાર, કલા, કેળવણી, આરોગ્ય, પારિવારિક સંવેદનોને જાગૃતિ સંદેશ સતત વાચા આપે છે. 'જાગૃતિ સંદેશ'ને સૌંદર્ય બક્ષવામાં તંત્રી રમેશભાઈ સંઘવીની નિષ્ઠા, કોઠાસૂઝ અને ક્રિયેટિવિટી પાયામાં છે. આ પ્રસંગે 'જાગૃતિ સંદેશ'ને સમૃદ્ધ કરવામાં જે જે વ્યક્તિ સહાય કરે છે, રસ લઈ રહી છે તે દરેકનું અને તંત્રી શ્રી રમેશભાઈનું શુભેચ્છાસહ અભિવાદન કરું છું.

**— ગુણવંત બરવાળિયા-પૂર્વતંત્રી 'જાગૃતિ સંદેશ'**

★★★★★

મુ. ભાઈ શ્રી રમેશભાઈ સંઘવી,

જેજેસી-સેન્ટર બોર્ડ દ્વારા આપના તંત્રીપદ નીચે 'જાગૃતિ સંદેશ'ને ૧૦૧ અંકની ઊંચાઈએ પહોંચાડવા બદલ આપના 'સન્માન સમારોહ'નું આયોજન કરેલ છે તે બદલ આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. જેજેસી સેન્ટ્રલ બોર્ડ અત્યારે જૈનોની સામાજિક સંસ્થાઓમાં આગવું સ્થાન ધરાવે છે. આપણી સંસ્થાને ઉચ્ચ ગૌરવશાળી સ્થાન મેળવવા બદલ 'જાગૃતિ સંદેશ'ના માધ્યમ દ્વારા આપના એડિટર તરીકેના અથાક પ્રયત્નોથી સન્માનની લાગણી સાથે નોંધ લેવાઈ રહેલ છે તે આપણા સૌના માટે આનંદની ઉજવણી છે. તમારી સાથે બોર્ડના એક સભ્ય તરીકે છેલ્લાં દશ વર્ષમાં મેં જે આત્મીયતા અનુભવી છે તે માટે તમારો સહજ સ્વભાવ, દરેક મેમ્બર્સ સાથે તમોએ મેળવેલ આત્મીયતા, પ્રેમાળ અભિગમ, આપના પરસ્પર પ્રેમથી પાંગરતા પરિવારને 'જાગૃતિ સંદેશ'ના માધ્યમ દ્વારા હૂંફાળું માર્ગદર્શન મળેલ છે.

સેન્ટ્રલ બોર્ડના સદાવીર (સેન્ચ્યુરિયન) સભ્ય શ્રી રમેશ સંઘવીને હૃદયથી અંતઃકરણપૂર્વક અભિનંદન પાઠવું છું. હજી ભવિષ્યમાં તમો આપણાં 'જાગૃતિ સંદેશ'ને આસમાનની ઊંચાઈએ પહોંચાડશો જ તેવી પ્રભુ પાસે અભ્યર્થના.

આપનો જ સહૃદયી

***— પ્રફુલ્લ એમ. શાહ***
***(Past Vice Chairman JJC Central Board)***

★★★★★

## જબરજસ્ત જુસ્સાનો અનુભવ કરાવતું 'જાગૃતિ સંદેશ'

આજની આ સવારે જેજેસી સમગ્ર પરિવાર સાથે શ્રી રમેશભાઈ સંઘવીને સેલ્યુટ સાથે વંદન...

આજે જાગૃતિ સંદેશ જેજેસીનું બ્રાન્ડ એમ્બેસેડર બની ગયું. તેની ગુડવિલ મુખપત્રનાં ઊંચેરાં શિખરો સર કરી સફળતાના ચાર ચાંદ લાગી ગયા.

ભારતભરનાં જેજેસીનાં તમામ સેન્ટરોને એક સાંકળ સમાન રાખનાર જાગૃતિ સંદેશને ઊંચેરાં શિખરો અપાવવામાં રમેશભાઈનો સિંહફાળો રહ્યો છે તે વાત સમગ્ર જેજેસી હંમેશ અનુભવી રહેલ છે.

શ્રી દીનેશ શાહ, શ્રી કિરણ શાહ, શ્રી જિતુભાઈ કોઠારી તથા શ્રી રમેશ મોરબિયા સુધીના તમામ ચૅરમૅનશ્રીઓ તથા તેમની ટીમ સાથે સુંદર તાલમેલ મેળવી રમેશભાઈએ તેમની કોઠાસૂઝ તથા અનુભવોનું સાતત્ય સતત બતાડેલ છે.

શ્રી રમેશભાઈ સંઘવી એક એવું વ્યક્તિત્વ પુરવાર કરી ચૂક્યા છે કે દરેક સેન્ટરનાં જૂના-નવા તમામ હોદ્દેદારોની સાથે સુમેળભર્યા સમન્વય સાથે સતત કૉન્ટેક્ટમાં રહીને પરોક્ષ/પ્રત્યક્ષ દરેકને પ્રોત્સાહિત કરવાની સાથે જરૂરી ટકોર પણ કરતા રહ્યા છે, જે તેમની તંત્રી તરીકેની જવાબદારી સંભાળપૂર્વક નિભાવી છે.

દરેકની સાથે વડીલ મિત્ર બની રહેનાર શ્રી રમેશભાઈને તેમની હેલ્થ-વેલ્થ તથા દીર્ઘાયુની ખૂબ ખૂબ શુભકામના સાથે અંતરનાં અભિનંદન...

ફરી સુરેન્દ્રનગર સેન્ટર વતી તેમને ખૂબ ખૂબ અંતરની શુભેચ્છાઓ તથા અંગત રીતે મારા સત્ સત્ પ્રણામ...

***— દ્વિજેશ શાહ-પ્રમુખ***
***જેજેસી-સુરેન્દ્રનગર***

★★★★★

તંત્રીશ્રી,

સહુ પહેલા 'જાગૃતિ સંદેશ'ના ૧૦૧મા અંક બદલ ખૂબ ખૂબ ધન્યવાદ. શરૂઆતથી લગાતાર આપ તંત્રી તરીકેનો કાર્યભાર ખૂબ જ સરસ રીતે સંભાળી રહ્યા છો.

જાગૃતિ સંદેશમાં મુ. શ્રી કિરણભાઈથી શરૂ થયેલ 'ચૅરમૅનશ્રીનો સંદેશ', ત્યાર બાદ શ્રી જિતુભાઈનો તથા હાલમાં રમેશભાઈ મોરબિયાના ચૅરમૅનનો સંદેશ ખૂબ જ સુંદર, સચોટ અને અસરકારક માહિતી અને સંદેશ વાંચવાની ખૂબ જ મજા આવે છે.

જાગૃતિ સંદેશમાં આપશ્રી આપણા જુદાજુદા સેન્ટરના કાર્યક્રમો અંગે માહિતી આપો જ છો, પરંતુ ઘણી વાર માહિતી ખૂબ જ મોડી આવે છે અથવા તો કેટલીક વાર નથી આવતી તેવી જનરલ સભ્યોની પણ લાગણી છે.

અમોને આગામી અંકોમાં પણ વધુ સારા, માહિતીસભર અને સુંદર-સચોટ સમાચારો વાંચવા મળી જ રહેશે તેવી આશા... ફરી એક વાર ખૂબ ખૂબ અભિનંદન...

***— વિજય મહેતા-વાઈસ પ્રેસિડેન્ટ***
***જેજેસી-એલીસ બ્રિજ***

★★★★★

માનનીય તંત્રીશ્રી,

'જાગૃતિ સંદેશ' હાથમાં આવતાં જ ચૅરમૅનશ્રીની કૉલમમાં લખાયેલ સંદેશ તાત્કાલિક પહેલાં વાંચી નાખવાની જિજ્ઞાસા થતી હોય છે. આ માટે ચૅરમૅન શ્રી કિરણભાઈ, શ્રી જિતુભાઈ તેમ જ શ્રી રમેશભાઈને ખૂબખૂબ અભિનંદન.

જાગૃતિ સંદેશમાં જુદાજુદા સેન્ટરોના પ્રોગ્રામની માહિતી છપાય છે. તેમાં મુંબઈ સિવાયનાં સેન્ટરોની માહિતી બહુ ઓછી છપાય છે તથા મોડેથી છપાય છે, તો તેના ઉપર ધ્યાન આપશો. મુંબઈ સિવાયના ઘણા સેન્ટરના સભ્યો જાગૃતિ સંદેશનું લવાજમ ભરતા હોય છે.

હમણાંથી જુદાજુદા સભ્યોના લેખો આવે છે તે પણ બિરદાવવા લાયક છે.

જાગૃતિ સંદેશમાં સમાચારોના સંકલનની સદી કરવા બદલ તંત્રી શ્રી રમેશભાઈને ખૂબ જ અભિનંદન તેમ જ આગામી અંકો માટે શુભેચ્છા...

***— ચેતન આર. દલાલ-પ્રમુખ***
***જેજેસી-એલીસ બ્રિજ***

★★★★★

શ્રી રમેશભાઈ મોરબિયા તથા
સેન્ટ્રલ બોર્ડના મારા સાથી મિત્રો,

પ્રથમ તો આપણું જાગૃતિ સંદેશ દર મહિને ટાઈમસર મળતું રહે છે. તેની અંદર જૈન જાગૃતિ સેન્ટરનાં તમામ સેન્ટરોની વિસ્તૃત માહિતી મળી રહે છે, જેથી દરેક સેન્ટરની એક્ટિવિટી અંગે જાણ રહે છે અને એકબીજાનો અભિપ્રાય પણ લઈ શકાય છે. જૈન ધર્મ વિષેનું તત્ત્વજ્ઞાન અને માહિતી ખૂબ જ સરળ શૈલીમાં મળી રહે છે. કૌટુંબિક સમસ્યાના ઉકેલની વાર્તાઓ આવે છે તે સમાજને ખૂબ જ ઉપયોગી થઈ રહે તેમ છે. અપરિણીત યુવક-યુવતીઓની માહિતી દરેક અંકમાં આપવામાં આવે છે. તેના દ્વારા જેજેસીના સભ્યના ઘરે તો વંચાય જ છે, પરંતુ

એ ફરતું ફરતું જૈન સમાજના પરિવારોમાં પહોંચી સુંદર સંદેશાવાહકનું કાર્ય કરે છે.

આ મૅગેઝિનમાં નીચેની વસ્તુઓનો અવકાશ રહેશે તો સોનામાં સુગંધ ભળશે.

૧) જ્યોતીષ માર્ગદર્શન

૨) આરોગ્યને લગતા લેખ

૩) પ્રશ્નોત્તરીની કૉલમ પણ સ્ટાર્ટ કરી શકાય.

ફરીથી તંત્રીસાહેબ તેમની સંપૂર્ણ ટીમ તથા સેન્ટ્રલ બોર્ડને ખૂબખૂબ અભિનંદન. આ મૅગેઝિન ખૂબ જ સફળતાનાં શિખરો સર કરે અને જૈન સમાજના ઘરે ઘરે પહોંચે તેવું સ્વપ્ન ઇચ્છું છું.

**— દિનેશ નાણાવટી**
**પ્રમુખ જેજેસી-કલાનગરી**
**સેન્ટ્રલ બોર્ડ-વાઈસ ચૅરમૅન**

★★★★★

તંત્રી શ્રી

## ૦૦૧થી ૧૦૧ સુધીની યાદગાર સફર 'જાગૃતિ સંદેશ'

આજના પ્રવર્તમાન યુગમાં દરેક પુરુષ સૂટેડ-બૂટેડ થઈ, સ્ત્રી પણ બાહ્યવસ્ત્રોથી માંડીને અલંકાર-આભૂષણો, વેશ પરિધાન કરી અપ-ટુ-ડેટ થઈ સુંદરતા પ્રદર્શિત કરે છે તેમ 'જાગૃતિ સંદેશ' પણ મુખપૃષ્ઠથી છેલ્લા પાના સુધી સૂટેડ-બૂટેડ થઈ સમયસર આપણા સુધી પહોંચે છે.

'જાગૃતિ સંદેશ' એટલે વિચક્ષણની ચિરંજીવી યાદ... અને એથી જ અમારે દરેક સેન્ટરને મન છીપમાંથી નીકળેલા મોતીની જેમ કીમતી છે અને આખરે આપણા લોકલાડીલા તંત્રીશ્રીએ ૧૦૧ રન ફટકારીને સચીન તેંડુલકરની જેમ બૅટને ઊંચું કરી દીધું તે આપણા હાઉસ મૅગેઝિન માટે ગૌરવની વાત છે.

શ્રી ગુણવંત શાહસાહેબે કહેલ છે કે એક પણ ઇંચ ચલાયમાન થયા વગર તમો વાંચન દ્વારા આખા જગતની મુસાફરી કરી શકો એમ આપણે 'જાગૃતિ સંદેશ'ના સમાચાર દ્વારા દેશ-વિદેશની મુસાફરી કરીએ જ છીએ. આજે જ્યારે દરેક ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરી દીધેલ છે તેમાંથી જાગૃતિ સંદેશ પણ કેમ બાકાત રહી જાય? સળંગ અંક ૧૫૫ અને આદરણીય શ્રી રમેશભાઈ સંઘવીના તંત્રીસ્થાનેથી જ્યારે આપના કરકમલોમાં ૧૦૧મો સુનહરો દીપોત્સવી અંક અનેકવિધ વાંચનસામગ્રીના જ્ઞાનદીપથી પ્રજ્જવલિત થશે તે બદલ તંત્રીશ્રી અને તેમની ટીમને અમારા સેન્ટર વતી અભિનંદન.

દૃશ્યજગત એ પ્રકૃતિનું માનવજગત માટેનું સર્જન છે અને આપણું પોતીકું 'જાગૃતિ સંદેશ' ટેક્નૉલૉજીએ સમગ્ર દૃશ્યોને મુખપૃષ્ઠથી માંડીને ડિજિટીલાઇઝ કરવાની ક્ષમતા હાંસલ કરી દીધી છે તેના માટે 'જાગૃતિ સંદેશ'ના તંત્રીશ્રી અને તેની ટીમને હેટ્સ ઑફ.

કોઈ પણ મૅગેઝિનનો પ્રાણ એટલે વૈવિધ્યસભર વાંચનસામગ્રી. આજના ગ્લોબલાઈઝેશનના યુગમાં લોકો ટી.વી., લૅપટૉપ, ઈ-મેલ, મોબાઈલ જેવી ફાસ્ટ લાઈફ સ્ટાઈલ વચ્ચે વ્યસ્ત હોવા છતાં 'જાગૃતિ સંદેશ' વાંચવા પ્રેરાય છે તે જ તેની યશકલગીમાં મોરપીંછ સમાન છે જે તેના અંક પરથી ફલિત થાય છે.

આજના સાંપ્રત સમયને સ્પર્શતો અને દરેક વાલીઓને ચિંતિત રાખતો પ્રશ્ન એટલે તેમનાં વહાલસોયાં દીકરી-દીકરાના વેવિશાળ અંગેની ચિંતા આમાં પણ 'જાગૃતિ સંદેશ' થોડા સમયથી યુવક-યુવતીઓના બાયોડેટા પ્રસિદ્ધ કરે છે તે પણ એક સરાહનીય પગલું છે અને આ સાંપ્રત સમયમાં સીધી યા આડકતરી રીતે જાગૃતિ સંદેશનો સિંહફાળો છે.

દરેક સેન્ટરને સાંકળતી કડી એટલે જાગૃતિ સંદેશ કે જેના દ્વારા દરેક સેન્ટરે કરેલ કાર્યક્રમથી વાકેફ થઈ તેમાંથી અમુક સેન્ટર પ્રેરણા લઈ કાર્યક્રમ કરીને જૈન જાગૃતિ સેન્ટરનું નામ પણ રોશન કરે છે અને અફકોર્સ ગાગરમાં સાગર સમાન ગુરુ ભગવંતોના ધાર્મિક લેખો પણ આપણી આવનારી યુવા પેઢીને પથદર્શક બની રહે છે.

અને અંતમાં 'જાગૃતિ સંદેશ' માટે એટલું જ કહી શકાય...

એક બુંદ સૂરજ કી, એક કતરા આસમાન કા
કોયલ કી આધી કૂક, આસમાન સા આયના
એક ડીબ્બી તિતલીયોં કી, એક ચમચ નદી કી ધાર
ઔર કુછ ઝગમગાતે સપને અચ્છા લગે તો ઔર માગો દેને કો બહુત કુછ હૈ.

પ્રત્યેક સવારને એનો મિજાજ હોય છે તેમ 'જાગૃતિ સંદેશ'નો મિજાજ પણ કંઈ ઔર છે તો માણો એની લિજ્જત!

**નમ્ર નિવેદન :–**

★ દરેક અંક વિશેનો વાચક મિત્રોનો અભિપ્રાય સંક્ષિપ્તમાં એકથી બે વ્યક્તિનો પ્રદર્શિત કરવો.

★ બાળ વિભાગ આપી તેમાં ગમ્મત સાથે જ્ઞાન અને બુદ્ધિચાતુર્ય વિશેની માહિતી પ્રસિદ્ધ કરવી.

★ અભ્યાસમાં ઉચ્ચ સ્તરે આગળ વધતાં યુવક-યુવતીને માર્ગદર્શન આપતા લેખો પ્રસિદ્ધ કરવા.

★ આજના પ્રવર્તમાન યુગમાં ઘણાં બાળકો અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરે છે તો અંગ્રેજી માધ્યમનાં બાળકો દ્વારા તેમના મૌલિક વિચારો મેળવીને જાગૃતિ સંદેશમાં સમયાંતરે અનુકૂળતા મુજબ પ્રદર્શિત કરવા.

વાચક મિત્રોને દિપાવલીની શુભકામના. 'જાગૃતિ સંદેશ'ની અવિરત ધારા વહેતી રહે તેવી શુભેચ્છા સાથે...

*— દિલીપ આર. પીપલિયા-પ્રમુખ*
*જેજેસી-જૂનાગઢ*

★★★★★

શ્રી રમેશભાઈ સંઘવી,

સમસ્ત જૈન સમાજમાં કદાચ સૌથી અગ્રેસર કહી શકાય એવી સંસ્થા શ્રી જૈન જાગૃતિ સેન્ટર કે જેનું કદ સમગ્ર ભારત નહિ, પરંતુ વિદેશો સુધી વિસ્તરેલું છે. આવી મહાકાય જૈન સંસ્થાના સત્તાવાર મુખપત્ર 'જાગૃતિ સંદેશ'ના માનદ્ તંત્રી તરીકે એક કે બે નહીં, પરંતુ આઠ-આઠ વર્ષથી જેમણે સેવા આપેલી છે એવા જેજેસી સેવાના ભેખધારી-અભિનંદનના અધિકારી શ્રી રમેશભાઈ સંઘવીને જૈન જાગૃતિ સેન્ટર-માધાપર (કચ્છ) દ્વારા ધન્યવાદ સાથે હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

*— જૈન જાગૃતિ સેન્ટર-માધાપર (કચ્છ)*

★★★★★

આદરણીય શ્રી રમેશભાઈ મોરબિયા

સાદર પ્રણામ સહ જય જિનેન્દ્ર,

તંત્રીપદેથી શ્રી રમેશભાઈ સંઘવીએ 'જાગૃતિ સંદેશ'ના ૧૦૧ અંક પૂર્ણ કર્યાની જાણ થતાં જ અંતરની અટારીએથી આનંદની હેલીઓ છલકાઈ ગઈ!

તેઓશ્રીની કાર્યદક્ષતા, કુનેહ અને ખંત તથા જેજેસીના બહોળા પરિવારનો સ્નેહ જ તેઓની સફળતાનો સાક્ષી છે.

ક્રિકેટની રમતમાં સદી ફટકારવા સતત ઝઝૂમવું પડે અને ફક્ત ૧૧ ખેલાડીઓનો જ સામનો કરવો પડે છે, જ્યારે તંત્રીપદેથી કોઈ અંકની સદી કરવા ૧૦૦ મહિના અને હજારો વાચકોનાં દિલ જીતવા મન-વચન અને કલમ દ્વારા જોરદાર મુકાબલો કરવો પડે છે. આ કોઈ નાની સિદ્ધિ નથી. આ અનન્ય સિદ્ધિ પ્રાપ્ત કરનાર શ્રી રમેશભાઈને મારા લાખો સલામ... અને અંતરનાં ખૂબ ખૂબ અભિનંદન...

એક નાનકડી પંક્તિ રજૂ કરું છું :

જૈન ધર્મ મહાન છે,
જાગૃતતા તેનો સિદ્ધાંત છે,
સેતુ છે 'જાગૃતિ સંદેશ'
૧૦૦માં અંકે સદી પૂર્ણ કરી
શ્રી રમેશભાઈ સૌના બને છે પ્રીતિપાત્ર
કાશ્મીરા હરડે પાઠવે છે
શુભેચ્છા પત્ર

*— કાશ્મીરા હરડે-પ્રમુખ*
*જેજેસી-લે. વિં. મહેસાણા*

★★★★★

શ્રી રમેશભાઈ સંઘવી,

સ્નેહી સ્વજન તરીકે તમારા બહુમાનના સમાચાર જાણી ખૂબ જ આનંદ થયો. આપે ૮ વર્ષ સુધી જાગૃતિ સંદેશના તંત્રી તરીકે આપેલી સેવાઓ દાદ માગી લે તેવી છે. જાગૃતિ સંદેશે ઉત્તરોત્તર નવા રૂપરંગ ધારણ કર્યા છે અને એનો યશ આપના ફાળે જાય છે. જાગૃતિ સંદેશ એ જૈન જાગૃતિ પરિવારનું દર્પણ છે.

તંત્રી તરીકે તમે વધુ ને વધુ સેવા જાગૃતિ સંદેશને આપો તે દ્વારા તમે અને જૈન જાગૃતિ સેન્ટર સિદ્ધિનાં શિખરો સર કરો તેવી શુભકામનાઓ.

*— ચંપક ઝાલમોરા*
*કૉ-ઑર્ડિનેટર (કચ્છ)*

★★★★★

શ્રી રમેશભાઈ સંઘવી,

## જેજેસી-ગોલ્ડન ગારોડિયાની અનુભૂતિ

શ્રી જૈન જાગૃતિ સેન્ટર-સેન્ટ્રલ બોર્ડ,

અમે સો જેજેસી-ગોલ્ડન ગારોડિયાના ૬૭૫ સભ્યો આજે એટલા માટે ગૌરવ અનુભવીએ છીએ કે અમારા રજતજંયતી વર્ષમાં જ અમારા લાડીલા, માનવંતા વડીલરૂપ શ્રી રમેશભાઈ સંઘવી સેન્ટ્રલ બોર્ડમાં છેલ્લાં આઠ વર્ષથી જેજેસીના મુખપત્ર 'જાગૃતિ સંદેશ'ના તંત્રી તરીકે જવાબદારી નિભાવતા આજે તેમની કારકિર્દીનો ૧૦૧મો અંક પ્રકાશિત કરી રહ્યા છે. 'જાગૃતિ સંદેશ' આજે જેજેસી પરિવારના દરેક સભ્યોના ઘરે ઘરે વંચાતું મૅગેઝિન બની ગયું છે. અમે બધા અન્ય સેન્ટરની જેમ જ 'જાગૃતિ સંદેશ'ની રાહ જોતા થઈ ગયા છીએ. તેમાંથી અમે પરિવારનાં અન્ય ૧૪૯ સેન્ટર

સાથે સંપર્કમાં રહીએ છીએ એટલું જ નહીં, પણ ઉત્કૃષ્ટ Digestive લેખોથી, અન્ય માહિતીઓથી પ્રભાવિત રહીએ છીએ.

અમને ગૌરવ એટલા માટે છે કે સેન્ટ્રલ બોર્ડની આવી લોકપ્રિય લોકભોગ્ય પ્રવૃત્તિના પ્રણેતા શ્રી રમેશભાઈ સંઘવી અમારા ગોલ્ડન ગારોડિયાના સ્થાપક સભ્ય હોવા ઉપરાંત છેલ્લાં ૧૫ વર્ષથી અમારા સેન્ટરના Backbon બની રહ્યા છે. અમારી દરેક પ્રવૃત્તિ, પ્રોગ્રામ, પ્રોજેક્ટનું ઉદ્‌ભવ બિંદુ સમાન સ્થાન શોભાવી રહ્યા છે.

રજતજયંતી વર્ષમાં જ અમને આવો યશ મળ્યો તે બદલ અમે સૌ ગોલ્ડન ગારોડિયન હર્ષાન્વિત છીએ. સેન્ટ્રલ બોર્ડને ખાતરી આપીએ છીએ કે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે અમે આવા કાર્યશીલ કાર્યકર્તાની સેન્ટ્રલ બોર્ડને ભેટ આપીશું.

***જેજેસી-ગોલ્ડન ગારોડિયાના ૬૭૫ સભ્યો***
***વતી કારોબારી કમિટી***
***હ. પ્રદીપ દોશી (પ્રમુખ)***

★★★★★

શ્રી રમેશભાઈ સંઘવી,

## તંત્રીશ્રીની '૧૦૧' અંકની સુનહરી સફર

સર્વ પ્રથમ આપશ્રીની કુનેહભરી રાહબરી હેઠળ 'જાગૃતિ સંદેશ'નો ૧૦૧મો અંક પ્રસિદ્ધ થઈ રહ્યો તે બદલ સમગ્ર જેજેસી પરિવારના સભ્યદંપતી મિત્રો તરફથી અંતરના ઉમંગથી અભિનંદન...

આજના આ Interenet + i Phoneની Fast Lifeમાં આપણા કુટુંબના પાંચ સભ્યોને એકસૂત્ર રાખવા મુશ્કેલભર્યું થઈ રહ્યું છે, ત્યારે આપણા જેજેસી પરિવારના ૬૫,૦૦૦થી વધારે વાચક સભ્યદંપતી મિત્રોને આપે 'એક ડાળના પંખી' તરીકે સાથે રાખ્યા છે તે આપની તંત્રીપદની નિષ્ઠા, Positive Attitude દર્શાવે છે. ખરેખર આપશ્રીની કાર્યશૈલી કાબિલે તારીફ છે.

'જાગૃતિ સંદેશ'ના ૧૦૧ અંકોની વણથંભી વિકાસયાત્રાનો વાચક તરીકે હું સાક્ષી છું જે મારા માટે ખૂબ પ્રેરણાદાયી રહેલ છે.

જીવનને માત્ર વિતાવવાનું નથી, વિકસાવવાનું પણ છે તેમ જાગૃતિ સંદેશ માત્ર વાચવાનું નથી, પણ વાંચી વિચારશીલ પણ બનવાનું આ જ ઉક્તિને આપશ્રીએ સાર્થક કરી છે.

જાગૃતિ સંદેશને પણ સમયના બદલાતા વહેણની સાથે રાખી વર્ષ દર વર્ષ Change કરી જાગૃતિ સંદેશને માત્ર આપણા પરિવારના મુખપત્ર તરીકે ન રાખતાં ખૂબ જ વૈવિધ્યપૂર્ણ માહિતીસભર બનાવી જે Corporate Look આપેલ છે તે આપની અનુભવશક્તિનો અને "Result Oriented" કામ કરવાની આપની કાર્યશૈલીનો પરિચય આપે છે, જે 'સાતત્યતા'થી આપે ૧થી ૧૦૧ અંક પ્રકાશિત કરેલ છે તે દર્શાવે છે કે આપ કોઈ પણ કાર્ય માત્ર કરવા ખાતર નહીં, પણ નિષ્ઠા અને હકારાત્મક અભિગમથી જ કરવામાં માનો છો.

આજના 'જાગૃતિ સંદેશ'માં દરેક સભ્ય મિત્રોને આપણાં પરિવારનાં સેન્ટરોની પ્રવૃત્તિઓની જાણ તો થાય જ છે. તે ઉપરાંત જાણીતા અને વિદ્વાન લેખકોના તત્ત્વચિંતક લેખો, ધાર્મિક લેખ, વાસ્તુશાસ્ત્રની માહિતી, ટ્રાવેલ્સની માહિતી, Financial Managementની માહિતી જેવા ઘણા વૈવિધ્યપૂર્ણ વિષયોના તલસ્પર્શી લેખો, માહિતીથી વાચકમિત્રોની જીવનશૈલીમાં, કાર્યશૈલીમાં અને વૈચારિક શૈલીમાં ખરેખર પરિવર્તન લાવે તેવા હોય છે જે આજની Stressful Lifeમાં Stress ઓછો કરવા મોટો ભાગ ભજવે છે.

વિશેષમાં પ્રમુખશ્રીના પ્રેરક ઉદ્‌બોધન ઉપરાંત હમણાંથી ચાલુ થયેલ આપણા પાસ્ટ ચૅરમૅન શ્રી કિરણભાઈ શાહ અને શ્રી જિતેન્દ્રભાઈ કોઠારીની કૉલમ પણ ખૂબ જ પ્રેરણાદાયી અને વિચારોમાં આમૂલ પરિવર્તન લાવનારી છે.

જ્યારે આજના મોંઘવારીના સમયમાં સામાન્ય સાપ્તાહિક, પાક્ષિક, માસિકની કિંમત રૂા. ૩૦થી ૧૦૦ હોય છે ત્યારે માત્ર રૂા. ૫૦/-ના વાર્ષિક લવાજમમાં આટલું સુંદર, વૈવિધ્યપૂર્ણ, માહિતીસભર 'જાગૃતિ સંદેશ' સભ્યમિત્રોને મોકલવામાં આપ અને સેન્ટ્રલ બોર્ડના તમામ પદાધિકારીશ્રીઓ જે રીતે Manage કરી રહ્યા છો તે બદલ જેજેસી પરિવાર આપ સર્વેનો આભારી છે.

અંતમાં તંત્રીશ્રી તરીકેની આપની હવે પછીની કારકિર્દી પણ આવી જ ઉજ્જવળ, ઝળહળતી બની રહે તેવી 'પરસ્પર પ્રેમ અને પરિચયથી પાંગરતા પરિવાર'ના તમામ સભ્યોની પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના...

આભાર સહ... આપનો વિશ્વાસુ

***— ડૉ. પ્રકાશ પી. પટવા***
***જેજેસી-મહેસાણા***

★★★★★

Shri Rameshbhai Sanghvi

Please accept our heartiest congratulations for successful and wonderfully oriented 101 entry into the publication of 'JAGRUTI CENTRE' magazine of our Jain Jagruti Center.

We take this opportunity to appreciate the timely and most required information in the magazine all the time. We, sitting in Kolkata, gets complete information in the magazine all the time. We, sitting in Kolkata, gets complete information about the JJC activities all over India and now aborad too. Jain Jagruti Centre also give us few valuables quotes and knowledge about our religion which is very much of great importance to our members. Information about the matrimonial service is also rendering good cause to our society. All the JJC centre's periodical activities exchanges different ideas amongst them and bring closeness. Small space to jokes added good humors to the members mood. Last but not least the regular Chairman's message is quite inspiring and encouraging all the time.

We once again contratulate you for your sincere efforts.

Please keep it up. Regards!

— *ANILBHAI SHAH*

PRESIDENT/JJC-KOLKATA

★★★★★

Shri Rameshbhai Sanghvi

First of all congrats on publication of 100th Edition of 'JAGRUTI SANDESH'. Entire clever of our Mukhpatra has been changed. Good articles and good maseges also. You have manage your well wishers as well as critics also. My humble suggestion to give equal space to centres other than Bombay. Our Chairman Rameshbhai Morabiya is equally deserve credit for this success. Wish you all the best for future journey.

— *KIRTI ZOTA*

Coordinator-JJC-Bhuj-Kutch

★★★★★

Mr. Rameshbhai Sanghvi,

Dear Sir,

It brings in immense pleasure on the occasion of your release of 101th Edition of Jagruti Sandesh. Your art of depicting various information of activities being conducted by the Central Board and various Jain Jagruti Centres across India is laudable and is very informative.

Hyderabad chapter not only Congratualtes but also Wish you many more such landmarks in the services of Jagruti Sandesh - which has earned great name and fame on the International platform.

We wish the total team of Jagruti Sandesh on achieving this fete.

*Words and phrases are nothing but form of alphabets*

*They become valuable when presented and framed best*

*Which weigh more than Gold and Diamonds in any test*

*Your mastery makes interesting for readers to digest...*

Thanking you,

Yours truly,

PRESIDENT / SECRETARY (JJC-HYDERABAD)

★★★★★

Dear Shri Rameshbhai Morabia,

Chairman - Jain Jagruti Centre-Central Board

Congratulations to you and Jain Jagruti Centre Central Board for successfully managing the complex task of publishing JAGRUTI SANDESH every month.

The magazine has been a tool for the Central Board to be in touch with all the members of all the Centres in India and Abroad. Apart from the details of Central Board and Individual Centres, the magazine has quality contents which are useful for spiritual and overall development of the reader.

The magazine has envolved over time.

From a small publication of 4-6 pages, it now has contents full of details/informations/ideas.

A special mention is due to Shri Ramesh Sanghvi, current Editor for heading Publication since last 99 issues. He is alwsys eager to improve the content and quality of the Magazine.

His selfless hardwork has paid handsome dividends to the magazine. During his tenure, we have seen a lot of change in the Publication. Some of themare as under :

1) The quality and quantity of content has improved a lot.
2) Jagruti Sandesh is now more Colourful and hence a joy to read.
3) Because of the quality and wide readership, we are seeing a lot of good advertisements. This implies that the magazine is financially self sufficient.

Since the next issue will be the 100th one under the leaderhip of Shri Ramesh Sanghvi, I congratulate him personally and on behalf of Jain Jagruti Centre-Malad. Hope that he will work with the same enthusiasm with which he has worked since last months.

Thanking you,

Yours Truly

**AMIT KOTHARI-VICE PRESIDENT**
**JAIN JAGRUTI CENTRE (MALAD)**

★★★★★

---

# મુખપૃષ્ઠ

આશો વદ ૧૨થી શરૂ થનાર દિવાળી તહેવારની શૃંખલા કારતક સુદ પાંચમ સુધી ચાલે છે.

ધનતેરશ (આશો વદ ૧૩)ના દિવસે આપણે ધનવૃદ્ધિની ખેવના સાથે લક્ષ્મીપૂજન કરીને લક્ષ્મીજીની કૃપા માગીએ છીએ. તો લાભપાંચમના દિવસે (કારતક સુદ ૫) વ્યવસાયની શરૂઆત કરી આખું વર્ષ વેપાર-ધંધામાં બરકત થાય તેવી ભાવના ભાવીએ છીએ. લાભપાંચમના દિવસે મુહૂર્તના સોદા પડે છે. શુભ વસ્તુ ખરીદીને, કંસાર ખાઇને શુકન કરીએ છીએ.

આ થઈ અન્યોની વાત. આપણે જૈન વાણિયા શું કરીએ છીએ? લક્ષ્મીજી અને સરસ્વતીજીને એકસરખું મહત્ત્વ આપનાર આપણે સૌ લાભપાંચમને જ્ઞાનપંચમી તરીકે ઊજવી વિદ્યા-અધિષ્ઠાત્રી સરસ્વતીની આરાધના કરીએ છીએ.

તે દિવસે જ્ઞાનનાં સાધનો-પુસ્તકો, કલમ આદિ પર સ્વસ્તિક કરી, ચોખા ચડાવી, વંદન-નમસ્કાર કરી સરસ્વતીમાના આશીર્વાદ માગીએ છીએ અને સરસ્વતીની કૃપા થાય છે એટલે જ યુગોથી વાણિયા બુદ્ધિશાળી ગણાય છે! અને 'બુદ્ધિ વડે ધનપ્રાપ્તિ' એ આપણો ગુરુમંત્ર થઈ ગયો છે. નહીંતર સરસ્વતીદેવી અને લક્ષ્મીદેવી વચ્ચે નારદમુનિ પ્રત્યાર્પિત મન-દુઃખ તો હજારો વર્ષથી છે જ.

એમ કહેવાય છે કે લક્ષ્મીજીએ નારદમુનિની ચડામણીથી કસમ ખાધેલી કે 'જ્યાં સરસ્વતી હશે ત્યાં હું જઈશ નહીં.' બ્રાહ્મણોએ સરસ્વતીનું શરણું લીધું તો ક્ષત્રિયો લક્ષ્મીજીના આશરે ગયા. શુદ્રોને કાંઈ જ ગતાગમ ન પડી તો કોઈના પક્ષે જવું નથી કહીં વિશ્વકર્માને આરાધ્યા અને પુરુષાર્થકર્મી રહ્યા, પણ વાણિયો (જૈન)! અગમચેતી વાપરી બન્ને દેવીને ખુશ રાખ્યા. બુદ્ધિશાળી પણ બન્યો અને ધનવાન પણ બન્યો!

સરસ્વતીની ઉપાસના કરતા કરતા લક્ષ્મીજીની કૃપા મેળવતો રહે તેનું નામ જ વાણિયો! એટલે કે હું, તમે અને આપણે.

મા સરસ્વતી હોય ત્યાં જ્ઞાનના દીવડા પ્રગટે જ અને દીવડા પ્રગટે એટલે પ્રકાશ રેલાય જ. હજી સુધી એવો દીવડો શોધાયો નથી કે જે પ્રકાશમાં અંધકાર લાવે.

તો ચાલો આપણે સૌ આ દિવસે મા સરસ્વતીની આરાધના કરીએ. યાદ રહે કે જ્યાં સેવા, ભક્તિ, વિનય, નમ્રતા, દાતારી, પરોપકાર હોય ત્યાં જ જ્ઞાન સહજતાથી પ્રગટે છે. આ દિવસે જ્ઞાની વ્યક્તિઓ-ગુરુઓ પ્રત્યે અહોભાવ પ્રગટાવવાનો છે.

જય હો!

■ *રમેશ સંઘવી*

# લબ્ધિ
# ગુરુ ગૌતમસ્વામીને નમઃ

■ છાયા પ્રવર કોટેચા

*(ગતાંકથી ચાલુ...)*

૨૪) અક્ષીણ મહાનસ

૨૫) જંઘાચારણ

૨૬) આકાશગામિની

એકવાર ભગવાન મહાવીરે ગૌતમસ્વામીની અનુપસ્થિતિમાં દેશના આપી કે જે કોઈ ઉત્તમ સાધક પોતાની લબ્ધિઓની સહાયથી અષ્ટાપદ તીર્થની યાત્રા કરી, એક રાત્રિ ત્યાં ધ્યાન ધરે, તો તે જીવ મોક્ષને પાત્ર થઈ તદ્ભવ મોક્ષ પામે.

પ્રભુની દેશનાને ઉલ્લાસપૂર્વક શ્રવણ કરીને દેવો પોતપોતાના સ્થાને જતાંજતાં આ વાત એકબીજાને કહેતા હતા તે વાત ગુરુ ગૌતમસ્વામી સાંભળી ગયા અને તેમનું મન કંઈક નિઃશંક થયું, કે પ્રભુએ કહેલું આ કથન જ મને તારશે. મોક્ષનો આવો સરળ ઉપાય જાણ્યા પછી તેઓ અષ્ટાપદ પર્વતની યાત્રા કરવા ઉત્સુક બન્યા અને આજ્ઞાધારક ગૌતમસ્વામી પ્રભુ પાસે પહોંચ્યા. પ્રદક્ષિણા કરી વંદના કરી પ્રભુ પાસે પોતાના ભાવ રજૂ કર્યા. પ્રભુ મહાવીર તો સર્વ વાતના જાણકાર હતા કે ગૌતમની આ યાત્રા અનેક જીવોના આત્માર્થનું કારણ થવાની છે, માટે પ્રભુએ તેમને વાત્સલ્યભાવે સંમતિ આપી અને ગૌતમસ્વામી ત્વરાથી યાત્રા માટે રવાના થયા. તેમના માટે અષ્ટાપદ પર પહોંચવું કંઈ કઠણ નહોતું. તેઓ તો આકાશગામિની વિદ્યાના પ્રભાવથી ગણતરીની પળોમાં અષ્ટાપદ પર્વતની તળેટીએ જઈને ઊભા રહ્યા.

તે સમયે ગિરિરાજની તળેટીમાં કોટિન્ન, દિન્ન અને સેવાળ નામના ત્રણ તાપસો, દરેક પોતાના પાંચસો, પાંચસો શિષ્યોના પરિવાર સાથે પવિત્રગિરિની યાત્રા કરવા માટે આવ્યા હતા, પણ તેમની પાસે લબ્ધિ ન હતી. આથી પ્રથમ તે પ્રાપ્ત કરવા તેઓએ ઉગ્ર તપશ્ચર્યા આદરી હતી.

કોટિન્ન અને તેમના ૫૦૦ શિષ્યો ઉપવાસને પારણે ઉપવાસ કરતાં અને તે સ્થાને મળતાં કંદમૂળ આદિનો આહાર કરી તપશ્ચર્યા કરી પ્રથમ શિખર સુધી પહોંચ્યા હતા. દિન્ન તાપસના પાંચસો શિષ્યો તેમની સાથે બે ઉપવાસના પારણે બે ઉપવાસ કરી કેવળ વૃક્ષનાં પાંદડાં ખાઈને પારણું કરતાં તેઓ આ તપના પ્રભાવથી બીજા શિખરે પહોંચ્યા હતા. જ્યારે ત્રીજા તાપસ સેવાળ અને તેમના શિષ્યો ત્રણ ઉપવાસના પારણે ફક્ત સૂકી સેવાળનો આહાર કરી તપના બળે ત્રીજા શિખર સુધી પહોંચ્યા હતા. હજી પર્વતની આખરી ટોચ તો ઘણી દૂર હતી. ત્યાં પહોંચવા જેટલી તેમની શક્તિ ન હતી. તેઓ નિરાશામાં અટવાયેલા હતા અને ત્યાં તેમણે તેજસ્વી, તપસ્વી, સૌષ્ઠવવાળી કાયાવાળા ગૌતમસ્વામીને આવતા જોયા.

તાપસો વિચારવા લાગ્યા કે આપણા જેવા ઉગ્ર તપસ્વી હજી અહીંયાં જ છે તો આ સ્થૂળકાય શ્રમણ ગિરિરાજની ટોચ ઉપર કેવી રીતે જઈ શકશે? પરંતુ ગૌતમસ્વામી તો સૂર્યનાં કિરણોનો આધાર લઈ પોતાની લબ્ધિઓ વડે ઝડપથી ગિરિરાજ પર ઊડવા માંડયા અને આખરના શિખરે પહોંચી ગયા. આવું અનુપમ દૃશ્ય જોઈને તાપસો સમજી ગયા કે આ કોઈ મહાયોગક્રિયાવાળા સિદ્ધપુરુષ છે. જે કાર્યસિદ્ધિ આપણે છ-છ માસની તપસ્યા પછી પણ ફરી શક્યા નથી, તે આ મહાપુરુષે તો ગણતરીની પળોમાં કરી લીધી. તેથી હવે જ્યારે તેઓ પાછા નીચે ઊતરે ત્યારે આપણે તેમના શિષ્ય બનીને મોક્ષ પ્રાપ્ત કરીશું.

અષ્ટાપદ પર્વતનો મહિમા જ એવો હતો કે લબ્ધિધારી કોઈક જ મુનિ ત્યાં પહોંચતા, પરંતુ રાવણ જેવા મહાવિદ્યાધરો, અનેક દેવો, અસુરોથી ગિરિરાજ પર પ્રભુનો દરબાર ભરેલો રહેતો. એ સર્પને ગૌતમસ્વામીનો યોગ પ્રાપ્ત થયો. તેઓ તેમનો ઉપદેશ સાંભળવાથી પ્રસન્ન થયા. ગૌતમસ્વામી પ્રભુધ્યાનમાં એકતાન થઈ અપ્રમત્તપણે રાત્રિ પૂર્ણ થયે પ્રાતઃકાલે નીચે ઊતર્યા.

ત્યાં તો મુખ્ય ત્રણ તાપસો તેમના શિષ્યો સાથે તેમને વીંટળાઈ વળ્યા અને દીક્ષા દેવા માટે વિનંતી કરવા લાગ્યા. ગૌતમસ્વામીની ઇચ્છા હતી કે પ્રભુવીર પાસે તેઓ દીક્ષા ગ્રહણ કરે, પરંતુ તાપસોએ ભાવના વ્યક્ત કરી કે આ પવિત્ર ભૂમિમાં જ આપ અમને દીક્ષા આપો. તાપસોની યોગ્યતાને જોઈને ગૌતમસ્વામીએ તેમને દીક્ષા આપી અને કેટલાય સમયથી લૂખા-સૂકો આહાર કરતાં શિષ્યોને પૂછ્યું કે તમારે પારણામાં શું ખાવું છે અને શિષ્યોએ કહ્યું કે નિર્દોષ અને ઉત્તમ એવી ખીરનાં પારણાં કરાવો. ગૌતમસ્વામી ગૌચરીમાં ખીર વહોરીને આવ્યા અને તેમાં પોતાના જમણા હાથનો અંગૂઠો પાત્રમાં રાખી પીરસવા લાગ્યા અને ૧૫૦૦ તાપસોનાં પારણાં થયાં, પણ તેમની આવી લબ્ધિ જોઈને સૂકી સેવાળનો આહાર કરવાવાળા ૫૦૦ તાપસોને ત્યાં જ કેવળજ્ઞાન થયું.

પ્રભુનું સમવસરણ અને અતિશયો જોઈને બહાર જ

સૂકાં પાંદડાં આરોગનાર ૫૦૦ તાપસોને કેવળજ્ઞાન થયું અને સમવસરણની અંદર પ્રવેશી, પ્રભુનાં દર્શનના નિમિત્તમાત્રથી ત્રીજા પાંચસો તાપસો જેઓ કંદમૂળ ખાઈને તપશ્ચર્યા કરતા હતા તેમને કેવળજ્ઞાન થયું. ગૌતમસ્વામીએ ૧૫૦૦ શિષ્યોને આજ્ઞા કરી કે પ્રભુને વંદન કરી સામાન્ય સાધુની પર્ષદામાં ગોઠવાઈ જાઓ.

પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! તમે કેવળીની આશાતના ન કરો. પ્રભુવચનને તહત્તિ ગણીને ગૌતમસ્વામી મૌન રહ્યા, પરંતુ તેનું મુખકમળ નિરાશ બન્યું કે મારો મોક્ષ ક્યારે થશે? સર્વજ્ઞ, જાણકાર પ્રભુએ તેમને કહ્યું કે હે ગૌતમ, તમે નિરાશ ન થાઓ, તમને નિજપદની પ્રાપ્તિ આ જ ભવમાં થશે અને ગૌતમસ્વામી નિઃશંકિત થઈ ગયા.

૨૭) પ્રશ્ન પ્રધાના શ્રમણાઃ તેમને મળવા આવનાર સાધુના મનમાં રહેલા પ્રશ્નને જાણે, સમજે અને તે પ્રમાણે જ તેના પૂછયા પહેલાં જ ઉત્તર આપે.

૨૮) સમન્તા-દાસ્વાદન-દ્રાણ-વિલોકનાનીઃ આલોકન, વિલોકન દ્વારા ચારેબાજુ, દૂરદૂર જે સુગંધી પદાર્થો હોય તેમની સુગંધ તેમના સુધી પહોંચે, એટલે કે માઈલોના માઈલો દૂર એક ગુલાબનું ફૂલ હોય તોપણ તેમને સુગંધ આવે.

૨૯) સંભિન્ન સંશ્રોતતયા વિદન્તેઃ માનવ, પંખી, વાજિંત્ર વગેરે ગમે તેટલા દૂર હોય, તે દરેકના અવાજને સ્પષ્ટ રીતે સાંભળી શકે અને ઓળખી શકે.

આ સિવાય પણ ઘણી નાની-મોટી લબ્ધિઓ તેમને સહજ પ્રાપ્ત હતી, પરંતુ તેમનું લક્ષ્ય હતું કેવળજ્ઞાન પ્રાપ્તિ અને મોક્ષ અને તે ન મળતાં ગૌતમસ્વામી હતાશ થઈ જતા અને પ્રભુએ તેને ખુલાસો આપ્યો કે, 'હે ગૌતમ! તમારો મારા પ્રત્યેનો અત્યંત રાગ તમારા કેવળજ્ઞાનને પ્રગટ થવામાં અંતરાયરૂપ બન્યો છે. મોક્ષમાર્ગ માટે પ્રશસ્તરણ પળ કષાય શુભાશ્રવ છે, તેથી તે બાધક છે.

ભગવાન મહાવીર આસો વદ અમાસના, દિવાળીના નિર્વાણ પામ્યા અને વિરહાગ્નિથી મૂંઝાયેલા ગૌતમે શુભવિચારને અંતે શુક્લધ્યાન પામી કેવળજ્ઞાનની પ્રાપ્તિ પછી ગૌતમસ્વામી ૧૨ વર્ષ સુધી વિચરતા રહ્યા. અંતે ૯૨ વર્ષની ઉંમરે અનશન કરી, વૈભારગિરિ પર સર્વ કર્મથી મુક્ત થઈ નિર્વાણ પામ્યા, સિદ્ધ થયા.

ગૌતમસ્વામી વ્યક્તિ નહીં વિભૂતિ હતા, સાધક નહીં મહાસાધક હતા, વામન નહીં વિરાટ હતા. જ્યાં તુચ્છ માણસો ચિંતિત બને તેવા પ્રસંગોમાં પણ તેઓ સ્વસ્થ, સહજ રહી શકતા, જ્યાં આપણે નાના પ્રસંગોમાં પણ વિચલિત થઈ જઈએ છીએ ત્યાં ગુરુ ગૌતમસ્વામી મોટા પ્રસંગોમાં પણ સ્થિર રહેતા. આવા આ ગૌતમસ્વામીના નામની રટણા આપણા પણ મોહ અને અંતરાયોનું છેદન કરશે અને આપણામાં પણ લબ્ધિ પ્રગટાવશે, મોક્ષ અપાવશે. તો ચાલો જાણીએ ગૌતમસ્વામીના મંત્ર જાપને.

૧) ૐ હ્રીં શ્રીં અરિહંત ઉવજ્ઝાય
શ્રી ગૌતમસ્વામીને નમઃ

૨) ૐ હ્રીં નમો ભગવઓ ગોયમસ્સ, સિદ્ધસ્સ, બુદ્ધસ્સ અક્ખિણ મહાણસ્સ લબ્ધિ સંપન્ન ભગવન ભાસ્કરીં મમ વાંછિત પૂરય પૂરય કલ્યાણં કુરુ કુરુ સ્વાહા.

૩) ''ૐ હ્રીં શ્રીં ક્લીં શ્રી ગૌતમાય લબ્ધિ સંપતાય. મહાવીર-શિષ્યાય મમ પ્રસન્ન મનોરથં પૂરય પૂરય સર્વસિદ્ધિ કામનાય વાંછિત ફલદાયકાય નમ।''

દિવાળીના દિવસે વ્રત કરીને ૧૦૮ વાર જાપ કરી દરરોજ સાત વાર ગણવાથી આનંદ થાય છે. સુખ-સંપતિ વધે છે.

## દેખાવડો માણસ

જે માણસ પ્રામાણિક હોય એ માણસ દેખાવડો ન હોય તોય આકર્ષક લાગવા માંડે એનું કારણ શું? વળી, જે માણસ આકર્ષક હોય, પરંતુ અપ્રામાણિક હોય તો એ આપણને કદરૂપો લાગવા માંડે એનું કારણ શું?

માણસના સૌંદર્યમાં તો પ્રામાણિક્તા જ વધારો કરે છે. બહારથી દેખાવડા હોવું એ માત્ર ઉપરવાળાની જ મહેરબાની છે.


પ્રામાણિક્તા માણસની સુંદરતામાં વધારો કરે એ વાત કોણ માનશે? 'Sincerity is Beauty WIthin' માણસની બહારની સુંદરતાનું મહત્ત્વ જરાય ઓછું નથી. અંદરની સુંદરતા ન હોય એવી વ્યક્તિની બહારની સુંદરતા ઓછી થતી હોય છે? ઝઘડાળું સ્ત્રી થોડીક દેખાવડી હો તોય અસુંદર કેમ લાગે છે? પ્રેમાળ સ્ત્રી હોય એના કરતાં વધારે જાજરમાન કેમ લાગે છે? એક જ જવાબ જડે છે. અંદરની સુંદરતા વિનાની વ્યક્તિની બહારની સુંદરતા પર નકારાત્મક અસર પડે છે.

સચ્ચાઈને સ્ટેટસ સાથે કોઈ લેવા-દેવા નથી. સચ્ચાઈનું પોતીકું સ્ટેટસ ક્યાં ઓછું છે? સુંદર વ્યક્તિનો વટ પડે છે, સત્યનિષ્ઠ વ્યક્તિનો પ્રભાવ જ પડે છે.

સત્ય એ જ સૌંદર્ય...

*— નીરવ સી. શાહ-પ્રમુખ જેજેસી-ઉપલેટા*

# પિરામિડ દ્વારા જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને આરોગ્ય



**ભાગ – ૧૧**

આગળના અંકોમાં આપણે પિરામિડની ભૌમિતિક, આકૃતિ, તેના યોગ્ય માપ, ઊર્જા વિષે જાણ્યું. આપણા ઘરનું વાસ્તુ કેવું હોવું જોઈએ. પંચમહાભૂતની ઊર્જાને આપણે ઘરમાં, જીવનમાં કેવી રીતે બેલેન્સ કરવી તે પણ શીખ્યા આપણી જન્મતારીખ પરથી ભાગ્યસમૃદ્ધિ કેવી રીતે વધારી શકાય, ઘરની શુદ્ધિક્રિયા કેવી રીતે કરી એનર્જીને ચેન્જ કરી શકાય તે પણ આપણે જોયું.

આજે આપણે અલગ અલગ ફેક્ટરમાં પિરામિડ કઈ રીતે મદદરૂપ થઈ શકે છે તે જોઈએ...

**બીલ્ડરો માટે :–** વાસ્તુશાસ્ત્ર એ જમીન અને તેના બાંધકામ માટેની અગત્યની સૂચના અને હકીકતો દર્શાવતું એક સાધન છે. બાંધકામ કરતી વખતે પ્લૉટનો આકાર, જમીનની ઊર્જા વગેરે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. એટલે બાંધકામ શરૂ કરતાં પહેલાં અગર જમીનમાં પિરામિડને યોગ્ય પ્રોગ્રામિંગ કરી યોગ્ય રીતે સ્થાપના કરવામાં આવે તો ત્યાં વૈશ્વિક ઊર્જાનો પ્રવાહ વહેતો થશે જેથી કન્સ્ટ્રક્શન વખતે આવતા પ્રોબ્લેમ જેમ કે પેપર વર્ક, લીગલ વર્ક, સિવિલ વર્ક, લેબર વર્ક, ફાઈનાન્સ વર્કમાં આવતી અડચણો, અવરોધો દૂર થશે અને બાંધકામ સહેલાઈથી, જલદીથી, નિર્વિઘ્ને થઈ શકશે અને ત્યાં રહેવા આવનાર દરેકની સુખાકારી, સંપત્તિ, તંદુરસ્તી, શાંતિ વગેરે વધશે. બાંધકામ પૂર્ણ થઈ ગયું હોય તેવાં બિલ્ડિંગોમાં તકલીફો હોય તો તેમાં પણ તોડફોડ વગર પિરામિડનો ઉપયોગ કરી વાસ્તુદોષનું નિવારણ થઈ શકે છે.

**ઘર, ઑફિસ, ફૅક્ટરી, દુકાન :–** આ દરેકમાં અનેક વાસ્તુદોષ હોય છે જેના લીધે આપણા જીવનમાં આર્થિક, માનસિક, શારીરિક સમસ્યાઓ થાય છે તેમાં પણ પિરામિડ યંત્ર દ્વારા 'પૉઝિટિવ એનર્જી વધારી' વાસ્તુદોષ નિવારી શકાય છે. ઉપરોક્ત દરેક જગ્યામાં તોડફોડ કર્યા વગર પિરામિડના યોગ્ય ઉપયોગ દ્વારા વ્યક્તિમાં માનસિક શાંતિ, સાત્ત્વિક વિચારો, મનોબળ, આત્મવિશ્વાસ, સુખ- સંતોષ જેવા ગુણો વિકસાવી શકાય છે. બિઝનેસમાં સુધાર લાવી શકાય છે. ફૅક્ટરીમાં પ્રોડક્શન, લેબર વર્ક, ઑર્ડરને પહોંચી વળવાની ક્ષમતા, કર્મચારીઓ ટકતા ન હોય, સેલિંગ ફાસ્ટ કરવા વગેરે બાબતોમાં પિરામિડના યોગ્ય ઉપયોગ દ્વારા સચોટ પરિણામ મેળવી શકાય છે.

**આરોગ્ય માટે પિરામિડ :–** પિરામિડથી ચાર્જ કરેલ પાણીમાં પિરામિડની ચુંબકીય શક્તિ એ પાણીમાં પરાવર્તિત થાય છે. એ પાણીના ઉપયોગથી બીમારી, શરીરના દુખાવા, સાંધાના દુખાવામાં રાહત થઈ શકે છે. પેટના રોગ, ત્વચાના રોગમાં પણ ફાયદો થઈ શકે છે. પિરામિડ કૅપને માથા પર પહેરવાથી માથાનો દુખાવો, આધાશીશી, સાઈનસ, ટેન્શન, ડિપ્રેશન, અનિદ્રા, વાળ ખરવા જેવા રોગોમાં મુક્તિ મળે છે. તેનાથી મનને શાંતિ મળે છે, એકાગ્રતા વધે છે, પેટનો દુખાવો, ઍસિડિટી જેવા રોગોમાં પણ કામ આવે છે. પિરામિડ નીચે રાખવામાં આવેલ ફળ, શાકભાજી, ફૂલ લાંબા સમય સુધી તાજાં રહે છે. હતાશા, નિરાશા દૂર કરી આશાવાદી, ઉત્સાહી–આનંદી બની શકાય છે.

**બીજા અનેક ફાયદા :–** બે વ્યક્તિ વચ્ચે અરસ-પરસ પ્રેમ, હાર્મની વધારી શકાય છે. મંદિર કે પૂજા રૂમમાં પિરામિડ લગાવવાથી, દરેક રૂમમાં પિરામિડ રાખવાથી હાર્મની, શાંતિ વધે છે. પરસ્પરના કલહ મટે છે. બાળકોના અભ્યાસમાં સુધાર લાવી એકાગ્રતા વધારી શકાય છે. પિરામિડ દ્વારા મેડિટેશન કરવાથી યોગ્ય રીતે ધ્યાન લાગી શકે છે. પ્રાણશક્તિ અને આત્મવિશ્વાસમાં વધારો કરી શકાય છે. ઈચ્છાપૂર્તિ પણ કરી શકાય છે.

આવી રીતે પિરામિડથી જીવનમાં સુખ, સમૃદ્ધિ, શાંતિ અને આરોગ્ય વધારી શકાય છે. પિરામિડના અનેક ફાયદાઓ છે જે દરેકનો અહીં સમાવેશ કરવો શક્ય નથી. બસ એટલું જ ધ્યાન રાખવું જરૂરી છે કે પિરામિડનું યોગ્ય રીતે પ્રોગ્રામિંગ, યોગ્ય રીતથી યોગ્ય જગ્યાએ સ્થાપન થવું જરૂરી છે.

■ *મીનાક્ષી શેઠ (૯૩૨૦૨૭૭૬૫૫)*

# જિંદગી પછી પણ જીવીએ

■ જિતેન્દ્ર કોઠારી (IP Chairman)

**આજકાલ શિક્ષિત લોકો પણ દેહદાન કરી રહ્યા છે. સરકારી હૉસ્પિટલના એનેટોમી વિભાગમાં દેહદાન કરી શકાય. તે વિશેની પૂરક માહિતી આગામી અંકમાં પ્રસિદ્ધ કરીશું. દેહાદાન વિશે સંપૂર્ણ લેખ અગાઉના 'જાગૃતિ સંદેશ'માં આવી ગયેલ છે.**

**મુંબઈની જેમ જ, અન્ય મોટાં શહેર – અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગરમાં સંસ્થાઓ આવા પુણ્ય કાર્યમાં કાર્યરત હશે જ. તેને લગતી માહિતી તે શહેરના જૈન જાગૃતિ સેન્ટરના કોઈ પણ સભ્ય જો જણાવે તો 'જાગૃતિ સંદેશ'માં અનુકૂળતાએ જરૂરથી જાહેર જનતાના લાભાર્થે છાપીશું.**

***– તંત્રી***

ટી.વી. બંધ કરવાની ફરજ પડી. મન ખિન્નતાથી ભરાઈ ગયું. ૨૨ વર્ષની એક હોનાહાર આશાસ્પદ દીકરીને એક અલ્લડ, છેલબટાઉ, BPL – બાપના પૈસે લીલાલહેર કરતા બે જવાબદાર યુવકે દારૂના નશામાં ડ્રાઈવિંગ કરતા સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવી ઉડાવી દીધી. આ ઘટના ટી.વી. પર આવતી હતી. આવી ઘટના તો હવે સામાન્ય થઈ ગઈ છે. પ્રશ્ન એ થાય છે કે આપણા દેશમાં શું કાયદાઓ જ નથી? દરેક ગલીએ ગલીએ હવાલદારને ગોઠવવાનું શક્ય નથી, પણ દરેક ડગલે કાયદા તો લાગુ પડે જ છે. જો કાયદાનું કડકપણે ભ્રષ્ટચારથી મુક્ત રહી પાલન કરવામાં આવે તો જરૂરથી ઘણો જ ફરક પડે. ખેર! આ વિશે વધારે ચિંતન પછી ક્યારેક કરીશું. હાલમાં જે વાત કરવા જઈ રહ્યો છું તે સમાજને સ્પર્શતી છે જે માનવસમસ્યાના ઉકેલ તરફ દોરી જાય છે.

સમાચાર ચૅનલ પર જે યુવતી એક્સિડન્ટથી મૃત્યુ પામી તેની મમ્મીનો ઇન્ટરવ્યૂ આવતો હતો. છોકરી કૉલેજની ડિગ્રી લઈને હાલમાં જ સર્વિસ પર લાગેલી. મા-બાપની એકની એક આશા સમાન હતી. તેની મમ્મી કહે કે તે એકદમ સાલસ, પરોપકારી, ધાર્મિક વૃત્તિની હતી. કોઈ પણ દુઃખિયા જીવને કામમાં આવતી. અકસ્માતના સમાચાર સાંભળી અમે હતપ્રભ થઈ ગયાં ત્યારે એક ડૉક્ટરનો ફોન આવ્યો. દીકરીના ઘણા Organ બીજી જીવંત વ્યક્તિને કામમાં આવી શકે તેમ હતા, પણ તે બાબત નિર્ણય વિનાવિલંબે કરવાનો હતો. ત્વરિત નિર્ણય લેવાય તો જ આંખ, સ્કીન, કિડની, લીવર વગેરેનું ડોનેશન દઈ બીજી જીવંત, પણ ઊણપ ભોગવતી વ્યક્તિમાં પ્રત્યારોપણ કરી તેમની જિંદગીમાં રોશની આવે તેમ હતું. અમે અમારું અસહ્ય દુઃખ થોડી વાર વિસારે મૂકી બુદ્ધિના તરંગો અને હૃદયનાં સ્પંદનોનું એકાત્મ સાધી નિર્ણય લીધો. જે થવાનું હતું તે થઈ ગયું, પણ પરોપકારી વૃત્તિ ધરાવતી દીકરીનાં અંગો તેના મૃત્યુ પછી બીજી વ્યક્તિના પ્રાણ બચાવી શક્તા હોય તો અમારી દીકરી પાંચ-છ વ્યક્તિમાં જીવંત થઈ જશે અને તેની સ્મૃતિ કાયમ રહેશે. કેટલો ઉમદા વિચાર, કેવી ઉત્તમ ભાવના અને નિર્ણય! તેનાં મા-બાપને ભયંકર આઘાત લાગેલો. બાકીની જિંદગી જીવવાનું દુષ્કર થઈ ગયેલ, પણ બીજી બાજુ અનહોનીને પચાવી લઈ એક સત્કર્મ કરવાનો સંતોષ હતો.

વિચારણા માગી લે તેવો કિસ્સો છે.

ભગવાને સૃષ્ટિનું સર્જન કર્યું અને માણસનો જન્મ થયો, પરંતુ કરોડો માણસો હોવા છતાં દરેક જીવંત માનવી એક હાલતું ચાલતું મિરેકલ છે. એક માણસનું શરીર જ્યારે નૉર્મલ હોય ત્યારે આપણે બહુ જ સહજતાથી લઈએ છીએ, પરંતુ આ નૉર્મલ માણસનું શરીર એટલે હજારો મિરેકલનું કૉમ્બિનેશન છે અને ત્યારે જ એક માણસ નૉર્મલ થાય છે.

ઝીણવટથી વિચાર કરીએ, માણસના શરીરમાં કેટલા બધા Perfect Combinations હોય ત્યારે એક માણસ Normal કહેવાય છે અને કદાચ એમાં થોડો ફરક પડે તો એ માણસ Abnormal કહેવાય. એટલે જ દુનિયામાં Normal થવું એ મોટી Abnormality છે.

હજારો વર્ષના ઇતિહાસ પછી અને સારાય વિશ્વના નોબલ પ્રાઈઝ વિનર વૈજ્ઞાનિકોને ભેગા કર્યા અને બધા મળ્યા પછી પણ ભગવાનની સૃષ્ટિના Starting Points સુધી નથી પહોંચી શક્યા. હજી પણ આપણે માણસના શરીરના Organ રિપ્રોડ્યુસ નથી કરી શક્યા. આ આપણાં ઇતિહાસ અને વિજ્ઞાનની લાચારી છે.

જેમ પરીક્ષામાં બેઠેલો વિદ્યાર્થી પ્રશ્નના જવાબ ન આવડતા લાચાર થઈ જતો હોય છે ત્યારે બીજા પાસેથી

કાંઈક મેળવવાની કોશિશ કરે છે ત્યારે આપણે તેને Copy કહીએ છીએ અને સમયસર એ ન કરી શકતા વિદ્યાર્થી Fail થઈ જાય છે અને જ્યારે માણસના શરીરમાં કોઈ ખામી સર્જાય, એના કોઈ Organ Fail થઈ જાય ત્યારે તેના માથે લટકતી તલવાર હોય છે અને સમયસર Organ Doner ન મળતા એ માણસ પણ Fail થઈ જાય છે.

દરેક માણસે જિંદગીમાં કાંઈક પરોપકારી સેવાકાર્ય કરવા જોઈએ, પણ ઘણાને આવો કોઈ મોકો કે સંજોગો પ્રાપ્ત થતા નથી અથવા તો આવી ફિલોસોફીમાં ફિટ થતા નથી, પણ જો જિંદગી પછી પણ કોઈના કામમાં આવી શકીએ તો તેનાથી ઉત્તમ કાર્ય શું હોઈ શકે? જોકે, એ બાબતનો નિર્ણય કુટુંબીજનો જ લઈ શકે છે.

હાલમાં પ્રવર્તમાન ઉદ્દામ વિચારધારાથી પ્રેરાઈને કેટલાક લોકો પોતાની હયાતીમાં જ Organ Donationની વ્યવસ્થા કરતા જાય છે, જે આવકાર્ય છે. વિજ્ઞાનની શોધના પરિણામે આજે માનવશરીરનાં અમુક Organ મૃત્યુ બાદ પ્રત્યાર્પણથી બીજા માનવોને કામમાં આવે છે. આ માટે ઘણીબધી સેવાભાવી સંસ્થા કાર્યરત થઈ છે, જેઓ નિઃસ્વાર્થ ભાવે જનતાને આ કાર્યની યથાર્થતા વિશે સમજાવે છે અને ત્વરિત નિર્ણય લેવડાવી ઝડપી કાર્યવાહી કરે છે. અનેક સંસ્થાઓના પ્રયત્નોના પરિપાકથી આજે ચક્ષુદાન, ત્વચાદાન તથા કિડનીદાનના પ્રસંગો બની રહ્યા છે. આવા માનવતાવાદી કાર્ય સાથે સંકળાયેલ દરેક સંસ્થાઓને Hats Off !

આમાંની એક વિશિષ્ટ સંસ્થા જેનો હું ઉલ્લેખ કરવા જઈ રહ્યો છું તે છે સાયન-માટુંગામાં છેલ્લાં ૩૦ વર્ષથી કાર્યરત 'Sunday Friends' નામની સંસ્થા કે જે સેંકડો નિઃસ્વાર્થ સેવાયુક્ત કાર્યકર્તાઓ ધરાવે છે. આ કાર્યકર્તાઓ ATA (All Time Alert) છે, કારણકે આ પ્રકારના કિસ્સા દિવસ-રાતની ગમે તે ક્ષણે આવે છે. તે મુખ્યત્વે ‘સાયન હૉસ્પિટલ’ સાથે સંલગ્ન છે. તેમના પ્રયત્નોથી અને પ્રેરણા અને પુરુષાર્થથી અત્યાર સુધીમાં હજારોનાં ચક્ષુદાન થયાં છે અને ભારતમાં એક રેકર્ડ સમાન ૫૧૦ જેટલાં ત્વચાદાન સફળતાપૂર્વક થયાં છે. દર વર્ષે તેઓ રક્તદાન શિબિરનું આયોજન કરે છે અને તેમાં લગભગ ૧૨૦૦/૧૩૦૦ બોટલ રક્ત એકત્રિત કરે છે.

Life Saving Drugની એક બેંક બનાવી છે. Pre Matured Baby માટે Neo Netal Care Unit બનાવ્યું છે. Diabetic તથા Kidney Failure Patients માટે Subsidised Rateથી Insulin Injection આપે છે અને Dialysis કરવામાં આવે છે. જેજેસી માટે ગર્વની વાત એ છે કે અમારા જેજેસી-સાયન-માટુંગાના પદાધિકારીઓ તથા સભ્યો આ સંસ્થાની વ્યવસ્થામાં સેવા આપી રહ્યા છે.

આ સંસ્થા – Sunday Friends – ની એક આગવી વિશિષ્ટતા એ છે કે ૩૦ વર્ષથી અવિરત કાર્યરત હોવા છતાં તેનું કોઈ બંધારણ નથી, કોઈ પ્રમુખ કે સેક્રેટરી કે ટ્રેઝરર જેવા હોદ્દા નથી. બધા જ કાર્યકરો સ્વયંભૂ પ્રેરણાથી ચીંધેલું કાર્ય સંનિષ્ઠાથી કરી રહ્યા છે. 'Call' આવે ત્યારે સૌ એકબીજાને Contact કરી અનુકૂળતા મુજબ તરત જ ભાગે છે. દુનિયામાં કદાચ એક જ આવી સંસ્થા હશે જ્યાં કોઈ ઉચ્ચ-નીચ હોદ્દા નથી અને તેથી ત્યાં હોદ્દા મેળવવા કોઈ ચડસાચડસી નથી, હરીફાઈ નથી કે નથી કોઈ રાજકારણ. બધા જ સેવાધર્મથી પ્રેરાઈને આ સંસ્થામાં જોડાય છે. સેવાનું કોઈ જ કાર્ય તેમના માટે અસ્પૃશ્ય નથી.

આવા પ્રકારના Organ Donationમાં ચક્ષુદાનથી બધા પરિચિત છે, પણ આજે હું ત્વચાદાન પર પ્રકાશ પાડીશ. આપણે કદાચ કલ્પના પણ ન કરી શકીએ કે Skinની જરૂરિયાત કેટલી છે? આજે જો Normal Position કરવી હોય, તો ૯૦,૦૦૦ Skin Donor જોઈએ. આજે Skinની એટલી બધી અછત છે કે જેટલી મળે તેટલી તરત જ વપરાઈ જાય છે, કારણ રોજના Burning Case એટલા બધા હોય છે કે આપણને અરેરાટી થઈ જાય.

એક કડવું સત્ય છે, આ દેશમાં જેટલા Burn Case થાય છે એમાં ૮૦% મહિલાઓ તથા બાળકોના હોય છે. આમાંથી ૩૦% થી ૩૫% Dowry Caseના હોય છે. આપણા દેશમાં Pratibhatai Patil, Meera Kumar અને Sonia Gandhi જેવી કદાવર ગજાની મહિલા નેતા હોવા છતાં આટલા Dowry Case થાય એ ખરેખર શરમજનક બાબત કહેવાય. આજે પણ Burn થયેલા Caseમાં ફક્ત Mumbaiમાં દર વર્ષે ૧૦૦૦ વ્યક્તિ મૃત્યુ પામે છે.

ત્વચાદાન મૃત્યુ બાદ ૬થી ૭ કલાકની અંદર કરી શકાય છે અને મૃતદેહની પગ અને સાથળમાંથી ત્વચા લેવાય છે.

માણસના શરીરમાં Skinના ૮ Layer હોય છે અને આમાં ફક્ત એક જ Superficial Layer લેવાય છે. આ કાર્યમાં ઘરે-હૉસ્પિટલમાં, જ્યાં પણ મનુષ્ય મૃત્યુ પામે ત્યાં આવીને ત્વચા લઈ જવામાં આવે છે. ગંભીર રીતે દાઝી

ગયેલી વ્યક્તિનાં દાઝેલાં અંગ પર સ્કીન ગ્રાફ્ટિંગ કરવાથી ઘા જલદી અને સારી રીતે રૂઝાય છે અને દરદીને જીવનદાન મળે છે. ત્વચાદાન બાદ લોહી નીકળતું નથી કે પાટાપિંડી કરવી પડતી નથી. ત્વચાદાનની વિધિ ૩૦થી ૪૫ મિનિટમાં પૂરી થઈ જાય છે.

આમાં ૧૮ વર્ષથી ઉપરનાં કોઈ પણ Male-Female Skin તેમ જ Organ Donate કરી શકે છે.

મુંબઈ માટે સાયન હૉસ્પિટલ ૨૪૦૭૬૩૮૧ અથવા Sunday Friends – ૯૮૨૦૦૭૫૬૪૫ પર સંપર્ક કરી ટીમને બોલાવી શકાય. આ જ પ્રમાણે મૃત વ્યક્તિનાં અન્ય અંગો-Organ પણ બીજી જરૂરતમંદ વ્યક્તિઓને ટ્રાન્સપ્લાન્ટ કરી શકાય. કિડની, કોર્નિયા, લીવર, પેનક્રિયાઝ, હાર્ટ, હાડકાં પણ પ્રત્યારોપણ કરી શકાય અને બીમાર વ્યક્તિના જીવન નવપલ્લવિત કરવાનું પુણ્ય પ્રાપ્ત કરી શકાય.

લોકોની અણસમજણને કારણે જ હજી પણ ઘણાબધા Skin તેમ જ Organ Donor આગળ આવતા નથી.

હમણાં જ ૫૦૦ મી. Skin જેમણે આપી એમની ઉંમર ૯૫ વર્ષની હતી.

## અભિસારિકા

ચાલી જતી એ સરિતા આજ
જાણો કો અભિસારિકા આજ
સજી સોળે શણગાર સાજ
ચાલી પ્રીતમ સાગરને મળવા કાજ

બની ધોધ પહાડેથી પડતી
કંટક પુષ્પ થકી વહેતી
ઝાડી ઝાંખરા મહી માર્ગ કરતી
ચાલી જતી કશે ન રુકતી (કુદરતી)

કદિ શાંત સરળ નદી બની
કદિ મીઠું વહેતું ઝરણું બની
ચાલી જતી એક ધ્યેય ધરી
મનમાં પ્રીતમનું ધ્યાન ધરી

*– ડૉ. આરતી નલિન વોરા*


**જૈન જાગૃતિ સેન્ટર – કાંદિવલી**

સંચાલિત



**જૈન સગપણ માહિતિ સેન્ટર**

(શ્રી કિરીટભાઈ ભાઈલાલભાઈ શાહ પરિવાર પ્રેરિત)



**ચતુર્થ યુવક – યુવતી પરિચય સંમેલન (ગ્રેજ્યુએટ યુવા મેળા)**

રવિવાર તા. ૨૭ મી જાન્યુઆરી ૨૦૧૩ • સમય : સવારે ૧૦.૦૦ થી ૨.૦૦

બે અલગ પરિવારોની પરંપરા, બે અલગ અલગ પાત્રોની વર્તમાન જીવનશૈલીની વિવિધતાનો સમજણથી સમન્વય કરીને આપના ભાવિ જીવનને સગપણના સેતુ પ્રતિ દોરી જતો ''મંગલ મંચ'' એટલે જ ''**જૈન સગપણ** માહિતી સેન્ટર'', જેના દ્વારા રજિસ્ટર્ડ થયેલા, મુંબઈ કે મુંબઈ બહારના માત્ર અપરિણીત સ્નાતક (ગ્રેજ્યુએટ) થયેલા, જેઓની વય **૨૧ થી ૩૧ સુધી**ની જ હોય એવા જૈન સમાજના લગ્ન ઈચ્છુક યુવક/યુવતીઓને તા. **૫ જાન્યુઆરી ૨૦૧૩ સુધી**માં તેમનું **નામ રજીસ્ટર્ડ** કરાવીને આ સંમેલનમાં સહભાગી થવા અમારું હાર્દિક આમંત્રણ છે.

સંપર્ક સૂત્ર : જૈન સગપણ માહિતી સેન્ટર

દુકાન નં. ૯, સાંઈરાજ ગાર્ડન, હેમુકલાની રોડ નં. ૩ (ઈરાની વાડી), મોદી પાર્કની સામે,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૭. ફોન : ૨૮૬૬ ૦૧૬૯ મો. : ૯૩૨૦૨૬૦૬૦૮, ૯૮૨૧૦૫૦૧૬૯
Website : www.jjckandivali.com • Email : info@jjckandivali.com

Letter Langauge 65257743

# જૈન પત્રકારત્વ : એક દૃષ્ટિપાત

■ ગુણવંત બરવાળિયા

પત્રકારત્વનું બીજ ખૂબ પ્રાચીન છે. પ્રાચીનકાળમાં સમાચાર-સંદેશા મોકલવાનું કામ કબૂતર અને પોપટ જેવાં પંખી દ્વારા કરાતું.

નગારાં, ઢોલ, બુંગિયા, ડફલી, ઢંઢેરો પીટાવવો, ઢોલ વગડાવવા, ભેરી વગાડવી, શંખ, ઝાલર વગડાવવા, સંદેશા માટે ખેપિયો મોકલવો, અનુચર અને દૂત દ્વારા ખબર મોકલવી.

કવિ કાલિદાસે મેઘને અને કવિકાન્તે ચંદ્રને સંદેશવાહક બતાવ્યા છે. આધુનિક યુગમાં માનવમૂલ્યોની સ્થાપના અને તેના સંસ્કરણમાં સમાચારપત્રોનું સ્થાન સર્વોપરી છે. માણસના જિજ્ઞાસુ સ્વભાવને કારણે અને તેના મનોરંજન, કલા, ઉદ્યોગ-વ્યાપાર, આરોગ્ય, ધર્મ, હવામાન, નવી શોધો, દેશવિદેશના સમાચારો વગેરે ગતિવિધિઓ જાણવા સમાચારપત્રોનું, સામયિકોનું, સમૂહ માધ્યમોનું સ્થાન જીવનમાં મહત્ત્વનું બન્યું છે.

૧૮મી સદીથી વર્તમાનપત્રો અને સામયિકોની શરૂઆત થઈ. મુદ્રણકલાના વિકાસ સાથે સમાચારપત્રોનો વિકાસ થયો. સન ૧૭૮૦માં હિન્દુસ્તાનના પત્રકારત્વે પ્રથમ ડગ માંડ્યું. ૨૪ જાન્યુઆરી, ૧૭૮૦ના રોજ શનિવારે કોલકાતાથી જેક્સ ઑગસ્ટ હિક્કી નામના અંગ્રેજે 'હિકીઝ બંગલા ગેઝેટ ઑફ ધી ઑરિજિનલ કોલકાતા' નામે અખબાર કાઢ્યું. પાછળથી તે 'બંગાલ ગેઝેટ'ના નામથી પ્રસિદ્ધ થયું. આ અખબારથી ભારતમાં પત્રકારત્વનો શુભ આરંભ થયો. બંગાળીમાં ૩૧ મે, ૧૮૧૮ના કોલકાતાથી 'સમાચાર દર્પણ' શરૂ થયું તે દેશી ભાષાનું પ્રથમ પત્ર. ૧૮૨૮માં રામમોહન રાયે 'સંગબાદ કૌમુદી' અને ૧૮૨૨ની પહેલી જુલાઈએ ફર્દુનજી મર્ઝબાને 'શ્રી મુંબઈના સમાચાર' નામનું પત્ર કાઢ્યું.

સન ૧૮૫૯માં અમદાવાદમાંથી 'જૈન દીપક' નામના માસિકનું પ્રકાશન થયું અને આમ જૈન પત્રકારત્વની જ્યોત પ્રગટી. એક રીતે જોઈએ તો જૈન પત્રકારિત્વનો ઇતિહાસ ૧૫૦થી વધુ વર્ષનો ગણી શકાય. ૧૯૫૯થી ૨૦૧૨ સુધીમાં જૈનોના બધા ફીરકાના અને જૈન સંસ્થાઓના મળીને ૭૦૦ જેટલાં પત્રો પ્રગટ થયાં છે અને તે ઉપરાંત ઈન્ટરનેટ પર માત્ર ઓનલાઈન ઉપરનાં પત્રોની સંખ્યા પણ ઘણી છે.

દુનિયાના કોઈ એક સમાજે આટલી મોટી સંખ્યામાં ધાર્મિક-સામાજિક પત્રો પ્રગટ કર્યાં હોય એવી શક્યતા જણાતી નથી. ભારતના વિવિધ પ્રાંતો અને વિદેશમાંથી હિન્દી, ગુજરાતી, મરાઠી, તામિલ, કન્નડ, બંગાલી, સંસ્કૃત અને ઇંગ્લિશ સહિત ૧૦ ભાષામાં આ પત્રો પ્રગટ થાય છે.

પ્રથમ ગુજરાતીમાં ૧૮૫૯માં અમદાવાદથી 'જૈન દીપક', ૧૮૮૦માં હિન્દી ભાષામાં પ્રથમ 'જૈન પત્રિકા', પ્રયાગથી ૧૮૮૪માં પ્રથમ મરાઠી ભાષામાં 'જૈન બોધક' અને ઉર્દૂ ભાષામાં 'જિયાલાલ પ્રકાશ' અનુક્રમે શોલાપુર અને ફરૂખનગરથી, ૧૯૦૩માં પ્રથમ તામિલ ભાષામાં 'ધર્મશીલન', મદ્રાસ (ચેન્નઈ)થી પ્રથમ કન્નડ ભાષામાં ૧૯૮૦માં 'જિનવિજય', બેલગામથી અને ૧૯૨૩માં બંગાળી ભાષામાં 'જિનવાણી' પ્રથમ કોલકાતાથી પ્રગટ થયાં.

સંચાલનની દૃષ્ટિએ જૈન પત્રકારત્વને નીચે પ્રમાણેના વિભાગોમાં મૂકી શકાય.

- ફીરકા અને સંપ્રદાયનાં પત્રો
- વ્યક્તિગત માલિકીનાં પત્રો-પત્રિકાઓ
- જ્ઞાતિની સંસ્થા-મંડળો, સમાજનાં પત્રો
- પૂ. ગુરુભગવંતો, પૂ. સતીજીઓ પ્રેરિત પત્રો-પત્રિકાઓ
- દેશ-વિદેશની જૈન સંસ્થાઓ અને ફેડરેશનનાં મુખપત્રો

કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિએ સન ૧૯૮૧માં મુંબઈથી પ્રથમ જ્ઞાતિપત્રનો શુભારંભ કર્યો. યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરસુરીજીની પ્રેરણાથી સન ૧૯૦૯માં સાધુજી પ્રેરિત પ્રથમ 'બુદ્ધિપ્રભા' માસિકનું અમદાવાદથી મંગલાચરણ થયું. શરૂઆતના તબક્કામાં 'જૈન દીપક', જૈન દિવાકર માસિક 'જૈન સુધારસ', 'જૈન હિતેચ્છુ', 'જ્ઞાનપ્રકાશ', 'ધર્મોદય', 'તત્ત્વવિવેચક', 'આનંદ', 'શ્રાવક', 'સનાતન જૈન', 'શ્વેતામ્બર કૉન્ફરન્સ હેરલ્ડ', 'જૈન પતાકા', 'સમાલોચન', 'બુદ્ધિપ્રભા', 'જૈન સાપ્તાહિક', 'પ્રબુદ્ધ જૈન', 'આત્માનંદ પ્રકાશ', 'જૈન પ્રકાશ' અને 'જૈન' જેવાં ગુજરાતી માસિક પત્રોએ ધર્મની સમજ અને સમાજસુધારાનું નોંધપાત્ર કામ કર્યું હતું.

આ પત્રોએ લોકકેળવણીનું પણ કામ કર્યું. ત્યારે બાળલગ્નો અને વૃદ્ધલગ્નો સામાન્ય હતાં. કન્યાવિક્રય થતો. બાળવિધવા કે યુવાવિધવા પર સમાજનાં કડક

નિયંત્રણો હતાં. મૃત્યુ પછીની વિધિ દિવસો સુધી ચાલતી. જમણવારો થતાં, લગ્નપ્રથા પણ જટિલ હતી. ઉપપત્ની રાખવી કે એકથી વધુ પત્ની રાખવી તે મોભો ગણાતો. પરદેશગમન કરનારને આકરી સજા થતી. સાધુ સંસ્થા પર યતિસંસ્થાનું નિયંત્રણ હતું. સાત ક્ષેત્રોની જાળવણીનું જ્ઞાન ન હતું. આવા કાળમાં આ પત્રોએ ધર્મની સાચી સમજણ આપવાનું અને સામાજિક સુધારાનું ઉત્કૃષ્ટ કાર્ય કર્યું.

પછીના તબક્કાનાં પત્રો, ધાર્મિક સાથે જ્ઞાતિ પત્રો ને સામાજિક પત્રોનો ઉદય થયો. તેમણે જ્ઞાતિઉત્કર્ષ અને શાસન સંગઠનની વિચારધારાને આગળ ધપાવવાનો પુરુષાર્થ કર્યો.

જૈન પત્રકારત્વના ત્રીજા તબક્કાનાં પત્રો શાસન સમાચાર, જૈન શિક્ષણ, યુવા અને મહિલા ઉત્કર્ષનાં લખાણોમાં રસ દાખવી રહ્યાં છે તે શ્રાવકાચારની સમજણ આપવા સાથે સાધુજીવનની સમાચારીની પણ સમજણ આપે છે.

જ્ઞાતિપત્રો સગપણ (વેવિશાળ)ના પ્રશ્નને હલ કરવા કન્યા-મુરતિયાની યાદી પણ પ્રગટ કરે છે. સમાજ કે જ્ઞાતિમાં ચાલતી વૈદ્યકીય-તબીબી રાહત અને શિક્ષણ રાહતની વિગતો ઉપરાંત નોકરી-ધંધા-ઘર વ.ની વિગતો પ્રગટ કરી સમાજઉપયોગી જનહિતનાં કાર્યો કરે છે. 'દશા શ્રીમાળી', 'ઓશવાળ', 'પોરવાળ', 'ઘોઘારી દર્પણ', 'કાઠિયાવાડી જૈન', 'સમાજ ઉત્કર્ષ (મચ્છુકાંઠા)', 'કચ્છી પત્રિકા', 'ઝાલાવાડી પત્રિકા', 'રાજસ્થાની પત્રિકા', 'મેવાડ સમાજ', 'પંજાબ જૈન સભા' વગેરે અનેક જૈન જ્ઞાતિપત્રો ધાર્મિક ઉપરાંત સમાજ અને જ્ઞાતિનાં કાર્યોની વિગતો પ્રગટ કરે છે.

'દશા શ્રીમાળી' પત્ર સત્ત્વશીલ સાહિત્ય, જનહિત પ્રવૃત્તિ અને 'લગ્નસંબંધી' વિગતો માટે ઘણું જ લોકપ્રિય બન્યું છે.

પહેલા 'પ્રબુદ્ધ જૈન' અને હવે 'પ્રબુદ્ધ જીવન' ધર્મ, તત્ત્વજ્ઞાન અને સંશોધનાત્મક લેખો પ્રગટ કરતું ઉત્તમ માસિક છે. 'વિશ્વવાત્સલ્ય', 'પ્રાણપુષ્પ', 'જૈન ક્રાંતિ', 'જિનશાસન સંદેશ' (સુરત), 'મુક્તિદૂત', 'પ્રેરણાપત્ર' કલ્યાણ, 'શાસન પ્રગતિ', 'ગુરુપ્રસાદ', 'ધર્મભાવના', જિનવાણી, ગુજરાતીમાં તો જૈન જગત, શાશ્વતધર્મ 'જિનવાણી' જૈન પ્રકાશ (દિલ્હી), જૈન ગેઝેટ (લખનઊ), શ્વેતામ્બર જૈન 'શ્રમણોપાસક', 'દિગમ્બર જૈન મહાસમિતિ પત્ર', 'શ્રમણ સંઘ દર્પણ', 'ગજેન્દ્ર સંદેશ', 'સાધુમાર્ગીયે પત્રિકા', 'અમરભારતી', હિન્દી જૈન પત્રો છે. દિગંબર ફીરકાની મુખ્ય પત્રિકાઓ હિંદી ભાષામાં 'અર્હત વચન' (ઇન્દોર), અનેકાંત (દિલ્હી), જૈન મિત્ર (સુરત), જૈન ગેઝેટ (દિલ્હી), સન્મતિવાણી, વીતરાગવાણી 'જિન ભાષિત' (ભોપાળ)થી પ્રગટ થાય છે.

અમદાવાદથી પ્રગટ થતાં તીર્થંકરવાણી હિન્દી, ગુજરાતી અને ઇંગ્લિશ ત્રણ વિભાગોમાં વિવિધ સાહિત્ય અને શોધપત્રો પ્રગટ કરે છે.

યુગદિવાકર પૂ. નમ્રમુનિ પ્રેરિત 'લૂક ઍન્ડ લર્ન' સાપ્તાહિક જૈન શાળાનાં બાળકોમાં અત્યંત પ્રિય બન્યું છે. 'જીતો' જૈન કૉન્ફડરેશન અને જૈના (અમેરિકા) તેનાં મુખપત્રોનું પ્રકાશન કરે છે.

તેરાપંથ સંપ્રદાય 'વિજ્ઞપ્તિ', 'પ્રેક્ષાધ્યાન', 'યુવાદૃષ્ટિ', 'જૈન ભારતી', 'તેરાપંથ ટાઇમ્સ' અને 'તુલસી પ્રજ્ઞા' હિન્દીમાં પ્રગટ કરે છે. તેરાપંથ સંપ્રદાયનું એક પણ પત્ર ગુજરાતીમાં પ્રગટ થતું નથી.

'જીવદયા' અને હિંસા નિવારણ જીવદયાની પ્રવૃત્તિનો પ્રચાર કરે છે તો 'વિનિયોગ પરિવાર' અને 'મહાજનમ' સાંપ્રત સમસ્યા પ્રતિ જાગૃતિ અને તેના ઉકેલના પ્રયાસ દર્શાવવા ઉપરાંત જીવદયા, જળ-જમીન રક્ષા અને જૈન જીવનશૈલીને લગતાં સુંદર લખાણો પ્રગટ કરે છે.

જૈનોના તમામ ફીરકાની વિશાળ સભ્યસંખ્યા ધરાવતી દેશ-વિદેશમાં પ્રસરેલી સામાજિક સંસ્થા જૈન જાગૃતિ સેંટર્સનું મુખપત્ર 'જાગૃતિ સંદેશ' સત્ત્વશીલ સાહિત્ય ઉપરાંત વિવિધ સેંટરનાં કાર્યોનાં સમાચારો પ્રગટ કરે છે. જૈન સોશિયલ ગ્રુપનું મુખપત્ર 'મંગલયાત્રા' તેના સેંટરની પ્રવૃત્તિઓના અહેવાલ પ્રગટ કરે છે.

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ કોબાથી 'દિવ્યધ્વનિ' તો ધરમપુરથી 'સદ્ગુરુ એક્કો'નું પ્રકાશન થાય છે.

દાદા ભગવાન પ્રેરિત 'અક્રમ વિજ્ઞાન' અને 'આપ્તવાણી' પ્રકાશિત થાય છે.

ઉજ્જવલ પ્રકાશન મુંબઈ સમગ્ર ભારતના તમામ ફીરકાની જૈન ચાતુર્માસ સૂચિનું પ્રકાશન કરે છે.

આમાંનાં કેટલાંક પ્રકાશનો ઈન્ટરનેટ પર ઓનલાઈન પર પણ ઉપલબ્ધ છે. આ ઉપરાંત આવાં કેટલાંક પત્રો માત્ર પોતાની વેબસાઈટ પર ઓનલાઈન છે.

શાસનસેવા, સમાજસેવા, ધર્મ અને અધ્યાત્મના ઉત્કર્ષમાં આ પત્રોનું યોગદાન ઘણું જ નોંધનીય રહ્યું છે.

વિવિધ પ્રાંત અને ભાષાનાં વર્તમાનપત્રોમાં પણ જૈન

સમાચારની કૉલમ ચાલે છે. આ કટારલેખકો-પત્રકારો પણ જિનશાસનની સેવામાં નોંધપાત્ર યોગદાન આપી રહેલ છે.

પત્ર-પત્રિકાઓ અને પત્રકારોના સંગઠનની અતિઆવશ્યકતા છે. ગુરુ-ભગવંતોની નિશ્રામાં અને સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં વર્ષમાં એકાદ વાર પણ જો પત્રકારોનું સંમેલન યોજાય તો આ ક્ષેત્રમાં ઘણું સારું કામ થઈ શકે.

પત્રકાર એટલે બધી ખબર રાખે અને બધાની ખબર લે. સહસ્ર તલવાર કરતાં એક કલમની તાકાત વધારે છે.

એક સમયમાં ઇંગ્લૅન્ડમાં ઉમરાવો હાઉસ ઑફ લૉર્ડઝ, સામાન્ય પ્રજાના પ્રતિનિધિઓ હાઉસ ઑફ કૉમન્સ અને ચર્ચના પાદરીઓ એ ત્રણ જાગિર ગણાતી. કાળક્રમે ધર્મનું વર્ચસ્ ઘટ્યું અને સંસદ, કારોબારી અને ન્યાયતંત્ર એ ત્રણેય લોકશાહીમાં જાગિર ગણાવા લાગ્યાં. એકવાર બ્રિટિશ પાર્લામેન્ટમાં ચર્ચા દરમિયાન એડમન્ડ બર્કનું ધ્યાન પ્રેસ ગૅલરીમાં બેઠેલા પત્રકારો તરફ ગયું અને એમણે કહ્યું કે આપણી પાસે ત્રણ જાગિર તો છે, પણ ત્યાં વૃત્તાંત નિવેદકોની ચોથી જાગિર બેઠેલી છે એ આ ત્રણેય જાગિરોથી વધુ મહત્ત્વની છે. આ વિધાનમાં પત્રકારત્વની વિશિષ્ટ શક્તિની વાત અભિપ્રેત છે.

સમાચારપત્રો અને સામાયિકો એવાં હોવાં જોઈએ જે પ્રજાના સંસ્કારઘડતરનું કાર્ય કરે. વિકૃતિનું સંસ્કૃતિમાં, વ્યભિચારનું સદાચારમાં, અન્યાયનું ન્યાયમાં, અશ્લીલતાનું સંસ્કારિતામાં પરિણમન કરે, જે પત્ર સત્યનું પુરસ્કૃત બની તેનો પ્રચાર-પ્રસાર કરવા સક્ષમ નથી કે નથી તેના પુરુષાર્થ પર નિર્ભર તે પ્રત્યેક પ્રભાતે પ્રજાનું હીર હણવા માટે મોકલાવેલા વિષપ્યાલા સમાન છે.

જૈન પત્રો અસત્ય અને અન્યાયને સ્થાને સત્ય અને ન્યાય, હિંસાને સ્થાને અહિંસા, પરિગ્રહને સ્થાને દાન અને ત્યાગ, વૈચારિક સંઘર્ષને સ્થાને અનેકાંત દ્વારા સામંજસ્યની પ્રતિષ્ઠાનો સમ્યક પુરુષાર્થ કરે છે. ઉપભોક્તાવાદથી ઉપયોગની સંસ્કૃતિ તરફ લઈ જઈ જનજનના હૈયામાં વિવેક અને સંયમના ભાવોને પ્રવાહિત કરવાનું કાર્ય જૈન પત્રકાર કરે છે.

કોઈ પણ ઘટનાનું તલસ્પર્શી અવગાહન કરી માર્મિકતાથી સમાજજીવનના હિતમાં જે યોગ્ય લાગે તે પ્રગટ કરે.

અદ્‌ભુત નિરીક્ષણ અને સ્પંદન સાથે વૃત્તાંતને વિવેકબુદ્ધિ અને તાટસ્થના કાંઠા વચ્ચે નિર્મળ સરિતા જેમ વહેણ આપવાનું કામ કરે તે આદર્શ પત્રકાર કહેવાય.

કાકાસાહેબ કાલેલકરે કહ્યું છે કે પત્રકાર એટલે લોકશિક્ષણનો આચાર્ય, બ્રાહ્મણોનો બ્રાહ્મણ અને ચારણોનો ચારણ. દીન, દુર્બળ અને મૂક વર્ગ પર જુલમ અને અન્યાય સામે પત્રકાર સેનાપતિ થઈ ક્ષાત્ર ધર્મ નિભાવે, રાજકર્તાઓની અયોગ્ય નીતિ સામે લોકમત કેળવી પ્રજાનો પ્રતિનિધિ થઈ લોકોમાં ચેતના જગાવે છે. આમ લોકસેવક, લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પદવીનો ધારક પત્રકાર બની શકે છે.

પત્રકારે કહેલું એક સત્ય ઇતિહાસ બની જાય છે. પત્રકાર સત્યનો સંશોધક હોય છે. શ્વેતામ્બર, દિગંબર, ગચ્છ, પંથ કે સંપ્રદાયની વાડાબંધીથી પત્રકાર હંમેશાં દૂર રહે. જૈન પત્રકારત્વનો અર્થ પત્રકારત્વમાં જૈન દૃષ્ટિ. જૈન પત્રકારને હૈયે ચતુર્વિધ સંઘ અને જિન શાસનનું હિત વસેલું હોય, શ્રાવકાચાર પ્રત્યેની સભાનતા, સાધુજીની સમાચારી પ્રત્યે જાગૃતિ અને શિથિલાચારને ચારિત્ર્યમાં સ્થિર કરવાના સમ્યક પુરુષાર્થની ભાવના હોય.

શાસનની હિલના થાય તેવા લેખો-સમાચારો પોતાનાં પત્ર કે પત્રિકામાં કદિ પ્રગટ કરે નહિ. જિન શાસનની વર્તમાન સમસ્યાઓ, તીર્થ કે તિથિની ચર્ચાનું વિશ્લેષણ અવશ્ય કરે, પણ ધર્મ અને શાસનની ગરિમા જળવાય તેમ જૈન પત્રકાર હંમેશાં પીળા પત્રકારત્વથી અળગો રહે, લાલચ વગર સ્થાપિત હિતોના દબાણ હેઠળ આવ્યા વિના તટસ્થ વૃત્તિથી એક્ટિવિસ્ટ જર્નાલિસ્ટ કર્મશીલ પત્રકાર હોય, લોકમત કેળવનાર લોકશિક્ષક એવા પત્રકાર જ્યારે અર્ધસત્ય અને વિકૃત સમાચારથી સમાજ વિક્ષુબ્ધ બને, સાશનમાં કટોકટી સર્જાય, ભોળા, શ્રદ્ધાળુ કે યુવા વર્ગની ધર્મ પ્રતિ શ્રદ્ધા ડગમગે ત્યારે તે પોતાની કલમ દ્વારા એ ડહોળાયેલા નીરને નિર્મળ કરે. સુનામીને સરોવર જેવું શાંત કરે અને શ્રદ્ધાને પુનઃસ્થાપિત કરવાનો સમ્યક પુરુષાર્થ કરી શ્રમણ સંસ્કૃતિની અસ્મિતાને ઉજાગર કરે.

**ગરીબમાં ગરીબ પણ કરી શકે**
**એવું મહાદાન એટલે ચક્ષુદાન અને ત્વચાદાન**



# દીપાવલી પર્વ

■ ડૉ. આરતી નલિન વોરા

પર્વ શબ્દનો અર્થ તહેવાર થાય છે. કોઈ પણ તહેવાર હોય, તેની ઉજવણી લોકો આનંદ અને ઉત્સાહપૂર્વક કરે છે. તહેવાર જુદા જુદા પ્રકારના હોય છે.

રાષ્ટ્રીય, સામાજિક, ધાર્મિક વગેરે. રાષ્ટ્રીય તહેવારો રાષ્ટ્રને લગતા હોય છે જેવા કે ૧૫ ઑગસ્ટ-સ્વતંત્રતા દિન, ૨૬ જાન્યુઆરી ગણતંત્ર દિવસ. તે ભારત દેશની આઝાદી થયા નિમિત્તે અને રાજ્યના બંધારણ પ્રસંગે દેશના બધા જ લોકો ઊજવે છે.

સામાજિક તહેવારો જે તે સમાજને લગતા લોકો જ ઊજવે છે. આધ્યાત્મિક તહેવારોને પર્વ કહેવાય છે. તે ધાર્મિક તહેવારો હોય છે, કારણકે તે ધાર્મિક પ્રસંગો નિમિત્તે ઊજવાતા હોય છે.

દીપાવલી પર્વ એક એવું પર્વ છે જ્યારે બધા જ લોકો નાત-જાત કે ઊંચ-નીચના ભેદભાવને ભૂલીને ઉજવણી કરે છે.

દીપાવલી શબ્દનો અર્થ દીપમાલા અથવા દીપની હારમાળા થાય છે. દીવાળીના તહેવારમાં લોકો દીપમાળા પ્રગટાવે છે તેથી જ તે તહેવારનું નામ દીપાવલી પર્વ છે. જુદાજુદા ધર્મમાં તેનું મહત્ત્વ રહેલું છે, પણ જૈન ધર્મના પર્વમાં તો દિવાળીનું મહત્ત્વ અદકેરું રહેલું છે.

હિંદુ ધર્મમાં દીવાળી મહત્ત્વપૂર્ણ તહેવાર ગણાય છે જે મોટા ભાગના લોકો જાણતા જ હશે. તે અનુસાર રામે રાવણનો વધ કર્યો. દશેરાનો દિવસ આ કારણસર સુરી પ્રવૃત્તિનો આસુરી પ્રવૃત્તિ પર વિજય, દેવનો દાનવ પર વિજય, સત્યનો અસત્ય પર વિજય થયો હોવાથી મહત્ત્વનો ગણાય છે.

રાવણવધ પછી શ્રીરામ અયોધ્યા પરત ફર્યા તે દિન દિવાળીનો હતો અને લોકોએ રામનું સ્વાગત દીપમાલા પ્રગટાવીને કર્યું, ધામધૂમપૂર્વક અયોધ્યામાં ઉજવણું કર્યું અને દેશભરમાં દિવાળીનો તહેવાર પ્રસિદ્ધ થયો.

જૈન ધર્મ અનુસાર દિવાળી-દીપાવલી પર્વનું મહત્ત્વ હવે આપણે જોઈએ. દિવાળીનો દિવસ આસો વદ અમાસના દિવસે ગણાય છે. તે દિવસે જ પરમ તીર્થંકર શ્રી મહાવીરસ્વામીનો નિર્વાણ-મોક્ષ થયો ત્યારે બધાએ દીપમાળા પ્રગટાવી અને દિવાળી પર્વની શરૂઆત થઈ. દિવાળી પર્વમાં પાંચ દિવસ મહત્ત્વપૂર્ણ છે. ધનતેરશ, કાળીચૌદશ, દિવાળી, બેસતું વર્ષ, ભાઈબીજ.

ધનતેરશઃ ધનતેરશ આસો વદ તેરસના દિને ઊજવાય છે. ધન એટલે લક્ષ્મી-સમૃદ્ધિ. તે દિવસે લક્ષ્મીપૂજન કરવામાં આવે છે. લક્ષ્મીની પૂજા કરવી અને તેનો સદુપયોગ કરવો. તે દિવસે દાન-ધર્મનો મહિમા છે. તેથી દાન-પુણ્ય કરી ધનનો સદ્‌વ્યય કરવો. તે દિવસે અન્નદાન, વિદ્યાદાન વગેરે કરવાથી લક્ષ્મી સારા અને સાચા અર્થમાં વાપરી શકાય છે.

સદુપયોગ સાથે સદ્‌વિચાર અને સદ્‌ભાવના ભાવવાથી લક્ષ્મી શુભ બને છે અને ધનતેરશ ધન્ય બની શકે છે. પરમ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના સમોસરણની રચના ધનતેરશના દિવસે જ થઈ હતી. સમોસરણનો અર્થ થાય છે કે તીર્થંકરના ઉપદેશને સાંભળવા માટે દેવો દ્વારા રચિત બેઠકોનું સ્થાન. એક વિશેષ પ્રકારનું સ્ટેડિયમ પણ કહી શકાય.

તેમાં ત્રણ પ્રકારના ગઢ હોય છે. સહુ પ્રથમ રૂપાનો ગઢ અને સોનાના કાંગરા, બીજો સોનાનો ગઢ અને રત્નના કાંગરા અને ત્રીજો રત્નનો ગઢ અને મણિરત્નના કાંગરા. આમ ત્રણ પ્રકારના ગઢ ઉત્તરોત્તર ગોઠવાયા હોય છે જેને ત્રિગડો કહેવાય છે.

તેમાં કેવળી, સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકા, દેવ-દેવી આદિ બાર પ્રકારની પર્ષદા (પરિષદ) ભગવાનની દેશના (ઉપદેશ) સાંભળવા આવે છે. ગોળાકાર બેઠકની વચ્ચે ભગવાન બિરાજમાન હોય છે જેમાં ચારેતરફથી દર્શન થાય તેવી રચના હોય છે. આવા સમોસરણની રચના ઈન્દ્ર દ્વારા થાય છે.

ધનતેરશના દિવસે જ પ્રથમ ચક્રવર્તી - ભરત ચક્રવર્તી છ ખંડ પર વિજય મેળવીને પાછા ફર્યા હતા તેથી ઠેરઠેર તોરણ બંધાયાં અને દીવાઓ પ્રગટાવ્યા હતા. આમ ધનતેરશનું આધ્યાત્મિક મહત્ત્વ સમજી આપણે પણ ધન-લક્ષ્મીનો સદુપયોગ કરીએ.

કાળીચૌદશઃ કાળીચૌદશનો દિવસ એટલે આસો વદ ચૌદશનો દિવસ. તે દિવસે આપણે જીવનમાંથી કષાયરૂપી કાળાશને દૂર કરવાની છે. કાળીચૌદશનો દિવસ જીવનમાંથી કષાયરૂપી મલિનતા-કકળાટ-બાવા-જાળાં દૂર કરી અંતરને નિર્મળ બનાવવાનો સંદેશ આપે છે. આત્મા પર કષાયોના થર બાઝેલા છે તેને દૂર કરવાથી આત્મા શુદ્ધ થઈ શકે છે અને ચાર ગતિમાંથી મુક્ત થઈ શકે છે.

અહમ્, ગર્વ કે અભિમાનથી ફુલાઈએ તો ફંગોળાવાનો

સમય આવે છે. ચાર ગતિરૂપ કુંડાળામાં ભમ્યા કરવું પડે છે, પણ જો કષાયનો ત્યાગ કરીએ તો ભવભ્રમણમાંથી મુક્તિ મળી શકે છે. ભગવાન શ્રી મહાવીરે સળંગ સોળ પ્રહર સુધી દેશના આપી હતી તેથી અઢાર દેશના રાજાઓ પોતાના રાજ્ય પરિવાર સાથે પૌષધ લઈને પ્રભુની અંતિમ વાણી સાંભળવા બેઠા હતા. બધા જ લોકો છઠ્ઠ વ્રત (બે ઉપવાસ) કરી પ્રભુની વાણીનો આનંદ લેતા હતા. આ દિવસનો સંદેશ છે કે કષાયની કાળાશને દૂર કરવી, જીવદયા પાળવી અને જગ્યાની મર્યાદા રાખવી.

દિવાળીઃ આસો વદ અમાસનો દિવસ દિવાળી કહેવાય છે. તે દિવસ ગુજરાતી વર્ષ-સંવત્સર વર્ષનો અંતિમ દિવસ છે અને તે જ દિવસે પ્રભુ મહાવીરનો નિર્વાણ દિન પણ છે. પ્રભુની વાણી અવિરત સોળ પ્રહર સુધી વહેતી રહી. પ્રભુએ અષ્ટકર્મનો સદંતર નાશ કર્યો હતો અને તેથી જ આઠ ગુણો પ્રગટ થયા અને પ્રભુ નિર્વાણ કલ્યાણકને પામ્યા.

પ્રભુ સમોસરણમાં બિરાજમાન હતા ત્યારે લોકો પ્રભુની વીતરાગ વાણીમાં મગ્ન હતા અને એકાએક વાણીપ્રવાહ થંભી ગયો. ભગવાન નિર્વાણ પામ્યા અને ભગવાનના જ્ઞાનના પ્રકાશથી બધું જ આલોકિત થઈ ગયું ત્યારે અઢાર દેશના રાજાઓ સાથે મળીને બધે દીપમાળા પ્રગટાવે છે અને કહે છે કે ભાવ ઉદ્યોત તો ગયો હવે દ્રવ્ય ઉદ્યોત કરો. આમ તે દિવસથી જ દિવાળીનો તહેવાર શરૂ થયો અને દીપમાળા પ્રગટાવવાનું શરૂ થયું. કવિ પદ્મવિજય કહે છે કેઃ

ગણરાયે દીવા કર્યા, દ્રવ્ય ઉદ્યોતને કાજ,
દિવાળી તે દિન થકી, પ્રકટી પુણ્ય સમાજ.

આમ સમાજમાં દીવાળીની ઉજવણી શરૂ થઈ. પ્રભુએ આપણને સહુને જ્ઞાનદીપક પ્રગટાવવાતો સંદેશ આપ્યો છે. જ્ઞાનદીપકથી આપણા જીવનમાં સમજણનો પ્રકાશ પથરાશે જે જીવનને ઉજમાળ કરે છે.

નૂતનવર્ષઃ વર્ષ પૂર્ણ થયા પછી નૂતનવર્ષનો આરંભ થાય છે. સૂર્ય તે દિવસે નવી આશાઓ લઈને આવે છે. કારતક સુદ એકમનો દિન નૂતન વર્ષ કહેવાય છે. તે દિવસે આળસ-પ્રમાદ ખંખેરી નવા ઉમંગ-ઉત્સાહ સાથે જીવન જીવવાનો સંદેશ આપે છે. પ્રભુના પ્રથમ શિષ્ય-ગણધર ગૌતમસ્વામીનો કેવળજ્ઞાન દિન ઊજવાય છે.

ગુરુ ગૌતમસ્વામી જે પ્રભુના પટ્ટશિષ્ય હતા તેને પ્રભુ પર અતિશય રાગ હતો. પ્રભુ તો કેવળજ્ઞાની અને કેવળદર્શી હતા, તેથી ગૌતમસ્વામીને દેશવર્માને બોધ આપવા બાજુના ગામમાં મોકલે છે. તેઓ જ્યારે પાછા ફર્યા ત્યારે પ્રભુના નિર્વાણના સમાચાર સાંભળી ખૂબ જ વિલાપ કરતાં કહે છે કે, 'હે પ્રભુ, તમે મને છેતર્યો, મને શા માટે પ્રતિબોધવા મોકલ્યો? મારી પ્રીત તમે અંત સમયે કેમ વિસારી? હે વીર! તમે દેશમાં અંધારું કરી મૂક્યું, મિથ્યાત્વીઓ વધી જશે તો કોણ અજવાળું કરશે? તમારા વગર તો અમે સહુ નિરાધાર બની ગયા.'

આમ કલ્પાંત કરતાં ગૌતમસ્વામીના મનમાં ચમકારો થાય છે કે, 'પ્રભુ તો વીતરાગી જ હતા, પણ હું રાગી હતો. મારા મનમાં તેમના માટે ખૂબ રાગ હતો. એ રાગ જ મને કેવળજ્ઞાનમાં અવરોધ આપે છે' આટલું સમજાતાં જ તેમને ક્ષપક શ્રેણી ચઢતાં ચઢતાં કેવળજ્ઞાન થઈ જાય છે.

રાત્રે તો હજુ ભગવાન નિર્વાણ પામ્યા અને તરત જ પહેલા પ્રહરે શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન થયું. ગૌતમસ્વામી લબ્ધિનિધાન હતા. તેઓએ જેમને પણ દીક્ષા આપેલી તે બધા જ કેવળજ્ઞાની થયા હતા. એક વખત એક જ પાતરામાં રહેલી ખીરમાં તેમણે અંગૂઠો મૂકીને ઘણા બધા તાપસોને ખીરનાં પારણાં કરાવ્યાં હતાં. તેથી જ તેમને માટે કહ્યું છે કેઃ

''અંગુષ્ઠે અમૃત વસે લબ્ધિ તણા ભંડાર.
શ્રી ગુરુ ગૌતમને સમરીએ વાંછિત ફળ દાતાર.''

ગૌતમસ્વામીને વાંછિત ફળના દાતાર કહેવાય છે. દિવાળીને દિવસે કરાતા ચોપડાપૂજનમાં પણ લબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીને યાદ કરવામાં આવે છે.

શ્રી ગૌતમસ્વામીનો વિનય પણ અજબ હતો. પોતે પ્રકાંડ પંડિત હોવા છતાં પ્રભુને ગુરુ માન્યા પછી કદીય પોતાના જ્ઞાનનું અભિમાન કર્યું નથી.

લોકો નૂતનવર્ષની પ્રભાતે દેરાસરમાં કે ઉપાશ્રયમાં માંગલિક સાંભળવા જાય છે જેથી આખું વર્ષ મંગળમય પસાર થાય. મંગળનો અર્થ શુભ કે કલ્યાણકારી થાય છે. માંગલિક એટલે જે મમત્વને દૂર કરે અને અહંકારને ગાળે તે અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલી પ્રરૂપિત ધર્મ એ ચાર મંગલ છે.

ભાઈબીજઃ જ્યારે મહાવીરસ્વામીનું નિર્વાણ થયું ત્યારે તેનો ભાઈ નંદીવર્ધન ખૂબ જ ઉદાસ થાય છે તેથી તેની બહેન સુદર્શના પોતાના ભાઈને આશ્વાસન આપતી અને શોક ભુલાવવા પોતાના ઘરે લઈ જાય છે. પછી તેમને

ખૂબ જ સમજાવે છે કે આપણે ભાઈ માટે શોક કરવાને બદલે તેણે ચીંધેલા માર્ગે આગળ વધવા પ્રયત્ન કરવાનો છે. ત્યારથી જ ભાઈબીજની પ્રથા શરૂ થઈ છે.

તે દિવસે ભાઈ બહેનને ઘરે જાય છે. બહેન ભાઈને જમાડે છે અને ભાઈ બહેનને પસલી આપે છે. આ તહેવાર પણ રક્ષાબંધનની જેમ ભાઈ-બહેનના સ્નેહને દર્શાવે છે. તે દિવસે બીજ હોવાથી બીજના ચંદ્રનાં દર્શન કરવામાં આવે છે. જેમ બીજના ચંદ્રની કળા વધતી જાય છે તેમ સહુના જીવનમાં પણ વૃદ્ધિ થાય તેવી ઈચ્છા રાખવી. સહુનું શુભ-મંગલ-કુશલ થાય તેવી ભાવના રાખવી.

આપણે દિવાળી દરમિયાન ઊજવવાનાં પાંચ પર્વનું મહત્ત્વ જોઈ ગયા. પ્રભુ મહાવીરે અંતિમ દિવસોમાં છઠ્ઠ (બે ઉપવાસ)નું તપ કર્યું હતું. તેથી લોકો ચૌદશ અને અમાસ એમ બે દિવસ ઉપવાસ કરે છે. દિવાળીની રાત્રિએ પ્રભુનો નિર્વાણ દિન હોવાથી કલ્યાણકનું ગણણું ગણે છે અને વહેલી સવારે શ્રી ગૌતમસ્વામીનું ગણણું ગણે છે. ઘણા લોકો તે રાત્રિએ પૌષધ વ્રત કરે છે. આમ પ્રભુના નિર્વાણ સાથે જ વીર સંવતની ગણના શરૂ થઈ છે.

વિક્રમ સંવતની ગણના માટે પણ કહેવાય છે કે રાજા વિક્રમાદિત્યના સમયમાં અનાર્ય પ્રજા આપણા દેશમાં ઊતરી આવી હતી તે બધાને રાજા વિક્રમાદિત્યે દિવાળીના દિવસે જ દેશમાંથી હાંકી કાઢેલી અને તેથી જ તે નૂતનવર્ષથી વિક્રમ સંવત શરૂ થઈ.

સામાન્ય લોકો માટે દિવાળી તે ઉજવણીનો તહેવાર, નવાં કપડાં, હરવું-ફરવું, ખાવું-પીવું, ફટાકડા ફોડવા, તોરણ બાંધવાં, દીપમાળા પ્રગટાવવી, મોજ કરવી અને એકબીજાને નૂતનવર્ષનાં અભિનંદન આપવા, મોજ-મસ્તી આનંદ પૂરતી જ હોય છે, પણ પર્વનું મહત્ત્વ જાણી-સમજી ઉજવણી કરવામાં આવે તો આનંદ બેવડાય છે.

દિવાળીના દિવસો હજુ તો પૂરા થાય ત્યાં તો જ્ઞાનપંચમીનું પર્વ આવી રહે છે. કારતક સુદ પાંચમ જેને લોકો વ્યવહારે લાભપાંચમ પણ કહે છે. તે દિવસે લોકો પોતાનાં કાર્યોની શરૂઆત કરે છે. વેપારી વર્ગ વેપારના મુહૂર્તની શરૂઆત કરે છે. અધ્યાત્મની દૃષ્ટિએ પણ તે દિવસ મહત્ત્વપૂર્ણ છે.

તે દિવસે શ્રુતજ્ઞાન ગ્રંથસ્થ થઈ બહાર પડ્યું હતું. આગળના સમયમાં પાટ પરંપરા મુજબ ગુરુ શિષ્યને મૌખિક જ્ઞાન આપતા અને શિષ્ય તે પરંપરા આગળ ધપાવતો. જ્યારે લોકોની યાદશક્તિ ઓછી થવા લાગી ત્યારે તે ગ્રંથસ્થ કરવાનું નક્કી થયું અને તેથી જ જ્ઞાનપંચમીને શ્રુતપંચમી પણ કહેવાય છે.

જ્ઞાનપંચમીના દિવસથી લોકો જ્ઞાનપંચમી તપની આરાધના શરૂ કરે છે. તે તપ પાંચ વર્ષ અને પાંચ માસ સુધી દર મહિનાની અજવાળી પાંચમે કરવાનું હોય છે. તેમાં જ્ઞાનની આરાધના કરવાની હોય છે. તે તપ કરવાથી શુભ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને કર્મ દૂર થાય છે. તપની આરાધના કરવાથી પંચમ-જ્ઞાન (કેવળજ્ઞાન) અને પંચમગતિ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે.

જ્ઞાન વિના માણસ પશુ સમાન કહેવાય છે. કહેવત છે કે 'વસુ વિના નર પશુ'. જ્ઞાન સહિત ક્રિયા કરવાથી કર્મ ઓછાં થાય છે. જ્ઞાની શ્વાસે શ્વાસે કર્મ ખપાવે છે. જ્યારે અજ્ઞાનીને તે જ કર્મ કાપતાં વર્ષોનાં વર્ષો લાગી જાય છે. આગમમાં પણ જ્ઞાનનો મહિમા ગવાયો છે. ગુણમંજરી અને વરદત્તે આ તપની આરાધના કરી હતી તેને લીધે તેઓનું જીવન ધન્ય થઈ ગયું. તેઓ દ્વારા આ પર્વ પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું.

તીર્થંકરોના જુદા જુદા કલ્યાણક પાંચમને દિને થયા છે, જેમ કે ચંદ્રપ્રભુનું ચ્યવન, સુવિધિનાથનો જન્મ, કુંથુનાથને દીક્ષા, સંભવનાથને કેવળજ્ઞાન, અજિતનાથ-સુમતિનાથ અને અનંતનાથનાં મોક્ષકલ્યાણક પાંચમના દિને જ થયાં છે.

હવે આપણે ૫ (પાંચ અંક)નું મહત્ત્વ જોઈએઃ

૫ તીર્થંકર-આદિનાથ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીરસ્વામી મહિમાવંત છે.

૫ કલ્યાણક-ચ્યવન, જન્મ-દીક્ષા, કેવળજ્ઞાન-નિર્વાણ, તીર્થંકરના જીવનની મહત્ત્વપૂર્ણ ઘટના.

૫ ઈન્દ્રિયના વિષયો - સંયમ સાધનામાં અવરોધક.

૫ મહાવ્રત - અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, સાધુ-સાધ્વી માટે મહાવ્રત. શ્રાવક શ્રાવિકા માટે અણુવ્રત છે.


૫ આચાર-જ્ઞાનાચાર, દર્શનાચાર, ચરિત્રાચાર, તપાચાર, વીર્યાચાર આચાર્ય પાળે અને પળાવે.

૫ જ્ઞાન-મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન.

આપણે પણ ધર્મઆરાધના કરી પાંચમા જ્ઞાન અને પાંચમી ગતિ પ્રાપ્ત કરી શકીએ તેવી ભાવના સાથે...

જય જિનેન્દ્ર

# પ્રેરણાત્મક વ્યક્તિત્વ



અઝીમ પ્રેમજી
(બિઝનેસ ટાયકૂન અને દાનવીર)

વિપ્રો લિમિટેડના ચૅરમૅન અઝીમ હાસમ પ્રેમજી ભારતના એક વિખ્યાત બિઝનેસ ટાયકૂન અને દાનવીર તરીકે પણ ઓળખાય છે. પ્રેમજી કુટુંબ મૂળ કચ્છી મેમણ છે, પરંતુ અઝીમ પ્રેમજીનો જન્મ મુંબઈ ખાતે ૨૪-૭-૧૯૪૫ના દિવસે થયો હતો. સેન્ટ મેરીઝ સ્કૂલમાંથી આઈસીએસઈ કર્યા બાદ કેવળ ૧૯ વર્ષની ઉંમરે ૧૯૬૬માં અમેરિકાની સ્ટેનફોર્ડ યુનિવર્સિટીમાં કેલિફોર્નિયામાં કમ્પ્યુટર અભ્યાસ કરવા પ્રવેશ મેળવ્યો. તેમના કમનસીબે અભ્યાસ પૂર્ણ કરી શકે તે પહેલાં જ તેમના પિતાનું અવસાન થયું અને ૨૧ વર્ષની ઉંમરે તેમણે ભારત પરત આવવું પડ્યું.

તેમણે જ્યારે વિપ્રોનો કારોબાર સંભાળ્યો ત્યારે એ કંપનીના હાઈડ્રોજનેટેડ કૂકિંગ ફેટ્સ (વનસ્પતિ ઘી), વિપ્રો બેબી સોફ્ટ વગેરે પ્રોડક્ટ્સ દ્વારા ઘરે ઘરે જાણીતું નામ હતું. ત્યાર બાદ તેમણે સન્તૂર (નહાવાનો) સાબુ, વિપ્રો શિકાકાઈ, હેઅર કૅર સોપ, હાઈડ્રોલિક સિલિન્ડર્સ, લાઈટિંગ પ્રોડક્ટ્સ વગેરે બજારમાં મૂક્યાં.

મૂળ વિપ્રો કંપની મહારાષ્ટ્રના ખાનદેશ પ્રદેશના અમલનેર શહેરમાં વેસ્ટર્ન ઇન્ડિયા પ્રોડક્ટ્સ તરીકે કાર્યરત હતી, પરંતુ પછીથી એ વિપ્રો પ્રોડક્ટ્સ લિ. અને વિપ્રો લિમિટેડ બનીને ખૂબ પ્રગતિ કરવા લાગી. આ કંપનીએ પ્રગતિની હરણફાળ તો ૧૯૮૦ પછી જ ભરી, જ્યારે આઈ.ટી. ક્ષેત્રમાં દાખલ થવાની તક મળી. વાત એમ છે કે ભારત સરકારે ૧૯૭૯ની સાલમાં અમેરિકાની આઈ. બી. એમ. કંપનીને ભારતમાં વેપાર કરવા પર પ્રતિબંધ લાદ્યો. આ તકનો લાભ લઈને તેમણે વિપ્રો કંપનીના નામે કમ્પ્યુટર હાર્ડવેર અન સોફ્ટવેર ક્ષેત્રે કામ કરવાનું શરૂ કર્યું. આ સાહસ કંપનીને ખૂબ ફળ્યું અને નફામાં મોટો વધારો થયો. કંપનીએ જનરલ ઈલેક્ટ્રિક સાથે જોઈન્ટ વેન્ચર તરીકે મેડિકલ સિસ્ટમમાં પણ પ્રવેશ કર્યો.

તેમના સન્તૂર (નહાવાનો) સાબુ, વિપ્રો શિકાકાઈ, વિપ્રો સન્તૂર ટૉલ્ક, ફેસ વૉશ, સંજીવની હની (મધ), ચંદ્રિકા અને યાર્ડલી સાબુ તથા પાઉડર વગેરે ઉત્પાદનોની આજે જનતામાં ખૂબ માગ છે.

આ ઉપરાંત અઝીમ પ્રેમજીએ વિપ્રો લાઈટિંગ અને વિપ્રો જીઈ મેડિકલ સિસ્ટમ, વિપ્રોનેટ, વિપ્રો વૉટર, વિપ્રો ઈકો એનર્જી જેવી પ્રોડક્ટ્સ પણ બજારમાં મૂકી. ૧૦,૦૦૦થી વધુ લોકોને રોજી આપતી આ કંપનીને તેમણે ૧.૫ મિલિયન ડૉલરમાંથી ૧૬.૮ બિલિયન ડૉલર સુધી પહોંચાડી. 'ફોર્બસ' મૅગેઝિને ગયા વર્ષે બહાર પાડેલી યાદી મુજબ અઝીમ પ્રેમજીનો ભારતમાં સૌથી શ્રીમંત વ્યક્તિઓમાં ત્રીજો નંબર હતો અને વિશ્વમાં એકતાળીસમો હતો.

'બિઝનેસ વીક' સામયિકે તેમને ધ ગ્રેટેસ્ટ એન્ટરપ્રિન્યોરનું બિરુદ આપી બિરદાવ્યા હતા. તો 'એશિયા વીક' સામયિકે વિશ્વની ૨૦ સૌથી શક્તિશાળી (પાવરફૂલ) વ્યક્તિઓમાં તેમનો સમાવેશ કર્યો છે. વિશ્વવિખ્યાત 'ટાઈમ' મૅગેઝિને વિશ્વની સૌથી પ્રભાવશાળી ૧૦૦ વ્યક્તિઓની યાદીમાં તેમનું નામ બે વખત ચમકાવ્યું છે.

તેમની અન્ય સિદ્ધિઓ છે :

- ★ ૨૦૦૦ની સાલમાં મનીપાલ એકેડેમી ઑફ હાયર એજ્યુકેશને તેમને માનદ્ ડૉક્ટરેટની પદવી આપી.
- ★ ૨૦૦૮માં અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીએ તેમને ડૉક્ટર ઑફ લિટરેચર (ડી. લિટ.) માનદ્ ઉપાધિ આપી.
- ★ ૨૦૦૯માં મિડલટાઉન કોનેક્ટીકેટની વેસલે યુનિવર્સિટીએ તેમને સખાવતી કાર્ય માટે માનદ્ ડૉક્ટરોની ઉપાધિ આપી.
- ★ ભારત સરકારે તેમને ૨૦૦૫માં પદ્મભૂષણ અને ૨૦૧૧મા પદ્મવિભૂષણ આપી તેમનું સન્માન કર્યું.

અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન દ્વારા સખાવતનાં અનેક કાર્યો કરવામાં આવે છે. કેળવણી માટે ડિસેમ્બર, ૨૦૧૧માં તેમણે ૧૦,૦૦૦ કરોડનું દાન કરેલ છે.

તેમનાં લગ્ન યાસ્મિન સાથે થયાં હતાં અને તેમને રશીદ અને તારીક નામના બે પુત્રો છે.

તેમનો મૂળ મંત્ર છે 'દેશમાં જ નહીં, પણ વિશ્વમાં શ્રેષ્ઠ બનો.'

*(સંકલન : લલિતકુમાર શાહ)*

# યોગમાર્ગમાં યમ-નિયમનું મહત્ત્વ

ભારતભરમાં અને વિશ્વના અનેક દેશોમાં ''યોગા''નું ઘેલું લગાડનાર બાબા રામદેવના કારણે કેટલીય જગ્યાએ સમૂહમાં તથા વ્યક્તિગત રીતે યોગાની ફેશન થઈ ગઈ છે. ખોટી રીતે ઉચ્ચારણ કરાતો આ ''યોગા'' શબ્દ હકીકતે તો હજારો વર્ષ પહેલાં આપણાં ઋષિમુનિઓએ પ્રબોધેલી મહાન યોગવિદ્યા રૂપી આધ્યાત્મવિદ્યા છે. યોગવિદ્યાના પ્રધાન ગ્રંથ યોગસૂત્રમાં બહુ જ સ્પષ્ટ રીતે વારંવાર ભાર મૂકીને કહેવામાં આવ્યું છે કે યોગની ક્રિયા સમાધિ અવસ્થા અને આખરે કૈવલ્યાવસ્થાની પ્રાપ્તિ માટે છે, પરંતુ વર્તમાનકાળમાં યોગ એટલે શારીરિક શિક્ષણની પદ્ધતિ, રોગમુક્તિ માટેનું સાધન હોય અને એરોબીક અથવા જિમમાં શિખવાડાતી અનેક કસરતો જેવી કસરત હોય તેવો વ્યાપક પ્રચાર અને પ્રસાર થઈ રહ્યો છે. યોગનું પ્રધાન તત્ત્વ અધ્યાત્મતત્ત્વ રહ્યું છે તે વાત જાણે કે એકદમ બાજુએ હડસેલાઈ ગઈ છે. આમ જ ચાલતું રહેશે તો આપણી ભાવિ પેઢી આપણા ખૂબ જ અણમોલ વારસાથી વંચિત રહી જશે.

સંસ્કૃત ભાષાની **युज्** ધાતુ પરથી યોગ શબ્દ આવ્યો. **युज्यते** એટલે જોડવું. જે ક્રિયા દ્વારા આપણે પરમતત્ત્વ સાથે જોડાઈ જઈએ, જેની સાથે એકાગ્ર થઈ શકીએ તેનું નામ યોગ. કોઈ વ્યક્તિ પોતાનું નાનું-મોટું કાર્ય ખૂબ એકાગ્ર રીતે કરે તો તેને પણ યોગ કહી શકાય. પૂ. હરિભાઈ કોઠારી ગીતા પર પ્રવચન આપતી વખતે ક્યારેક એમ પણ કહેતાં કે કોઈ પણ માતા કે સ્ત્રી જ્યારે પોતાના પરિવાર માટે એકાગ્રતાથી સુંદર ભોજન બનાવે તો તેને પણ યોગ કહેવાય. ભગવાન શ્રીકૃષ્ણએ ગીતામાં યોગની સરળ વ્યાખ્યા આપતાં કહ્યું છે – યોગ : કર્મસુ કૌશલમ્ - પોતાનું કાર્ય કુશળતાથી કરનાર યોગ કરે છે તેમ કહી શકાય.

અતિપ્રાચીન યોગવિદ્યાને મહર્ષિ પતંજલિએ ખૂબ જ સૂક્ષ્મ, તાર્કિક અને વૈજ્ઞાનિક રીતે સમાજને અર્પણ કરી છે. અષ્ટાંગયોગ દ્વારા તેમણે યોગક્રિયાનાં આઠ સોપાન દર્શાવ્યાં છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. આમાંનાં પ્રથમ ચાર સોપાન યમ, નિયમ, આસન અને પ્રાણાયામ બહિર્યોગ ગણાય છે અને બાકીનાં ચાર અંતર્યોગ ગણાયાં છે, જેના દ્વારા અંતરમાં રહેલા તથા સમસ્ત બ્રહ્માંડમાં વ્યાપક પરમ તત્ત્વની અનુભૂતિ શક્ય બને છે.

**अहिंसा, सत्यम् अस्तेयम् ब्रह्मचर्य क्षमाधृतिः**
**दयार्जवम् मिताहारः शौचं चैव यमा दशा।।१।।**
**तपः संतोष आस्तिक्यं दानमीश्वर पुजनम्**
**सिद्धांत वाक्य श्रवणम् हीमती च तपो हुतम्।।२।।**
**नियमा दश संप्रोक्ता योगशास्त्र विशारदैः।।**

હઠયોગના પ્રથમ પ્રકરણના પ્રથમ તથા બીજા શ્લોક દ્વારા અષ્ટાંગયોગનાં પ્રથમ બે સોપાન યમ અને નિયમનું વિવરણ કરાયું છે.

યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોનું પાલન. મન, વચન અને કર્મથી કોઈને દુઃખ પહોંચાડવું નહીં એટલે અહિંસા. કોઈ પ્રત્યે દ્વેષ ન કરવો અને સર્વ સાથે પ્રેમપૂર્વક વ્યવહાર કરવો એવો તેનો વ્યાપક અર્થ થાય. જીવનના બધા જ વ્યવહાર સત્ય પર આધારિત રહે, જે હકીકત કહેવા જેવી હોય તે પ્રિય બોલીને કરવી, કોઈનો જીવ બચાવવા ખોટું બોલવું પડે તો બને ત્યાં સુધી મૌન રહેવું અને કદાચ ખોટું બોલતા કોઈ નિર્દોષનો જીવ બચે તો તે વખતે ખોટું બોલવું અસત્ય નથી. અસ્તેય એટલે ચોરી. સાદી રહેણી-કરણી અને સંયમથી ઓછા ખર્ચે જીવનનિર્વાહ ચાલે છે, પણ દેખાદેખી, એશ-આરામ અને વૈભવી જીવન જીવવાની લાલસાએ લોભવૃત્તિ વધે છે. એ લોભવૃત્તિ જ બધાં પાપની જનની છે. કોઈનું ધન ચોરવું તે તો ચોરી છે જ, પોતાના સ્વાર્થ માટે કોઈ સાથે ખોટો વ્યવહાર કરવો, કોઈ સાથે વિશ્વાસઘાત કરવો, કોઈના વિચારો પણ ચોરીને પોતાના નામે ચડાવી દેવા એ પણ ચોરી છે.

મન, વચન અને કાયાથી સંયમ પાળવો તેનું નામ બ્રહ્મચર્ય. નશીલી ચીજોનો ત્યાગ, અશ્લીલ પુસ્તકોનું વાંચન, ચિંતન, મનન ન કરવું અને મિતાહારી રહી સાત્ત્વિક ખોરાક લેવાય તો બ્રહ્મચર્યપાલન ખૂબ સારી રીતે થઈ શકે અને છેલ્લે અપરિગ્રહ. જરૂરત ન હોય તેવી

કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરવો. જરૂરત ન હોય છતાં ધન, ધાન્ય, મકાન, વૈભવી કારનો કાફલો ભેગો કરવો, ગરીબો અન્ન વગર ટળવળતાં હોય અને વૈભવી શૈલીમાં સમારંભોમાં અશ્લીલ કહી શકાય તેવા અન્નકૂટ જેવા થાળનું પ્રદર્શન કરાઈ બગાડ થતો હોય તો તે પણ વખોડવાલાયક પરિગ્રહ છે. સંગ્રહ કરેલું પાણી હંમેશાં દુર્ગંધ ફેલાવે છે, પણ વહેતું પાણી સ્વચ્છ રહીને બધાની તૃષા છીપાવે છે.

બીજા સોપાનમાં નિયમનું વર્ણન છે. નિયમમાં પાંચ આચાર વ્રતોનો સમાવેશ થાય છે. શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન. શૌચ બે પ્રકારના છે. બાહ્ય અને આંતરિક. સ્નાન, માલિશ વગેરેથી શરીરની બાહ્ય શુદ્ધિ થાય છે. જ્યારે આંતરિક શુદ્ધિ માટે ઈર્ષા, ઘૃણા, મલિનતા, અહંકાર વગેરેને દૂર કરવા મનમાં પ્રેમ, મૈત્રી, કરુણા જેવા સદ્ગુણો ખીલવવા જોઈએ. અશુદ્ધ વિચારોને શુદ્ધ વિચારોથી દૂર કરવાની ક્રિયાને માનસિક સ્નાન કહેવાય છે. સંતોષ એ સૌથી મોટું ધન કહેવાયું છે. પ્રભુકૃપાથી જે પણ અવસ્થા પ્રાપ્ત થઈ છે તેને સંતોષપૂર્વક માણવી એ એક ઉચ્ચ સ્થિતિ છે.

સંત કબીરે પણ કહ્યું છે :

''ગોધન ગજધન, બાજીધન, ઔર રતનધન ખાન।
જબ આવે સંતોષ ધન, સબ ધન ધુલી સમાન।।''

આ પછીનું પગથિયું છે તપ. સામાન્ય રીતે તપની જ્યારે વાત કરીએ એટલે આપણી નજર સામે પદ્માસનમાં ઝાડ નીચે અથવા ગુફામાં બેઠેલા તપસ્વીની તસવીર તાદૃશ્ય થાય. ઉપવાસ કરીને શરીરદમન કરનારા ગૃહસ્થીઓ આપણને દેખાય, પરંતુ હકીકતમાં તો આપણા ધ્યેયને હાંસલ કરવા પ્રબળ ઈચ્છાશક્તિ સાથે સતત અતૂટ પ્રયત્ન કરવો તેનું નામ તપ. તપ ત્રણ પ્રકારના છે કાયિક, વાચિક અને માનસિક : અહિંસા અને બ્રહ્મચર્ય એ કાયિક તપ છે. સત્ય પર આધારિત આચાર, વિચાર, અન્યની નિંદા ન કરવી, દ્વેષભાવ ન રાખવો અને વાણી પર સંયમ રાખવો એ વાચિક તપ છે. મનની શાંતિ સ્થિર રહે તેવી પ્રવૃત્તિ કરવી અને સુખ-દુઃખની પરિસ્થિતિમાં ધૈર્ય ધારણ કરીને બંનેને સમાન ગણવા એ માનસિક તપ છે. જેવી રીતે કોઈ કુશળ સારથિ પોતાના રથમાં જોડાયેલા ઘોડાને નિયંત્રણમાં રાખે તેવી રીતે ઈન્દ્રિયો, વાણી અને મનને અભ્યાસ દ્વારા નિયંત્રણમાં રાખે તેને તપ કહે છે.

સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન. દિવસ દરમિયાન કરેલી હરેક ક્રિયાને ધ્યાનપૂર્વક યાદ કરીને તેના પર મનન કરવું, તેમાં થયેલી ભૂલોને તારવીને દૃઢતાપૂર્વક પસ્તાવો કરીને ફરી તેવું ન થાય તેવો નિર્ણય કરવો તેનું નામ સ્વાધ્યાય. સામાન્ય સમજ પ્રમાણે જીવનના ઉદ્વેગ દૂર કરીને જીવનને મંગલમય બનાવે તેવા વિષયોનો અભ્યાસ કરવો એટલે સ્વાધ્યાય. સજ્જનોની સોબત અને સારા ગ્રંથોનું વાંચન એટલે જ સત્સંગ. એ સત્સંગથી, એ સ્વાધ્યાયથી અજ્ઞાનનાં પડળ દૂર થઈને જ્ઞાનનો પ્રકાશ પથરાય છે. નિયમનું પાંચમું પગથિયું છે ઈશ્વર પ્રણિધાન. કોઈ પણ જાતના સ્વાર્થ વગર પરમશક્તિના શરણમાં જવું અને આપણાં હરેક કર્મોનું ફળ તેના ચરણમાં અર્પણ કરવું તેનું નામ ઈશ્વર પ્રણિધાન. મોટે ભાગે આપણી પ્રાર્થના આપણા સ્વાર્થની પૂર્તિ માટેની યાચના હોય છે. જે વ્યક્તિને પ્રાણીમાત્રમાં પરમાત્મા દેખાય છે તે પોતાની સત્તા, સંપત્તિ કે શક્તિનું અભિમાન કરતો નથી, પરંતુ નમ્રતાપૂર્વક અન્યોને ઉપયોગી થવાય તે રીતે તેની વપરાશ કરે છે અને એનું નામ જ ઈશ્વર પ્રણિધાન. પ્રાણીમાત્રમાં રહેલા પરમેશ્વર પ્રત્યેનો નિરહેતુક પ્રેમ જ શક્તિશાળી હોય છે. આવા ઈશ્વર પ્રણિધાન મનુષ્યોને ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખે વચન આપ્યું છે :

अनन्यश्चिन्तयन्तो मां ये जनाःढ पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेम वहाम्यहम्।।

જે લોકો અનન્યભાવે કોઈ પણ સ્વાર્થ વગર મારી ઉપાસના કરે છે તેમની જરૂરિયાતો પૂર્ણ કરીને તેમના યોગક્ષેમની જવાબદારી હું લઉં છું. યોગાભ્યાસી વ્યક્તિ યમ-નિયમના શરૂઆતનાં આ બે પગથિયાં વ્યવસ્થિત રીતે ચડી શકે તો ત્યાર પછીનાં સોપાન આસન અને પ્રાણાયામ દ્વારા તે શરીરની તંદુરસ્તી અને મનની સ્વસ્થતા પ્રાપ્ત કરીને અંતર્યોગ દ્વારા આગળ વધીને સમાધિ અવસ્થા પ્રાપ્ત કરી શકે છે.

કહેવાય છે કે,
પવિત્ર બનવા માટે બળવું પડે છે
અને અંકુરિત થવા માટે દટાવું પડે છે.

ૐ શાંતિ : શાંતિઃ શાંતિઃ ।।

— *ધીરુભાઈ મીરાણી*

# સોનેરી પાન

કેશવલાલ માસ્તર વીતેલી જિંદગીનો વિચાર કરતા હતા. પીપરડીના પાદરમાં થઈને ઉતાવળી નદી વહેતી હતી. નદીની રેતીમાં બેઠાબેઠા કેશવલાલ પોતાની મૂંઝવણનો ઉકેલ શોધતા હતા. ઉતાવળી નદી કરતાં પણ વધુ ઉતાવળી જિંદગી સડેડાટ વીતી ગઈ હતી. પાછળ સૂકી રેતી રહી ગઈ હતી. કેશવલાલ માસ્તર રાજગઢની હાઈ સ્કૂલમાં નોકરી કરતા હતા. બે વરસ પહેલાં રિટાયર્ડ થઈને પોતાના વતનમાં આવ્યા હતા. પીપરડી ખોબા જેવડું ગામ હતું. માસ્તરને હતું કે, કાંઈક નિશાળ જેવું ચાલુ કરીને ગુજરાન ચલાવશું, પણ કશું બની શક્યું નહોતું.

બે વરસ પહેલાં રિટાયર્ડ થઈને પીપરડીમાં આવ્યા ત્યારે થોડા પૈસા એમની પાસે હતા, પણ આવીને તરત જ એમની મોટી દીકરીનાં લગ્ન કરવાં પડ્યાં હતાં અને સરકાર તરફથી જે કાંઈ થોડાઘણા પૈસા છૂટા થતી વખતે મળ્યા હતા તે ખર્ચાઈ ગયા હતા. પછી તો પેન્શનની રકમ પર જીવવાનું હતું. એ મુશ્કેલ હતું. ગામના બે પૈસાદાર માણસોનાં છોકરાંઓને ટ્યુશન આપવાનું એમણે શરૂ કર્યું. જ્યારે હાઈ સ્કૂલમાં કેશવલાલ નોકરી કરતા હતા ત્યારે એક પણ ટ્યુશન રાખ્યું નહોતું અને એ વાત પર સદાય પોતે ગર્વ લેતા હતા. હવે એ વાત પર એમને અફસોસ થતો હતો. આજે બે વરસ પછી ફરીથી બીજી દીકરી જુવાન થઈ હતી. એનાં લગ્નનું કામ ઉકેલવાનું હતું. કેશવલાલ મૂંઝવણમાં પડી ગયા હતા. હજી બીજી બે દીકરીઓ નાની હતી, પણ એની ચિંતા અત્યારથી કરવાની જરૂર નહોતી. એમનો છોકરો નવીન રાજગઢ હાઈ સ્કૂલમાં ભણતો હતો. બે વરસ પછી એ ટેકો દેવા જેવડો થઈ જશે પછી કેશવલાલના માથે બહુ ચિંતા નહિ રહે.

પણ અત્યારે, આ દીકરીનાં લગ્નની ચિંતા હતી, એના માટે કોઈ રસ્તો સૂઝતો નહોતો. કેશવલાલ ઉતાવળી નદીની રેતીમાં લાંબા થઈને પડ્યા હતા અને માથા પર ઝળૂંબી રહેલા અસીમ આકાશમાં તાકી રહ્યા હતા. બધું ખાલી ખાલી હતું.

વર્ષો પહેલાં, એ જ્યારે જુવાન હતા ત્યારે ઘણી વાર ઉતાવળીની રેતીમાં આવી રીતે સાંજે આવીને લાંબા થતા, પણ ત્યારે મન પર ભાર આવ્યો નહોતો. ત્યારે આકાશમાં સોનેરી- ગુલાબી રંગો દેખાતા હતા. ત્યારે આખી જિંદગી બંધ મૂઠીએ, હાથ લંબાવીને દેવા માટે એમના સામે ઊભી હતી, પણ કેશવલાલે એ જિંદગી પાસેથી શું લીધું? આજે આટલાં વર્ષ પછી નદીની રેતીમાં લાંબા થઈને એ વિચારતા હતા. જિંદગી હસીને, રમીને, હાથતાળી દઈને ચાલી ગઈ હતી. કેશવલાલ પોતે પણ એની સાથે હસ્યા હતા, રમ્યા હતા, મસ્તી કરી હતી. પણ પૈસા? કેશવલાલ જિંદગીની ખાણમાંથી પૈસા ખોદી શક્યા નહોતા. જિંદગી સાથે મસ્તી કરવામાં એ એવા તો મશગૂલ થઈ ગયા હતા કે, મહેનત કરવાનું કે પૈસા ભેગા કરવાનું એમને સૂઝ્યું જ નહોતું.

પૈસા ભેગા કરવાની વાત પર યુવાન કેશવલાલ હસતા હતા. ચિંગૂસ અને કંજૂસ માણસોની મશ્કરી કરતા હતા. મિત્રોની હાજરીમાં એવા માણસોને...કેશવલાલને એકાએક રતિલાલ સાંભરી ગયો. જૂના દિવસો અને જૂના પ્રસંગો નજર સામે ઊઠી આવ્યા.

કેશવલાલ અને રતિલાલ બંને જુવાન છે. હાઈ સ્કૂલમાં બંને જણા નોકરી કરે છે. કેશવલાલ ગુલાબી માણસ છે. રતિલાલ ચીકણો અને કરકસરિયો છે. કેશવલાલને અનેક મિત્રો છે. અનેક મિત્રો સાથે કેશવલાલ મોજ માણે છે અને રતિલાલની ઠેકડી ઉડાવે છે.

કેશવલાલ રતિલાલને પાન ખાવાનો આગ્રહ કરે છે. રતિલાલ એનું ચીકણું હાસ્ય કરીને હાથ જોડે છે, 'ના રે ભાઈ, આપણને એ ન પોસાય.'

'એલા, મફતનું પાન પણ ન પોસાય?'

'એવું છે ને, પાન ખાઈએ તો ક્યારેક ખવડાવવું પડે. એ રીતે વ્યસન શરૂ થાય પછી એમાંથી બરબાદી શરૂ થાય. રોજનાં માત્ર પાંચ પાન ગણો તોપણ...'

કેશવલાલ હસે છે, 'રોજનાં પાંચ પાનના પૈસા, એ પૈસાનું વ્યાજ, એનું ચક્રવૃદ્ધિ વ્યાજ, બહુ મોટી રકમ થઈ જશે! ચાલો. તમારાથી મફતનું પાન પણ નહિ ખવાય.'

રતિલાલ ગયા પછી મિત્રો ઠઠા કરે છે. એકાદ જણ કહે છે, 'જો, હાઈ સ્કૂલના મેદાનમાં કોણ દેખાય છે?'

ત્રણ-ચાર ગધેડા હાઈ સ્કૂલના મેદાનમાં ચરતા હોય છે. 'આ ગધેડા,' પેલા કહે છે, 'આખો દિવસ જ્યાં ત્યાં રખડીને પેટ ભરી લે છે. એના માલિકને જ્યારે જરૂર પડે ત્યારે કાન પકડીને લઈ જાય છે અને કામ કરાવી લે છે.'

'રતિલાલ મોટો ગધેડો છે,' બીજો કહે છે અને કેશવલાલ ખૂબ હસે છે. મિત્રોને ફરી વાર પાન ખવડાવે છે.

હાઈ સ્કૂલમાં બધા એકીઅવાજે કેશવલાલનાં વખાણ કરે છે, કેશવલાલ એટલે ઓલિયો માણસ, કોઈ ઘેર જાય તો ચા-પાણી વિના નીકળવા ન દે. હોટેલમાં ગયા હોય અને એના ખિસ્સામાં પૈસા હોય ત્યાં સુધી બીજા કોઈને પૈસા

આપવા ન દે. રાતના કેશવલાલને ત્યાં મહેફિલો જામે. અલકમલની વાતો થાય. કેશવલાલની રહેણીકરણી જુઓ તો રાજા માણસ જેવી. પૈસાનો તો એને હિસાબ જ નહિ. બસ, જિંદગી માણો ને મજા કરો. કાલની કોને ખબર છે?

કેશવલાલ જુવાન મટીને પ્રૌઢ થતા જાય છે, પણ હજી એમનાં કપડાં, રહેણીકરણી, મોજશોખ અને મસ્તી ટોપ છે. ટ્યુશન એ રાખતા નથી. હેડમાસ્તર સુધ્ધાં કેશવલાલનાં વખાણ કરે છે. શિક્ષકોની આલમમાં કેશવલાલ અજોડ છે.

કેશવલાલ મિત્રોને કહે છે, દિવસ આખો કામ કરીએ અને ઉપરાંત જો ટ્યુશનના ઢસરડા કરીએ તો રાત્રે બૈરી જોડે બે મીઠી વાતો કરવાના હોશ પણ ન રહે. ઢપ કરતાં ઢળી પડીએ.

એકાદ જણ રતિલાલ સામે આંખ મીંચકારી લે છે, સાલો વીસ વીસ ટ્યુશન ખેંચે છે. ટ્યુશન તો બીજા માસ્તરો રાખે છે, રતિલાલ તો સાલો ...ટ્યુશનિયો. એક બેચ જાય ને બીજા છોકરા આવે. સવારે પાંચ વાગે ઊઠે છે. રાત્રે અગિયાર વાગે ખાય છે. સાલો મરવાનો છે.

પણ આજે- હવે ઊતરતી ઉંમરે કેશવલાલને ખ્યાલ આવતો હતો કે રતિલાલ મર્યો નહોતો - અરે, માંદો પણ પડ્યો નહોતો. પેલા હિતોપદેશના ઉંદરડા જેમ સોનામહોરો સંઘરતો રહ્યો હતો અને જાડો-તગડો બનતો ગયો હતો.

હમણાં જોકે એમને ખબર મળ્યા હતા કે રતિલાલને કાંઈક બીમારી લાગુ પડી હતી, પણ તોય શું? સાલાએ કોથળો ભરીને ભેગા કર્યા છે. બીમારીનો ઈલાજ કરાવવા એ તો મુંબઈ પણ જઈ શકે અને કેશવલાલ....બિચ્ચારા કેશવલાલ....દાંત એમના પડી ગયા હતા (પાન ખાઈખાઈને). મોઢા પર કરચલીઓ અંકાઈ ગઈ હતી. પગ ઢીલા થઈ ગયા હતા...પગમાં પૈસાનું જોર રહ્યું નહોતું...

થોડા દિવસ પહેલાં ભીમાણી મળ્યો હતો. હા, એણે જ રતિલાલની બીમારીની વાત કરી હતી પણ સાથે બીજી વાત પણ કરી હતી કે રતિલાલ તો સાલો પૈસા વ્યાજે ફેરવે છે. હજી પૈસા ઢસડ્યે જ જાય છે. સોસાયટીમાં એક બંગલો કરાવ્યો છે. હમણાં માંદો પડ્યો છે એટલે ટ્યુશન રાખતો નથી, પણ હવે પૈસા વ્યાજે આપવાનો ધંધો ચાલુ કર્યો છે.

કેશવલાલના મનમાં સ્વાભાવિક રીતે જ એક વિચાર ઝબકી ગયો. હું રતિલાલ પાસેથી વ્યાજે પૈસા લઉં તો?

અરે, આખી જિંદગી જેની મશ્કરી કરી હતી, ચિંગૂસ, કંજૂસ, ગુંદરિયો, ચીકણો, વેઠિયો, ગધેડો કહ્યો હતો...એની પાસે પૈસા માગવા જવું?

પણ જેમજેમ કેશવલાલ વિચારતા ગયા એમ એમને લાગ્યું કે રતિલાલ પાસેથી પૈસા માગ્યા સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો. સારું થયું કે એમને આ વિચાર આવ્યો. રતિલાલ કદાચ જૂની ઓળખાણના દાવે એમને વ્યાજે પૈસા આપે, બીજો તો કોણ આપે? એમની પાસે નહોતી જમીનવાડી કે નહોતું એવું ઘરેણુંગાંઠું અને દીકરી જુવાન થઈ હતી. એનાં લગ્ન માટે પૈસાની જરૂર હતી. એમાં ચાલે એમ નહોતું. કદાચ રતિલાલ...પૈસા આપે. ઉતાવળીની રેતીમાં આથમતી સાંજે કેશવલાલને એક વાતની ઊંડી પ્રતીતિ થઈ. એમણે ભૂલો કરી હતી. બહુ મોટી ભૂલો કરી હતી.

બીજે દિવસે રતિલાલ પાસે રાજગઢ જવાનું નક્કી કરીને એ નદીની રેતીમાંથી ઊભા થયા અને ઘર તરફ ઊપડ્યા. એમના પગમાં ફરી વાર એમને લાગ્યું કે, પૈસાનું જોર નહોતું. પગ ઢીલા પડી ગયા હતા. ❋❋

બીજે દિવસે કેશવલાલ રાજગઢ પહોંચ્યા. સોસાયટીમાં જઈને રતિલાલ માસ્તરનો બ્લૉક ક્યાં છે, એની પૂછપરછ કરી, એ તરફ ઊપડ્યા. બ્લૉક નજીક પહોંચતાંપહોંચતાં અનેક વિચારો એમને ઘેરી વળ્યા. આખી જિંદગી...કંજૂસ, કરકસરિયો, વેઠિયો, ગધેડો...સાલો કાંઈ કહેશે તો નહિ ને? તેની પાસે પૈસાની વાત કઈ રીતે મૂકવી? આ કરતાં તો પીપરડીમાં તેમનું ઘર હતું એના પર ત્યાંના નાથાલાલ શેઠ પાસેથી પૈસા લીધા હોત તો સારું હતું. ઘડીભર એમને પાછા ચાલ્યા જવાનું મન થયું, પણ વળી એમના બાપદાદાનું એ જરીપુરાણું ઘર ગીરો મૂકવાની વાતથી તેમને આંચકો લાગ્યો. અને ધારો કે ઘર ગીરો મૂકવાનું નક્કી કરે તોપણ એ ઘર પર નાથાલાલ પૈસા આપવા તૈયાર થાય જ એની શી ખાતરી? અને આપે તોપણ કેટલા આપે?

'એ કેશુભાઈ,' કોઈએ એમને બૂમ મારી, કેશવલાલ અટકી ગયા. પાછળથી કોઈ એમને બોલાવતું હતું. એકાએક એમને ખ્યાલ આવ્યો કે રતિલાલના બ્લૉક પાસે થઈને એ આગળ નીકળી ગયા હતા. રતિલાલ એના બ્લૉકની પૉર્ચમાં નેતરની ખુરશી પર બેઠો હતો અને એમને બોલાવતો હતો - રતિલાલ એમને બોલાવતા હતા. કેશવલાલને નેતરની ખુરશીમાં બેઠેલ રતિલાલની કાયા તેજસ્વી લાગી. એની ચામડી પર પૈસાનું તેજ હતું. કેશવલાલે હાથ જોડીને નમસ્તે કર્યા અને પગથિયાં ચડીને રતિલાલ પાસે ગયા.

'આવો, આવો.' રતિલાલે કહ્યું, 'કેટલાં વર્ષે મળ્યા! આમ કઈ બાજુ જતા હતા?'

'હું...?' કેશવલાલ સહેજ થોથવાઈ ગયા, 'હું તમારી પાસે જ આવ્યો છું. વિચારમાં સહેજ આગળ નીકળી ગયો.'

'બહુ સારું કર્યું. તમે આવ્યા એ બહુ સારું કર્યું.'

રતિલાલ ખુશ થયા. કેશવલાલને પોતાની બાજુમાં ખુરશી પર બેસવા કહ્યું. 'જુઓ ને હવે કોણ અહીં આવે? જેને ગરજ હોય, કામકાજ હોય એ તો આવે, પણ દોસ્તો, ઓળખીતાઓ ઓછા રોજ આવે છે?' કેશવલાલને થયું કે એ પોતે પણ કામે આવ્યા હતા. વાત સાચી હતી. આ ચિંગૂસ પાસે અમસ્તું કોણ આવે? પણ...રતિલાલના સ્વભાવમાં કાંઈક પરિવર્તન થયું હોય એમ લાગતું હતું. થોડી વાર બેઠા એટલે એક છોકરી આવીને પાણીનો ગ્લાસ આપી ગઈ. કામવાળી હોય એમ કેશવલાલને લાગ્યું. રતિલાલે પૂછ્યું : શું લેશો, ચા કે કૉફી?'

કેશવલાલ સહેજ આંચકો ખાઈ ગયા. બોલ્યા, 'ના,કશું જ નહિ.'

'અરે, એમ તે ચાલે? અને તમે તો ચાર, ચા-પાણી, પાન-તમાકુના રસિયા છો.'

'પણ હવે એ બધું છોડી દીધું. જુઓ ને, આ દાંત એમાં ને એમાં જ ખોયા.'

'પાન ખાઈખાઈને ખોયા ને?' રતિલાલે હસીને પૂછ્યું અને પોતાનું મોં પહોળું કર્યું, 'આ મારે, પાન ખાધા વિના જ પડી ગયા. હવે ઘણી ઈચ્છા થાય છે કે પાનસોપારી ખાઉં, પણ....' અને અફસોસથી એક નિસાસો મૂક્યો.

કેશવલાલે વાતને વાળી લેતાં કહ્યું, 'એ તો એવું છે ને, બનવાના ટાઈમે બધું બન્યા જ કરે. દાંત આવવાના ટાઈમે આવે ને પડવાના ટાઈમે પડે.'

રતિલાલે ફરીથી નિસાસો મૂક્યો અને ખુરશીના નેતરના હાથાને ચુસ્ત રીતે પકડીને કહ્યું, 'મનેય એ જ થાય છે કેશવલાલ, ટાઈમ હતો ત્યારે હું સમજ્યો નહિ. આજે હવે હું પસ્તાઉં છું. તમને ઘણી વાર સંભારું છું. તમે બધા મજા કરતા ત્યારે હું વેઠ કરતો હતો. આજે હવે મજા કરવાની ઈચ્છા થાય છે ત્યારે...કઈ રીતે મજા કરું?' એક ગરીબડું હાસ્ય એમના ચહેરા પર આવી ગયું. 'તમને ખૂબ સંભારું છું. હમણાંહમણાં તો એ બધા જૂના દિવસો ખૂબ સાંભરે છે.'

કેશવલાલે રતિલાલની ચામડી સામે, ચહેરા સામે, બરાબર નજર માંડીને જોઈ જોયું. એના ઉપર તે જ નહોતું. રુક્ષતા હતી.

પછી કેશવલાલ અને રતિલાલ જૂની વાતોમાં ડૂબી ગયા. કેશવલાલ રતિલાલને સમજાવતા હતા કે, એ બહુ સુખી માણસ હતા, પણ રતિલાલ માનતા નહોતા, કેશવલાલ કહેતા હતા કે, આ મકાન અને સુખસાહ્યબી જોઈને હું બહુ ખુશ થાઉં છું, પણ રતિલાલ જુદી રીતે વિચારતા હતા.

'મકાન, પૈસા બધું બરાબર છે, પણ મને લાગે છે કે હું મારી ગણતરીમાં પહેલેથી જ ભૂલ કરી બેઠો હતો. માણસને સુખી થવા માટે આટલું બધું કરવાની જરૂર નથી. સાચું કહું છું. આ તો તમે અંગત રહ્યા એટલે કહેવાય. બીજાને કહીને તો ગાંડા ગણાઈયે.' રતિલાલ કેશવલાલને એકદમ અંગત માનવા લાગ્યા હતા. વર્ષો સુધી એ મિત્રો વિનાના રહ્યા હતા અને હવે એમને એ ભૂખ જાગી હતી. કેશવલાલે હસીને કહ્યું, 'તમે બે પૈસા રાખ્યા છે એ સારું છે. ને માણસે યુવાનીમાં રળી લેવું જોઈએ.' ધીમે ધીમે એ પોતાની વાત પર આવવા માગતા હતા.

પણ રતિલાલે હસીને સામે કહ્યું, 'યુવાનીમાં ગધ્ધામજૂરી કરીને રળવું જોઈએ-અને પછી ઘડપણમાં પૈસા...વ્યાજે આપવા જોઈએ; બરાબર ને?' કેશવલાલને સાશ્ચર્ય આઘાત થયો.

'કેશુભાઈ, તમને શું કહું? મારો છોકરો વકીલ છે. સારું કમાય છે. એને મારા પૈસાની જરૂર નથી. મારી ચાકરી કરવા પણ આવતો નથી. હું જુવાનીમાં પૈસા પાછળ પડ્યો હતો, અત્યારે એ પૈસા પાછળ પડ્યો છે.' અને વળી નિસાસો નાખીને કહ્યું, 'મને મધુપ્રમેહ થયો છે-ડાયબિટીસ. આ મારું શરીર જુઓ. જવની રોટલી ખાઉં છું. છાશ ને બાજરાનું ભડકું, જવનું પાણી, સેકેરિનવાળી ચા...' અને હસીને ઉમેર્યું, 'હવે ચા પીવાનું મેંય શરૂ કર્યું છે!' કેશવલાલને લાગ્યું કે રતિલાલ સાવ વૃદ્ધ થઈ ગયા હતા-એમના કરતાં પણ વૃદ્ધ. એમના હાથ કંપતા હતા. ચહેરા પર થેથર હતી.

'તમે માનશો?' જાણે સાવ ખાનગી વાત કહેવી હોય એમ રતિલાલ બોલ્યા, 'મને ક્યારેક થાય છે કે મકાન સરસ છે. લાવ એકાદ ડાઈનિંગ ટેબલ વસાવું, પણ એ ટેબલ પર બેસીને હું શું બાજરાનું ભડકું ખાઉં? ખરું કહું છું, વીતેલા દિવસો જાણે હાથમાંથી છટકી ગયા છે. એક વાર મારો છોકરો અહીં આવ્યો હતો. એને નાનો દીકરો છે. બહુ બોલકો છે. મને કહે, દાદા, તમારા માટે સોનેરી પાન હું લાવ્યો છું...તે દિવસે મેં તમને બહુ યાદ કર્યા હતા. સોનેરી પાન ખાવાના એક વાર મારાય દિવસો હતા, પણ એ દિવસો દરમિયાન ગધેડા જેમ મેં છાલકાં સાર્યાં- ટ્યુશન, ટ્યુશન ને ટ્યુશન. આ જુઓ, મારા પગે સોજા ચડ્યા છે. જોયા? આ સોજા શેના છે? પૈસા રળવાની દોડાદોડીના આ સોજા છે...' કેશવલાલ રતિલાલ સામે જોઈ રહ્યા. વિચારમાં ને વિચારમાં માથું હલાવતા રહ્યા. રતિલાલ તો જાણે કોઈ જિગરજાન દોસ્ત મળ્યો હોય એમ પોતાની વાતો દિલ ખોલીને કહેતા રહ્યા અને કેશવલાલ એ વાતોમાં પેલી પૈસા માગવાની વાત તો સાવ ભૂલી જ ગયા!

*(''મોહમ્મદ માંકડની વાર્તાઓ ભાગ-૨'' માંથી સાભાર)*

# લગ્ન એક સામાજિક સંસ્કાર

■ શ્રી નલિન યુ. વોરા

શ્રી વોરાનો આ લેખ લગ્નની મોસમ ચાલુ થાય છે અને જેજેસીના આંગણે સમૂહલગ્ન છે ત્યારે પ્રાસંગિક છે. વાંચીએ સામાજિક સંસ્કાર વિશે...

લગ્ન એ એક એવી સામાજિક વ્યવસ્થા છે જેમાં બે વ્યક્તિઓનું મિલન હોય છે. ખરું કહેતાં તો ફક્ત બે વ્યક્તિઓનું જ નહિ, પણ બે કુટુંબોનું જોડાણ થાય છે. લગ્નસંસ્થા એ સામાજિક સંસ્થા છે માટે એને લગતા યોગ્ય નિયમો અને રિવાજો સમાજ પાળે એ ઈષ્ટ છે.

લગ્ન એ એક પવિત્ર સંસ્કાર છે જેને સમાજે માન્યતા આપી છે. લગ્નથી જીવનમાં નવો વળાંક આવે છે. જીવનમાં નવા અનુભવો-સિદ્ધિઓ, ચિંતા અને જવાબદારીની સાથોસાથ એકબીજાનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. લગ્નની વિધિમાત્રથી એક નવી જિંદગીની શરૂઆત થાય છે. એ જીવનને પવિત્ર-મંગળ-સુખી બનવવા ઈશ્વર અને માતા-પિતાના આશીર્વાદ જરૂરી છે. ઈશ્વરકૃપા એ સફળ લગ્નજીવનનો પાયો છે. લગ્ન એક સાહસ છે. જીવનભર પતિ-પત્ની એકબીજાંનાં સાંનિધ્યને માણે છે, જીવે છે. જીવન સુખરૂપ-આનંદમય-સહકારમય પસાર કરવું એ એક મહાન સાધના છે.

વૈદિક ધર્મ અનુસાર દરેક વ્યક્તિએ લગ્ન કરી સંસારની જવાબદારી પૂરી કરવી જોઈએ. વેદાનુસાર જીવન ચાર ભાગમાં વહેંચાયેલું છે. બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસાશ્રમ. તે મુજબ દરેકે જીવનનો પ્રથમ ચોથો ભાગ બ્રહ્મચર્ય પાલન કરી પછી સંસારપ્રવેશ કરી ગૃહસ્થાશ્રમનું પાલન કરવું જોઈએ. જૈન ધર્મમાં પણ મોટા ભાગના તીર્થંકરોએ સંસારધર્મનું પાલન કરી એક અવસ્થાએ દીક્ષા લઈ સાધુજીવન સ્વીકાર્યું હતું. તેથી આ પ્રથા શાસ્ત્રમાન્ય છે.

આજ સુધી એમ કહેવાતું કે દુનિયા પુરુષોની જ છે. આપણો સમાજ પુરુષપ્રધાન છે. હજી પણ કેટલાક પુરુષો સ્ત્રીને ઊતરતી જ માને છે. તેમ છતાં સ્ત્રીઓ આજના કાળમાં પુરુષસમોવડી બની છે. દરેક ક્ષેત્રે સ્ત્રી પુરુષની હરોળમાં આવી શકે છે. સ્ત્રી અને પુરુષની સમાનતા એ આજના યુગની સિદ્ધિ છે. તેમ છતાં સ્ત્રી અને પુરુષનાં દેખાવ, બંધારણ અને મનોભાવ જુદાં છે, જીવન પ્રત્યેની ફરજો જુદી છે. સ્ત્રી અને પુરુષને પોતપોતાની વિશિષ્ટતા અને આગવું વ્યક્તિત્વ છે જે જાળવી રાખવું જરૂરી છે. સ્ત્રી પુરુષને બધી રીતે આંબી શકવા છતાં જીવનની ભૂમિકા અને ફરજ અલગ છે તે સ્વીકારવું જરૂરી છે અને એ સ્વીકારવાથી જ સંસાર બરાબર ચાલી શકે છે. નહિ તો બંને માટે મુશ્કેલી જ મુશ્કેલી. જો સ્ત્રી અને પુરુષ એકબીજાંનાં પૂરક બનીને સ્વતંત્રપણે રહે તો બંને માટે સારું છે. બંને સાથે મળીને કામ કરે, પોતપોતાનું વ્યક્તિત્વ અને મૌલિકતા જાળવીને પોતાની વિશિષ્ટતા કેળવે એમાં જ બંનેનો ઉત્કર્ષ છે, ગૌરવ છે, સાર્થકતા છે. એકબીજાંની સહાયથી તેઓ નવું જીવન પ્રગટાવી શકે છે.

લગ્ન પહેલાંનો કાળ સ્ત્રી-પુરુષ બંને માટે સુવર્ણકાળ હોય છે. જે ત્યારે સારું લાગતું હતું તે પછી સારું નથી લાગતું. એકબીજાના વાંકગુના જણાય છે, પણ જે જેવા છે તેવા જ એકબીજાંને સ્વીકારીને પોતાનું વાસ્તવિક પરિણીત જીવન જીવી કુટુંબરચના કરવાની છે.

લગ્નને સંસારરથની ઉપમા આપી છે, જેનાં બે પૈડાં પતિ-પત્ની છે. બંને વચ્ચે જો સુમેળ હોય, સાથે ચાલવાની ભાવના હોય તો સંસારરથ સરળતાથી આગળ ધપી શકે છે. લગ્નજીવનમાં અનેક મુશ્કેલીઓ આવે છે, નવા પ્રશ્નો ઊભા થાય છે, પણ એ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવા બંનેની માનસિક તૈયારી હોય, બંને સાથે મળી પ્રશ્નો હલ કરવા તૈયાર હોય તો મુશ્કેલીઓ ટકી શકતી નથી. લગ્નની સફળતાનું કામ એવું છે જે એકલાથી ન થાય, પણ બંનેના સહકારથી એ સફળ થયા વગર રહેતું નથી.

જીવનમાં જે પતિ-પત્ની રાજીખુશીથી બંધનને સ્વીકારે છે અને ખરા દિલથી એકબીજાંને સ્વીકારે તેનો સંસાર સારો ચાલે અને લગ્નજીવન સફળ નીવડે. લગ્નજીવનને સફળ બનાવવા વ્યક્તિની સ્વતંત્રતા ચાલી શકે, પણ સ્વચ્છંદતાથી ભંગાણ પડી શકે છે તેથી તે આજના કાળમાં નજીવા કારણસર લગ્નજીવન રઝળી પડે છે. થોડી સહનશક્તિ રાખવાથી, માનસિક રીતે થોડુંઘણું ચલાવી લેવાની ભાવના રાખવાથી કે થોડું-ઝાઝું નમતું મૂકવાથી ઊબડ-ખાબડ જીવનપથ પર પણ સંસારરથ એકબીજાંના સથવારે વગર મુશ્કેલીએ સરળતાથી કે સહજતાથી પસાર થઈ શકે છે. લગ્નપ્રથા આજના સમયે લોકોને બંધનરૂપ લાગે છે તેથી કેટલાક લોકો લીવ ઈન રિલેશનમાં માનવા લાગ્યા છે, પણ બંધન પણ જીવનમાં

અનિવાર્ય છે. લીવ ઈન રિલેશન એ સ્ત્રી માટે સ્વતંત્રતા છે કે ગુલામી તે એક પ્રશ્નાર્થ છે. લગ્નનું બંધન સ્ત્રીને તમામ પ્રકારની સુરક્ષા પૂરી પાડે છે. માનસિક, શારીરિક, આર્થિક, વૃદ્ધાવસ્થા કે માંદગી બધી પરિસ્થિતિમાં સ્ત્રી-પુરુષનું બધું સચવાઈ જાય છે. લગ્ન કરેલી સ્ત્રીનું સમાજમાં એક આગવું સ્થાન-માન-મરતબો હોય છે. આજની સ્ત્રી આર્થિક રીતે સ્વતંત્ર હોવાથી નાનીઅમથી વાતમાં પણ લગ્નજીવનને ખોરંભે ચડાવે છે. લાંબો વિચાર કર્યા વગર ઉતાવળે-આવેશમાં નિર્ણય લઈ પછીથી પસ્તાવાનો વારો આવે છે. પોતાના માટે જીવન અકારું બને છે. છોકરાઓની પરિસ્થિતિ કફોડી બને છે. લગ્ન એ પતિ-પત્ની માટે જીવનમાં આવતી જવાબદારી નિભાવવાનું સોપાન છે જે નિભાવવાથી સફળતા જ પ્રાપ્ત થાય છે.

આજના સમયની કરુણતા છે કે શિક્ષિત મહિલાઓ સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનો ભેદ સમજવામાં થાપ ખાય છે અને બંધન ફગવાવવા તૈયાર થઈ જાય છે, પણ બંધન પણ જીવનમાં કેટલું મહત્ત્વનું છે તે જણાવતાં બબલભાઈ મહેતા લખે છે કે સિતાર બંધનોથી બંધાયેલી હોવાથી તેમાંથી મધુર સૂર નીકળે છે. હોડી બંધાયેલી હોવાથી ધારી દિશામાં ગતિ કરી શકે છે. ચાંદ-સૂરજ બંધાયેલા હોવાથી દિવસ-રાત્રિના ખેલ ખેલાય છે. કુટુંબનું બંધન હોવાથી પ્રેમવાત્સલ્ય નીતરે છે અને લગ્નનું બંધન હોવાથી જ નવા જીવનનું પ્રાગટ્ય થઈ શકે છે.

## લાગણી અને પ્રેમ

સરહદ વિનાનાં છે લાગણી અને પ્રેમ
સ્વાર્થ વગરનાં છે લાગણી અને પ્રેમ
મતલબ વિનાનાં છે લાગણી અને પ્રેમ
ગણતરી વગરનાં છે લાગણી અને પ્રેમ
દ્વેષ વિનાનાં છે લાગણી અને પ્રેમ
તિરસ્કાર વગરનાં છે લાગણી અને પ્રેમ
રોષ વિનાનાં છે લાગણી અને પ્રેમ
અંતરની ભીનાશ વધારે છે લાગણી અને પ્રેમ
કદાચ લોહીના સંબંધ વગરના
હોઈ શકે લાગણીના સંબંધો
ત્યારે માનવતાની મહેક છલકાવે છે
લાગણી અને પ્રેમ


## BIO-DATA



**Name** : **HIMANSHU CHANDRAVADAN BAGADIA**
**Birth Date** : 4-1-1980/6.45 PM at MUMBAI.
**Height** : 6ft
**Qualification** : B.Com.
**Complexion** : Fair-Good Looking

**FAMILY DETAILS**

**Religion** : Dashashrimali Sthanakvasi Jain
**Father** : Chandravadanbhai Kantilal Bagadia
**Mother** : Harshaben Chandravadan Bagadia
**Gr. Father** : Shri Kantilal Jagjivandas Bagadia
**Native** : Damnagar, Saurashtra
**Mosal** : Late Shri Hargovindas Dharshibhai Shah
**Sisters** : Twinkle D. Parekh (Elder) - Married to Darshan M. Parekh, Sion, Mumbai
Binita K. Modi (Younger) - Married to Kunjesh N. Modi, Ghatkopar West
**Brother** : Himanshu is only the son
**Residence** : Flat No. 501/502, Kirti Kunj Society, Shrimad Rajchandra Lane, Tilak Road, Opp Balaji Temple, Ghatkopar (East), Mumbai - 400 077.
Phone: 022 21024320 / 32906827
Mobile: +91 9819921302 / 9323801302
**Business** : Manufacturer of Transformer Laminations Core - Factory at Daman (U.T.)
**Special Note** :
a) Candidate Himanshu C. Bagadia is Divorcee. Reason of divorce was un-match lifestyle as housewife. Legal procedure completed for Divorce.
b) Married life broken only within 1 month after marriage.
c) He was married to Rajkot, details of party available on request.
d) Being renowned industrialist and businessman we do not Prefer service oriented candidate. Our choice is pure housewife to look after husband and parents only.

**Email** : hcbagadia@rediffmail.com

ADVT.

# BIO-DATA



**Name** : **KRUNAL NARENDRA SHAH**

**Birth Details** : 13-8-1985 / 07:10 A.M./Navsari, Gujarat India

**Height** : 5 ft. 11 inch * **Colour :** Fair

**Education** :
1) M.S. in Electrical and Computer Engineering, Georgia Institute of Technology, Atlanta, USA
2) B.E. with Distinction in Electronics and Telecommunications D.J. Sanghvi College of Engineering, Vile Parle (West), Mumbai University of Mumbai
3) CFA Part-II

**Visa Status** : H1-B

**Job Details** : Currently working with Microsoft as Software Engineer II in Seattle, Washington, USA

**FAMILY DETAILS**

**Father** : Narendra Ratanchand Shah - B.Sc., D.B.M., Sr. Sub-divisional Engineer (MTNL)

**Mother** : Ila Narendra Shah - B.Sc., Agmark Approved Chemist

**Sister** : Binita Amit Shah (Married) -
MBA (Marketing and Finance), Ass. Vice President in Anand Rathi Ltd.

**Brother in Law** : Amit Gopal Shah - C.A., C.S., L.L.B., Ass. Vice President Finance India Bulls Ltd.

**Address** : Flat No. 601, Trimurti Co-op. Hsg. Society, Vivek Vidyalaya College Road, Siddarth Nagar, Goregaon (West), Mumbai - 400 062.

**Phone** : 9869463498 / 9869221186 / 022 28761498

**Native** : Maroli (Father's Native Place), Kerchelia (Mother's Native Place)
Borth the places are near Surat

**Caste** : Jain Swethamber Visha Porwal

**Email** : ilanshah@yahoo.com

**U.S.A. Add.** : 851 137th Ave NE Apt 3-202, Bellevue - WA 98005 USA

***ALLIANCE INVITED FOR MARRIAGE OF OUR SON, FROM PARENTS OF JAIN EDUCATED, CULTURAL CARRER ORIENTED BACHELOR GIRL.***

ADVT

## BIO-DATA



**Name** : **PRATIK C. MEHTA**
**Birth Date** : 28-8-1984
**Birth Time** : 23.07 Hrs./Mumbai
**Ht.Wt.Comp:** 5'-8"/70 Kgs/Fair
**Religion** : Dasha Shrimali Sthanakwasi Jain
**Native** : Mahavir Medical Stores, Jamnagar-1.
Ph. No.: +91-288-2678959

**Education** : Masters of Computer Science from California State University, Chico, USA
Bachelor of Engineer (Computer) From Swami Vivekanand College, Chembur

**Occupation** : Currently working as Software Engineer (H1 Visa) At Saama Technology, San Francisco, USA

**Hobbies** : Sports, Trekking, Outing

**Parents** : Chetan Pranlal Mehta
(chetanmehta11@gmail.com)
Kalpana Chetan Mehta

**Father's Occupation** : Sales Manager (Medical Engineering Dept.) Muscat Pharmacy & Stores LLC - P.O. Box 438, Postal Code :
100, Muscat, Sultanate of Oman
Resi.: +968-24815427
Mob.: 968-99352725

**Gr. Parents** : Pranlal Navalchand Mehta
Bhanuben Pranlal Mehta

**Sister** : Pooja Chetan Mehta (Currently Studying at Houston, USA)

**Residence** : 702/704, Paras Society, Navroji Lane, Ghatkopar (West), Mumbai-400 086.
Res.: +91-22-25114790

**Mosal** : Mrs. Vimla Himmatlal Gosalia, Kandivali, Mumbai. Res.: +91-22-28873376
Dhiren N. Gosalia, Bazar Gate Street, Mumbai. Resi.: 91-22-66318916
Mob.: +91-9322618916

**Coctact** : Dipak P. Mehta, Mumbai +9819600662
Bimal P Mehta, Mumbai +9322006292
Sanat R. Mehta, USA +1-410-313-9445
Atul M. Mehta, USA +1-201-825-9530
Meera N. Mody, USA +1-510-856-8342
Neena H. Sheth, UAE +9712-6744078

**Visiting India in 1st Week of December**

ADVT.

## BIO-DATA



**Name** : **NITESH DOSHI**
**DOB** : 7-11-1983
**Height** : 5'-9
**Weight** : 65 kg
**Religion** : Deravasi Jain
**Native** : Anjar

**Qualification:** MBA (Operations Management), UT Arlington, USA
Bachelors in Instrumentation Engineering, VESIT, Mumbai

**Experience** : Deputy Manager at SI Group India Limited (Petrochemical Company) - 4 Years. Currently working as a Product Planer, MS International (USA)

**Father** : Rohit Shantilal Doshi
Anand Agarbatti - Manufacturer and Exporters of Incense Sticks

**Mother** : Ila R. Doshi, Housewife

**Siblings** : Riddhish R. Doshi, Married

**Sister-in-law:** Rinku R. Doshi

**Hobbies** : Playing and Watching Sports, Travelling, Hanging out with friends

**Gr. Father** : Late Shantilal Vachraj Doshi- Paternal

**Gr. Fahter** : Late Lalchand Nemidas Shah- Maternal

**Residence** : 199/ 5468, Madhu Mahal, Pant Nagar, Ghatkopar (East), Mumbai-400 077.

**US Address** : 2100 Hassell Road, Hoffinan Estates, IL (Near Chicago)

**Contact** : 022 21028946 / 9322828311

**Email ID** : anand_agarbatti@hotmail.com

ADVT

# લગ્નઇચ્છુક યુવક-યુવતીઓની યાદી

લગ્નઈચ્છુક યુવક-યુવતીઓની યાદીમાં છપાવવા માટે નામ મોકલનાર વડીલોને ખાસ વિનંતી કે BIO-DATAમાં મોકલનારનું નામ, સહી તેમ જ ફોન નંબર/મોબાઈલ નંબર સ્વચ્છ અક્ષરમાં મોકલે. જે.જે.સી.-સેન્ટ્રલ બોર્ડની ઑફિસ દ્વારા તેઓનો સંપર્ક ટેલિફોન દ્વારા થયા બાદ જ તેમની વિગત ''જાગૃતિ સંદેશ''માં છાપવામાં આવશે. BIO-DATA મોડામાં મોડા દરેક મહિનાની ૩૦ તારીખ સુધીમાં ઑફિસમાં મળી જવો જોઈએ. મોડી Entry ત્યાર પછીના અંકમાં છાપવામાં આવશે.

## યુવતી

| નં. | નામ, જન્મતારીખ, ઊંચાઈ, અભ્યાસ, વ્યવસાય | ધર્મ, મૂળ વતન, હાલ | સંપર્ક |
|---|---|---|---|
| ૧) | ભૂમિકા સુધીરચંદ્ર શાહ, ૨૦-૧-૧૯૮૫, ૫'-૩''<br>M.Com., C.A., – સર્વિસ | દેરાવાસી જૈન<br>ભરૂચ – અંધેરી (વે) | (ઘર) ૨૬૭૭૬૨૭૫<br>(મો) ૯૮૨૦૧૨૫૧૯૯ |
| ૨) | દિશા સુમંતલાલ શાહ, ૧-૬-૧૯૮૬, ૫'-૬''<br>M.Com., C.A., – PWC મુંબઈમાં સર્વિસ | શ્વે. મૂ. પૂ. દેરા. જૈન<br>વડોદરા – નવી મુંબઈ | —<br>(મો) ૯૮૨૧૧૬૪૩૦૧ |
| ૩) | જલ્પા જયકાંતભાઈ શાહ, ૨૨-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com. (Hons.), – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>શિહોર – ગોરેગામ | (ઘર) ૨૮૭૫૭૫૩૫<br>(મો) ૯૩૨૩૩૩૪૩૦૭ |
| ૪) | દીપાલી બિપીનચંદ્ર ઝવેરી, ૨૬-૪-૧૯૭૬,<br>S.S.C., – એક્યુપ્રેસરની ટ્રીટમેન્ટ આપે છે (હળવો મંગળ છે) | શ્રી સુ. વી. ઓ. દે. જૈન<br>સુરત – અંધેરી | —<br>(મો) ૯૭૬૯૦૫૮૭૧૫ |
| ૫) | જિજ્ઞા પ્રફુલ્લભાઈ શાહ, ૯-૧-૧૯૮૧, ૫'-૨''<br>B.Com., C.S. Inter, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ચોટીલા – વસઈ | (ઘર) ૦૨૫૦-૩૦૫૯૧૯૫<br>(મો) ૯૦૨૨૦૪૭૨૫૭ |
| ૬) | ઝંખના ગિરીશભાઈ શાહ, ૨-૧૨-૧૯૮૪, ૫'-૩''<br>C.A., – સર્વિસ | સ્થાનકવાસી જૈન<br>માંગરોળ – મુલુંડ | (ઘર) ૨૧૬૪૩૯૫૪<br>(મો) ૯૮૬૯૪૮૩૯૫૪ |
| ૭) | અર્પિતા હર્ષદભાઈ શાહ, ૨૯-૧-૧૯૮૫, ૫'-૪''<br>B.Com., Interior Design & Decoration, – સર્વિસ | દેરાવાસી જૈન<br>પાટણ – મુંબઈ(વાલકેશ્વર) | (ઘર) ૨૩૬૧૫૩૬૨<br>(મો) ૯૯૮૭૦૫૧૯૯૭ |
| ૮) | ભાવિકા રજનીકાંત વખારિયા, ૧૪-૯-૧૯૮૩, ૫'-૧''<br>B.Com., M.Com., – B.Com. સુધીના ક્લાસ ઘરબેઠા કરાવે છે | —<br>કલોલ – માટુંગા | (ઘર) ૨૪૦૧૭૭૫૬<br>(મો) ૯૮૨૦૯૬૭૦૮૮ |
| ૯) | જલ્પા પ્રકાશભાઈ શાહ, ૧૪-૧-૧૯૮૩, ૫'-૪''<br>B.Com. PGDBM, – સર્વિસ (મો.: ૯૩૨૩૭૨૮૬૭૬) | શ્વેતાંબર જૈન<br>અમદાવાદ – મુંબઈ | (ઘર) ૨૮૨૮૧૩૦૧<br>(મો) ૯૮૯૨૦૩૧૫૭૫ |
| ૧૦) | લીસા અનિલભાઈ શાહ, ૩૦-૩-૧૯૭૯, ૫'-૦''<br>B.Com., Fashion Designing at IITC, – બિઝનેસ | ઝા. વી. શ્રી. સ્થા. જૈન<br>હાલ ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૩૩૯<br>(મો) ૯૮૧૯૨૬૭૬૭૦ |
| ૧૧) | ટ્વિંકલ ભરતભાઈ શાહ, ૧૩-૯-૧૯૮૫, ૫'-૩''<br>C.A., – સર્વિસ | ઘોઘારી વીસા ઓસ. જૈન<br>સિહોર – બોરીવલી (વે) | (ઘર) ૨૨૯૩૦૯૫૨<br>(મો) ૯૩૨૩૧૨૧૫૬૩ |
| ૧૨) | ડૉ. શ્રદ્ધા પ્રફુલચંદ્ર કામદાર, ૧૩-૮-૧૯૮૪, ૫'-૩''<br>BHMS, – સર્વિસ (નિર્દોષ છૂટાછેડા) | દ.શ્રી.કા. સ્વામી દિગં.જૈન<br>સાવરકુંડલા – બોરીવલી | (ઘર) ૨૮૯૯૪૧૬૧<br>(મો) ૯૭૦૨૫૦૮૭૨૭ |
| ૧૩) | સપના ગિરીશભાઈ શાહ, ૨૫-૨-૧૯૮૨, ૫'-૩''<br>M.Com., Fashion Designing (Compu.), – સર્વિસ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – અંધેરી | (ઘર) ૨૮૨૦૧૪૦૦<br>(મો) ૯૮૨૧૫૨૧૯૬૭ |

| | | | |
|---|---|---|---|
| ૧૪) | અમિષી ચંદ્રકાંતભાઈ મોદી, ૫'-૩''<br>Architect, G.D.Arch (HSC+5 Yrs.) – સર્વિસ | વૈષ્ણવ વણીક કપોલ | —<br>(મો) ૯૮૯૨૮૭૮૮૪૯ |
| ૧૫) | મનાલી બાબુલાલ શાહ, ૧૮-૨-૧૯૮૪, ૫'-૪''<br>B.Com., – (૧૮ દિવસમાં છૂટાછેડા લીધેલ છે) | ઘોઘારી વીસા શ્રીમાળી જૈન<br>હણોલ – મુલુંડ | (ઘર) ૨૫૬૯૧૧૩૭<br>(મો) ૯૮૩૩૭૯૭૬૨૫ |
| ૧૬) | દીપ્તિ ભુપતરાય ઠોસાણી, ૨૯-૫-૧૯૮૧, ૫'-૨''<br>B.Com.+Compute Telly Pursuing MBA, – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૩૦૮૨૭/૨૧૧૪<br>(મો) ૯૬૧૯૭૦૭૪૯૪ |
| ૧૭) | સપના પ્રવીણભાઈ દોશી ૧૭-૧૧-૧૯૮૫ ૫'-૨''<br>M.Com., – સર્વિસ (વોડાફોન લિ.) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોરબી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૧૧૬૧૬<br>(મો) ૯૮૨૧૩૦૯૬૩૨ |
| ૧૮) | સોનલ અશોકભાઈ મહેતા ૧૨-૫-૧૯૭૭, ૫'-૨''<br>B.Com., – કૉમ્પ્યુટર ઑપરેટિંગ-ગ્રાફિક્સ-એકાઉન્ટિંગ (ટેલી ૫.૪) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ભુંભલી – ઘાટકોપર | (ઘર) ૨૫૦૬૨૨૨૦<br>(મો) ૯૮૯૨૦૦૨૬૬૦ |
| ૧૯) | મીના વિનયકાંતભાઈ શાહ, ૧૮-૧૧-૧૯૭૩, ૫'-૩''<br>B.A., E.C.C.E., – (છૂટાછેડા-૭ વર્ષની ૧ દિકરી છે) | દ. શ્રી. ઝાલા. સ્થા. જૈન<br>થાનગઢ – મુંબઈ | (ઘર) ૨૩૬૯૧૪૦૭<br>(ઑ) ૬૬૩૩૮૭૨૬ |
| ૨૦) | નેહા શરતચંદ્ર શાહ, ૨૦-૧૦-૧૯૭૪, ૫'-૭''<br>B.Com., – ૭ ધોરણ સુધી ટ્યુશન (ઇંગ્લિશ મીડિયમ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>માંગરોળ – સુરત | (ઘર) ૦૨૬૧-૨૫૩૪૨૯૫<br>(મો) ૦૯૦૯૯૭૧૭૩૫૦ |
| ૨૧) | શીતલ અરવિંદભાઈ કોઠારી, ૩૧-૧૦-૧૯૭૯, ૫'-૩''<br>B.Com., – (છૂટાછેડા-૭ વર્ષનો દીકરો સાથે છે) (મોઃ ૯૯૨૦૯૯૮૨૯૬) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>દામનગર – કાંદિવલી | (મો) ૯૨૨૪૬૯૦૪૩૮<br>૯૨૨૪૧૯૦૨૯૦ |
| ૨૨) | મિનલ જિતેન્દ્ર ડગલી (USA Citizen), ૧૫-૭-૧૯૮૦, ૫'-૧''<br>Associate Degree in Media Production (USA), – | દ. શ્રી. કા. દિગં. જૈન<br>વિંછિયા – ઘાટકોપર | (ઘર) ૨૧૦૨૫૬૨૬<br>(મો) ૯૮૬૭૨૯૫૫૩૨ |

## યુવક

| | | | |
|---|---|---|---|
| ૧) | ચિંતન જિતેન્દ્રભાઈ શાહ, ૪-૩-૧૯૮૪, ૫'-૧''<br>AC.A., LLB (Gen.), B.Com., – | —<br>ઊંઝા – કાંદિવલી (વે) | (ઘર) ૬૬૬૮૩૧૭૯<br>(મો) ૯૯૨૦૬૮૨૧૨૧ |
| ૨) | ધવલ અશ્વિનભાઈ કોઠારી, ૨૫-૬-૧૯૮૩, ૫'-૬''<br>B.A., – સર્વિસ (બ્રાન્ચ મૅનેજર) (ધોરાજી-સાઈડ બિઝનેસ) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>હાલ ઉપલેટા | (ઘર) ૦૨૮૨૬-૨૨૪૮૧૮<br>(મો) ૯૭૩૭૭૧૫૮૧૮ |
| ૩) | ચિંતન જયંતભાઈ શેઠ, ૧૯-૧૨-૧૯૮૫, ૬'-૦''<br>B.E.Civil, M.S.(Stru.), M.S.(Const Mgmt-USA) – બિઝનેસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાયલા – ઘાટકોપર | (ઘર) ૨૫૧૬૬૯૭૩<br>(મો) ૯૮૧૯૮૫૩૩૬૧ |
| ૪) | અમિત નલિનભાઈ શાહ, ૧૯-૨-૧૯૮૩, ૫'-૧૦''<br>B.Com., M.Com., D.F.M. – સર્વિસ | વીસા ઓસવાલ દેરા. જૈન<br>વેરાવળ – અંધેરી | (ઘર) ૨૬૨૦૯૬૫૬<br>(મો) ૯૮૨૦૪૫૭૦૮૭ |
| ૫) | હિમાન્શુ નવીનચંદ્ર શાહ, ૫-૬-૧૯૭૩, ૫'-૬''<br>S.Y.J.C., – સર્વિસ (મંગળ છે) | વીસા ઓસવાલ દેરા. જૈન<br>વડનગર – વિલે પાર્લે | —<br>(મો) ૯૮૩૩૩૯૫૬૦૪ |
| ૬) | હાર્દિક પ્રફુલ્લચંદ્ર કામદાર, ૨૫-૩-૧૯૮૩, ૫'-૮''<br>B.E. (I.T.) – સર્વિસ | સૌ. દ. શ્રી. કા. દિ. જૈન<br>સાવરકુંડલા – બોરીવલી | (ઘર) ૨૮૯૯૪૧૬૧<br>(મો) ૯૭૦૨૫૦૮૭૨૭ |

| | | | |
|---|---|---|---|
| ૭) | ભાવિન શાહ, ૨૨-૯-૧૯૮૫, ૫'-૧૦''<br>Inter II Year, – સર્વિસ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>વલ્લભીપુર – હૈદરાબાદ | (ઘર) —<br>(મો) ૯૮૮૫૩૬૬૪૧૭ |
| ૮) | મનીષ મનસુખલાલ ચંદરિયા, ૨-૧-૧૯૭૭, ૫'-૮''<br>B.Com., Computer – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | હા. વી. ઓ. જૈન-જામનગર<br>રાવલસર – ભિવંડી | (ઘર) ૦૨૫૨૨૨૨૩૧૬૩<br>— |
| ૯) | કુમાર જુમખભાઈ મહેતા, ૨૮-૯-૧૯૮૦, ૫'-૭''<br>M.Sc., Physical Chemistry – સર્વિસ | જૈન ગુર્જર<br>ગોધરા-કચ્છ-સાંતાક્રુઝ | (ઘર) ૨૬૬૭૩૫૮૮<br>(ઑ) ૨૬૧૪૪૯૦૧ |
| ૧૦) | જિગર કિરીટભાઈ શાહ, ૬-૬-૧૯૮૫, ૫'-૧૧''<br>B.Com., – બિઝનેસ (મંગળ છે) (૮૦૯૭૬૫૧૬૨૧) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>જામનગર – ડોંબિવલી | (ઘર) ૨૩૮૮૫૭૪૧<br>(મો) ૯૮૩૩૪૨૩૩૩૭ |
| ૧૧) | દેવાંગ અશોકભાઈ ટિલિયા, ૩-૧૧-૧૯૮૭, ૫'-૬''<br>MBA, – બિઝનેસ (૦૯૩૭૭૧૪૨૪૭૨, ૦૯૪૨૮૨૭૬૩૫૫) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>હાલ ગોંડલ | (ઘર) ૦૨૮૨૫-૨૩૧૯૨૫<br>(ઑ) ૦૨૮૨૫-૨૨૧૫૨૫ |
| ૧૨) | હાર્દિક રાજેન્દ્રભાઈ ખંધાર, ૧૪-૬-૧૯૮૩, ૫'-૭''<br>C.A., – સર્વિસ (૯૭૨૪૩૪૭૮૫૮) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>ચોટીલા – ચેંબુર | (મો) ૯૯૨૪૬૧૯૧૧૭<br>૯૬૨૪૨૪૮૪૮૭ |
| ૧૩) | નિખિલ દેઓદાસ શાહ, ૧-૬-૧૯૭૯, ૫'-૮''<br>BE (EXTC) – સર્વિસ | વીસા શ્રીમાળી સ્થા. જૈન<br>વઢવાણ સિટી – ઘાટકોપર | (ઘર) ૨૫૧૨૦૪૧૨<br>(મો) ૯૮૨૦૭૪૩૮૮૪ |
| ૧૪) | પીયૂષ પ્રેમચંદ શાહ, ૨-૧-૧૯૭૮, ૫'-૪''<br>C.A.,– સર્વિસ (સગપણ તૂટેલ છે-શનિ છે) મો. ૯૮૨૦૮૫૯૦૩૯ | હા. વી. ઓ. જૈન-જામનગર<br>તરઘરી દેવરિયા-અંધેરી | (ઘર) ૨૬૮૩૯૯૮૧<br>(ઑ) ૨૮૨૧૪૬૬૯ |
| ૧૫) | નીરજ રાજેન્દ્રકુમાર કોઠારી, ૪-૧૨-૧૯૮૩, ૫'-૯''<br>B.Com., DTLP, – બિઝનેસ (હર્ષદ ફાસ્ટ ફૂડ) | —<br>હાલ ઉપલેટા | (મો) ૯૩૭૪૧૭૯૧૪૪<br>૯૩૭૭૧૪૧૮૭૫ |
| ૧૬) | પ્રતીક પ્રવીણભાઈ શાહ, ૨૨-૧૧-૧૯૮૧, ૫'-૬''<br>FYJC – સર્વિસ | વિજાપુર ૨૭ વી. શ્રી. જૈન<br>લોદરા – અંધેરી | (ઘર) ૨૬૮૩૫૩૮૬<br>(મો) ૯૩૨૩૩૨૫૩૧૨ |
| ૧૭) | પ્રણવ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) (૮૨૯૧૩૮૩૯૪૯) | વી. ઓ. શ્રી. મૂ. પૂ. દે. જૈન<br>પાલનપુર – બોરીવલી (વે) | (મો) ૮૮૨૮૧૨૧૧૬૯<br>૯૩૨૦૮૭૪૯૧૧ |
| ૧૮) | જિમિત જનકકુમાર મહેતા, ૧૫-૯-૧૯૮૬, ૫'-૫''<br>B.E.Comp. Eng., M.S.Comp. Sci., – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>રાજકોટ – અમદાવાદ | (ઘર) ૦૭૯-૨૬૭૬૯૧૪૬<br>(મો) ૯૯૨૪૫૦૬૬૩૩ |
| ૧૯) | નીરવ રાજેશભાઈ પારેખ, ૬-૫-૧૯૮૫, ૫'-૧૦''<br>MBA Finance – સર્વિસ (૯૮૨૦૯૪૩૨૩૦) | દેરાવાસી જૈન<br>મોરબી – કાંદિવલી | (ઘર) ૨૮૬૧૬૮૦૬<br>(મો) ૯૮૬૯૩૬૯૮૦૩ |
| ૨૦) | સંદીપ મુલચંદભાઈ કામદાર, ૬-૧૨-૧૯૭૮, ૫'-૮''<br>Dip. in Business Administration – સર્વિસ | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>જેતપુર – મીરા રોડ | (ઘર) ૦૨૯-૨૩૦૮૦૦૩૯<br>(મો) ૯૮૨૦૮૫૭૭૭૫ |
| ૨૧) | પ્રતીક કિરીટભાઈ શાહ, ૪-૬-૧૯૭૯, ૫'-૯''<br>H.S.C., – બિઝનેસ (મો.: ૯૮૨૦૫૩૭૨૭૨) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>જામનગર – ચર્ની રોડ | (ઘર) ૨૩૮૮૫૭૪૧<br>(મો) ૯૮૩૩૪૨૩૩૩૭ |
| ૨૨) | વિશાલ ધર્મેન્દ્રભાઈ દોશી, ૨૧-૧-૧૯૮૬, ૫'-૬''<br>B.Com., – સર્વિસ (હળવો મંગળ છે) | શ્વેતાંબર મૂ. પૂ. જૈન<br>સાણંદ – મીરા રોડ | (મો) ૯૨૨૧૨૬૬૬૩૫<br>(ઑ) ૨૮૧૩૩૫૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૩) | વિરેન પ્રફુલ્લભાઈ શાહ, ૨૦-૮-૧૯૮૪, ૫'-૧૦''<br>B.Com., L.L.B. – સર્વિસ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>ઈલોલ – હિંમતનગર | (મો) ૯૭૨૫૮૬૮૮૩૯<br>૯૭૨૬૦૯૧૫૧૭ |
| ૨૪) | શેખર પ્રફુલ્લભાઈ શાહ, ૧૯-૭-૧૯૮૬, ૫'-૭''<br>B.A., L.L.B. Running, – સર્વિસ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>ઈલોલ – હિંમતનગર | (મો) ૯૭૨૫૮૬૮૮૩૯<br>૯૯૭૪૬૦૫૯૮૯ |
| ૨૫) | વિશાલ બિપીનચંદ ઝવેરી, ૮-૧૨-૧૯૭૩, ૫'-૬''<br>S.S.C., – ડાયમંડ એસોર્ટર-શૅરબજાર (હળવો મંગળ + શનિ) | સુરત વીસા ઓસ. મૂ. પૂ. જૈન<br>સુરત – અંધેરી | (મો) ૯૭૬૯૦૫૮૭૧૫<br>૯૯૨૦૬૯૩૩૮૮ |
| ૨૬) | સંદીપ બિપીનચંદ્ર વોરા, ૧૮-૧૦-૧૯૭૮, ૫'-૧૦''<br>Management (I.T.) IBM Certified – સર્વિસ | દશા શ્રીમાળી દેરા. જૈન<br>માંગરોળ – સાંતાક્રુઝ | (મો) ૯૬૯૬૫૪૪૮૩<br>૯૭૬૯૦૮૯૦૩૫ |
| ૨૭) | સાગર ગિરીશભાઈ શાહ, ૨૩-૧-૧૯૮૫, ૫'-૯''<br>MBA, CFA, ICFAI – સર્વિસ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>પાટણ – અંધેરી | (ઘર) ૨૮૨૦૧૪૦૦<br>(મો) ૯૮૨૧૪૪૩૩૪૭ |
| ૨૮) | વિશાલ અરવિંદભાઈ મહેતા, ૨૮-૧-૧૯૮૮, ૫'-૧૦''<br>B.Com., Dip. in IT – સર્વિસ (૯૬૧૯૯૪૮૨૮૦) | દશા શ્રીમાળી દેરા. જૈન<br>પાલિતાણા – મુલુંડ | (મો) ૯૮૨૧૧૪૨૬૯૩<br>૯૮૯૨૪૧૧૧૮૫ |
| ૨૯) | ડૉ. મિતુલ મુકેશભાઈ શાહ, ૨૪-૮-૧૯૮૭, ૫'-૭''<br>MBBS, M.S. (Continue), – સર્વિસ | વીસા પોરવાડ<br>વિજાપુર – અમદાવાદ | —<br>(મો) ૯૪૨૭૬૯૫૪૦૮ |
| ૩૦) | આલોક કીર્તિભાઈ શાહ, ૨૦-૯-૧૯૮૫, ૫'-૫''<br>B.Com., M.I.B. (Australia ) – બિઝનેસ | વીસા શ્રીમાળી ઘોઘારી જૈન<br>સાણોદર – ઘાટકોપર | (ઑ) ૨૫૦૬૫૮૮૭<br>(મો) ૯૨૨૪૨૯૩૫૧૫ |
| ૩૧) | મિતુલ ભુપતરાય ઠોસાણી ૧૬-૧-૧૯૭૯, ૫'-૮''<br>B.E. Mechanical – સર્વિસ (શનિ છે) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>સાવરકુંડલા – મલાડ | (ઘર) ૨૮૮૩૦૮૨૭<br>(મો) ૯૮૧૯૭૦૭૪૯૪ |
| ૩૨) | હેમંત યશવંતરાય શેઠ, ૨૨-૫-૧૯૬૯, ૫'-૫''<br>B.Com., – બિઝનેસ (Divorcee - No Child) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોટી પાનેલી – મલાડ | (ઘર) ૨૮૦૭૯૩૭૧<br>(ઑ) ૨૨૬૯૧૭૭૧ |
| ૩૩) | વિશાલ હસુભાઈ શાહ, ૨૧-૯-૧૯૭૮, ૫'-૬''<br>B.Com., – બિઝનેસ | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>બોટાદ – બોરીવલી | —<br>(મો) ૯૮૬૯૫૨૯૮૦૦ |
| ૩૪) | વીરેન પ્રવીણચંદ્ર શાહ (દોઢીવાળા), ૧૫-૬-૧૯૭૭, ૫'-૬''<br>B.Com., PGDCA, MCSD, – સર્વિસ (મો) ૯૮૨૧૬૭૯૫૦૮ | ઝાલા. દશા શ્રી. સ્થા. જૈન<br>થાનગઢ – બોરીવલી | (ઘર) ૨૮૯૮૫૫૬૮<br>(મો) ૯૮૭૦૦૭૯૬૦૮ |
| ૩૫) | પરાગ હર્ષદરાય દફ્તરી, ૫-૫-૧૯૭૫, ૫'-૭''<br>B.Sc., – બિઝનેસ (મો.: ૯૯૮૭૦૭૨૯૩૦/૯૮૭૦૦૭૯૬૦૮) | દશા શ્રીમાળી સ્થા. જૈન<br>મોરબી – ડૉંબિવલી | (ઘર) ૦૨૫૧-૩૨૩૨૫૫૩<br>(મો) ૯૮૨૦૨૧૦૧૧૬ |
| ૩૬) | ચેતન હસુભાઈ શાહ, ૨૯-૭-૧૯૭૫, ૫'-૬''<br>B.Com., – બિઝનેસ (છૂટાછેડા લીધેલા છે) | વીસા શ્રીમાળી દેરા. જૈન<br>બોટાદ – બોરીવલી | —<br>(મો) ૯૮૧૯૬૫૭૦૪૯ |
| ૩૭) | પ્રણવ નરેશભાઈ શાહ, ૧૧-૪-૧૯૭૯, ૫'-૭''<br>B.Com., – સર્વિસ (છૂટાછેડા લીધેલ છે) | વી.ઓ.શ્રી.મૂ.પૂ.દેરા. જૈન<br>પાલનપુર – બોરીવલી | (મો) ૯૩૨૦૮૭૪૯૧૧<br>૮૮૨૮૧૨૧૧૬૯ |
| ૩૮) | નૈનેશ જશવંતલાલ શાહ, ૨૬-૧-૧૯૬૮, ૫'-૮''<br>B.Com., – બિઝનેસ (મંગળ છે) | દેરાવાસી જૈન<br>આગલોડ – બોરીવલી | (ઘર) ૨૮૯૩૭૧૯૨<br>(મો) ૯૮૨૧૫૬૪૯૯૬ |

Rajshree
**CLOVER**

*Presenting a benchmark for quality of life*



**1 / 2 / 3 BHK FLATS**

Site : Bldg. No 110, Tilak Nagar, Chembur (East), Mumbai - 400 089.

**Ongoing Projects**



Rajshree Amber MALAD (E)

**1 / 2 BHK FLATS**



Rajshree
Status GHATKOPAR

**4 BHK FLATS**



Rajshree
DAISY CHEMBUR

**2 / 3 BHK FLATS**

Developer :

RAJSHREE
BUILDERS
Building A Future Into Every Home

Marketing Consultants :

**Manish D. Vora**

9820144859 / 9324339343

Patrika Chenal Stg. Office, Mumbai-1 to be Published on 23rd & 24th & Posted on 23-24/11/2012
Price Rs.5-00 JAGRUTI SANDESH RNI No. 66215/96 Regd. No. MH/MR North East/03/2010-2012

senso
*Vegetarian Shoes*



FULL ON FASHION
FREE OF ANIMALS

NOW OPEN IN MULUND & ANDHERI

Step into Senso: India's first and only vegetarian footwear.

**Store Location:** Shop No.1, Moti Nagar, LBS Marg, Mulund West, Mumbai - 400080, Maharashtra, India.
Tel:022 - 25611995 / 7 / 8 Fax:022 - 25611996
**Landmark:** Next to Nirmal Lifestyle Shopping Mall
**Also Available At:** Kamdhenu Department Stores Pvt. Ltd., 4 Bunglow, Andheri West, Tel:022 - 26333333.

**Email: inquiries@sensoveg.com, www.sensoveg.com**

Hon.Editor: Ramesh Sanghavi, Publisher : Jain Jagruti Centre Central Board, 201, Matharu Arcade, Subhash Road, Vile Parle (E), Mumbai-400 057. Ph : 66973038. Printed at Nitin Badani, Arihant Printing Press, Ghatkopar (E), Mumbai-75. Mobile : 9223430415